રિયલ એસ્ટેટ ઉદ્યોગનો અવાજ

યુગેન રિયલ્ટી

ફાઉન્ડર, પ્રકાશક અને પ્રમુખ તંત્રી - મનીષ તોમર

RNI : APPLIED

વર્ષ - 02 | અંક - 08 | સળંગ અંક - 20 | સપ્ટેમ્બર 2025 ☎ +91 878 008 9449 ✉ yugenrealty@gmail.com 🌐 www.yugenrealty.com

Voice of the Real Estate Industry

YUGEN Realty MEDIA PLATFORMS

Newspaper - Digital Media - Trade Events

Coffee Table Book

Scan For More Details

Coffee Table Book Featuring
The Icons of Architecture & Interior
Design in Surat & South Gujarat

Secure Your Feature | Ad Space
Event Sponsorship Today!

BEST PLATFORM TO PROMOTE REAL ESTATE PROJECTS - PRODUCTS - SERVICES

Advertise - PR
Launch Events

યુગેન રિયલ્ટી
મન્થલી ન્યૂઝપેપર

YUGEN Realty
DIGITAL MONTHLY NEWSPAPER

Realty News Web Portal
yugenrealty.com

Digital Mediums
@yugenrealty

MITSUBISHI ELECTRIC INDIA PVT. LTD.

Customer Care Toll Free No.: **1800 102 2626** | Website: **www.MitsubishiElectric.in**

Branch Office: 401, 4th Floor, Royal Trade Centre, Opp. Star Bazar, Near Old Pal Jakat Naka, Adajan-Pal Road, Surat-395009. Phone: 0261-4003111

For more details, please contact: **For RAC & PAC: 93715 95655 & For VRF: 84600 67404**

Consumer Finance Available — BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES | IDFC FIRST Bank

EMI Option Available — pine labs PAY LATER

"For E-waste Collection & Disposal process: Customer can get complete details of company process on collection, disposal of e-waste product (i.e. 'Mitsubishi Electric' make Air Conditioner) and incentive / exchange scheme for returning of e-waste on **Company website (www.MitsubishiElectric.in)** or by calling on **Toll free number 1800 102 2626.**



Why Solaris Cure?

- Located in a bustling residential catchment
- Vastu-compliant design with elegant glass facade
- High-speed lifts, ample parking, and modern amenities
- Investment-worthy spaces with long-term RoI assurance

Solaris Cure

Is located on the fast-growing VIP Road, Surat's most strategic commercial hub – designed exclusively for the thriving medical, paramedical, pharmaceutical, and high-street retail ecosystem. From diagnostic labs to dental suites, from surgical stores to lifestyle retail – Solaris Cure is the perfect prescription for business growth.

IDEAL FOR

Specially Curated
Healthcare & Wellness Businesses

Multi-utility
Showrooms Clinics
Consulting Cabins

Ideal for **Specialty**
Clinics, Diagnostic Labs,
Dental Suites, Surgical Stores

Prime Location
and Visibility High Footfall
Future-ready Design

Own A Space Where Purpose Meets Profit.
Now Leasing & Selling. Limited Inventory.

CALL NOW
99749 78751

Site Address :
Solaris Cure Besides : Ratna Jyoti, Near Indian Oil Petrol Pump, VIP Road, Vesu, Surat - 395007.

FOLLOW US
@solarisgroup_surat

Corporate Office : 4th Floor, Solaris The Address, Besides Shreeji Tata Motors, Surat Dumas Road, Piplod, Surat - 395007. Gujarat
Phone : +91 99749 78751 | **Email :** enquiry@solarisgroup.in | **Web :** www.solarisgroup.in

RERA Reg. No. : PR/GJ/SURAT/SURAT CITY/Surat CITY/ Municipal Corporation/CA1771/030225/32

રિઅલ એસ્ટેટ ઉદ્યોગનો અવાજ

યુગેન રિઅલ્ટી

મન્થલી ન્યૂઝપેપર

ફાઉન્ડર, પ્રકાશક અને પ્રમુખ તંત્રી - મનીષ તોમર

RNI : APPLIED

વર્ષ - 02 । અંક - 08 । સળંગ અંક - 20 । સપ્ટેમ્બર 2025 ☎ +91 878 008 9449 ✉ yugenrealty@gmail.com 🌐 www.yugenrealty.com

CREDAI GLAM SURAT PROPERTY SHOW '26

JAN. 9-10-11

આતુરતાઓનો અંત

સુરત રિઅલ એસ્ટેટના ભવિષ્યનું પ્રદર્શન કરતો એક્સપો

પાનાં નં. 21 પર

હાઈલાઇટ્સ...

ધ ડિઝાઈનર્સ વર્લ્ડ
યુટોપિયા ડિઝાઇન્સ

ડિઝાઇન વેનગાર્ડ
આર્કિટેક્ટ હરેશ મહાદેવવાલા



તેજ ગ્રુપે 28 વર્ષની
ઉજવણી કરી

યંગ વિઝનરી
પ્રશાંત ભાટુ, MD – પ્રમુખ ગ્રુપ

સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગના પડકારો
હસમુખ ડી. પાંચાણી

ધ ડીલ મેકર
ચિરાગ જરીવાલા, ધ સુરત પ્રોપર્ટી

IIID સુરત ચેપ્ટરની નવી ટીમ
સોહેલ મન્સુર ફરી ચેરમેન

આંગન કોલાબોરેટિવને
વૈશ્વિક સન્માન

AN URBAN FORESTATION INITIATIVE SURAT વન 16

સુરત વન ફાઉન્ડેશન
દ્વારા ગ્રીન લેગેસીનું નિર્માણ

ફિટનેસ એક્સપર્ટ અનિતા સિંહ
જીમનું રિઅલ એસ્ટેટ મહત્વ

ક્રેડાઈ નેટકોન 2025
સિંગાપોર

GST દર પર અભિષેક તોડી,
પ્રેસિડેન્ટ, SGRA

ક્રેડાઈ ગુજરાત યુથ વિન્ગની નવી ટીમમાં
હર્નીશ પટેલ, વિપુલ માંગુકિયા અને પ્રતિક વાઘાણી

ફાયર એન્ડ સિક્યુરિટી એસોસિએશન
ઓફ ઈન્ડિયા FSAI - સુરત ચેપ્ટર

AMARDEEP AGGREGATES
CORE OF INFRASTRUCTURE

SWITCH TO M-SAND
DESIGNED BY ENGINEERS

www.amardeepaggregates.com
+91 70 30 40 1234 | Vansda Road, Chikhli.

Better Surfaces, Smarter Spaces

Expressive on-site finishes...FreeForm by VYARA delivers the complete surface solutions

Pebblewash Floors

MicroCement Walls

MicroCement Floors


Terrazzo Floors

FREEFORM® ARCHITECTURAL PREMIXES
BY VYARA
Cementitious & Epoxy Floors | Wall Finishes | Base Materials | Sealers

GreenPro Certified

Connect with us to explore how FreeForm can enhance your next project

Vyara Tiles Limited 903-904 Rajhans Montessa, Dumas Road, Surat 395007 Gujarat
9374001415 | 9327447469 | info@vyaratiles.in | www.freeformbyvyara.in

freeformbyvyara.in


PM GROUP
STRENGTH SIMPLIFIED
PATEL AGGREGATES
PM PAVERS
PM RMC
THE FOUNDATION OF EVERY STRONG BUILD
High-grade aggregates that form the backbone of sturdy, long-lasting structures
STRENGTH THAT LASTS UNDER EVERY STEP
Engineered to enhance strength while adding beauty to every project
MIXING QUALITY WITH RELIABILITY
Consistent quality, faster work, and reliable supply for your construction
810, Rajhans Montessa, Dumas Road, Magdalla Surat
+91 9727078922
enquiry@pmgroup.co

એડિટર્સ મેસેજ

પેશન, વિઝન, ઈનોવેશન અને સસ્ટેનેબિલિટી: રિઅલ એસ્ટેટના નવા યુગના આધારસ્તંભો

મનીષ તોમર
એડિટર-ઇન-ચીફ અને પ્રકાશક
યુગેન રિઅલ્ટી - માસિક અખબાર
+91 878 008 9449
manish@yugenrealty.com

> "યુગેન એટલે કે યોર ગેઇન - આપનો ફાયદો. તમને એવી માહિતી-એવું પ્લેટફોર્મ મળે જે તમને જાણકાર નિર્ણયો લેવા અને આગળ વધારવા માટે સશક્ત બનાવે."

રિઅલ એસ્ટેટ માત્ર બિલ્ડીંગ બનાવવનો વ્યવસાય નથી, પરંતુ હકીકતમાં તે આપણા અર્થતંત્ર, સમાજ અને સ્વપ્નોનો મજબૂત આધારસ્તંભ છે. આ અંકમાં અમે રાષ્ટ્રીય નીતિ પરિવર્તનો, પ્રાદેશિક ગતિશીલતા, ડિઝાઇન ક્ષેત્રમાં નવીનતા, ટેકનોલોજીકલ પ્રગતિ અને પ્રેરણાદાયક નેતૃત્વની સ્ટોરીઝ લાવી રહ્યા છીએ—જે સુરત, ગુજરાત અને ભારતના રિઅલ એસ્ટેટના સતત બદલાતા કથાનકને આકાર આપે છે.

રાષ્ટ્રીય વિઝન: વિકાસનું એન્જિન

તાજેતરમાં સિંગપો ખાતે યોજાયેલ ક્રેડાઈ નેટકોન 2025માં સ્પષ્ટ સંદેશ મળ્યો કે ભારતીય રિઅલ એસ્ટેટને હવે દેશના $30 ટ્રિલિયન અર્થતંત્રનો મજબૂત આધાર બનવું પડશે. ટકાઉ વિકાસ, સમાવેશી આયોજન અને વૈશ્વિક ભાગીદારી સાથે આ ઉદ્યોગ માત્ર ઘર નહીં, પરંતુ ભવિષ્ય ઊભું કરી શકે છે.

બાંધકામ સામગ્રી પર GST દરમાં ઘટાડો પણ ઉદ્યોગ માટે મહત્ત્વપૂર્ણ રાહત છે. ખર્ચ ઓછો થવાથી ડેવલપર્સના માર્જિન મજબૂત થશે અને ખરીદદારો માટે ઘરો વધુ પરવડે તેવા બનશે. ઘણા સમયથી ઉદ્યોગ વધતા ખર્ચ અને ખરીદદારોની અપેક્ષાઓ વચ્ચે સંતુલન સાધવાનો પ્રયાસ કરી રહ્યો છે—આ પગલું બંને માટે વિશ્વાસનું સંકેત છે.

પ્રાદેશિક ગતિશીલતા: ગુજરાત અને સુરતની પ્રગતિ

રાજ્ય સ્તરે ક્રેડાઈ ગુજરાતની નવી ટીમ ઉદ્યોગમાં નવી ઊર્જા અને દ્રષ્ટિ લાવી રહી છે. તેઓ અફોર્ડેબલ હોમ્સ, સ્માર્ટ સિટીઝ અને ઇકો-ફ્રેન્ડલી પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

ક્રેડાઈ સુરત ગ્લેમ પ્રોપર્ટી શો '26

શહેર સ્તરે, ક્રેડાઈ સુરત ત્રણ વર્ષના અંતરાલ પછી સુરત ગ્લેમ પ્રોપર્ટી શો '26નું આયોજન કરવા જઈ રહ્યું છે, જેની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. આ એક્સ્પો સુરતની રિઅલ એસ્ટેટ ઉદ્યોગની વધતી મહત્ત્વાકાંક્ષા અને તકોને લોકોને પહોંચાડવાનું શ્રેષ્ઠ માધ્યમ બનશે. ડેવલપર્સ, આર્કિટેક્ટ્સ, ખરીદદારો અને રોકાણકારોને એક છત નીચે લાવીને, આ શો રેસિડેન્શિઅલ, કોમર્શિઅલ અને ઇન્ડસ્ટ્રીઅલ સેગમેન્ટના પ્રોજેક્ટ્સ રજૂ કરશે. સાથે પેનલ ચર્ચાઓ, ડિઝાઇન ડિસ્પ્લે અને ઇનોવેશન દ્વારા નોલેજ શેરિંગ પણ થશે. સૌથી અગત્યનું, આ એક્સ્પો ખરીદદારો અને રોકાણકારોમાં વિશ્વાસ ઉભો કરે છે અને સુરતને સ્પર્ધાત્મક, રોકાણ માટે યોગ્ય, અને પ્રગતિશીલ બજાર તરીકે વધુ મજબુતીથી પ્રસ્થાપિત કરશે. આવનારા સમયમાં શહેરના વિકાસના દિશા નક્કી કરવામાં આ મંચ મહત્વપૂર્ણ સાબિત થશે.

ડિઝાઇનની દુનિયા

રિઅલ એસ્ટેટમાં ડિઝાઇન ક્ષેત્રનું મહત્વ અનેરું છે, આ અંકમાં યુટોપિયા ડિઝાઇન્સ (અપૂર્વ દેસાઈ, ઉર્વક્ષ ચિચગર અને વિપુલ નાકરાણી)ની બે દાયકાની રસપ્રદ સફર કવર કરવામાં આવી છે, જે પ્રામાણિકતા અને સમયાતીત મૂલ્યો પર આધારિત છે. સાથે જ, અનુભવી અર્કિટેક્ટ હરેશ મહાદેવવાલાની યુઝર-ફોકસ્ડ ડિઝાઇન અભિગમ સૌંદર્ય અને કાર્યક્ષમતાનું સંતુલન દર્શાવે છે, અને નવી IIID સુરત ટીમ સહયોગ અને નવીનતા તરફ શહેરના ડિઝાઇન કમ્યુનિટીને આગળ વધારી રહી છે.

સુરતનું ડિઝાઇન ટેલેન્ટ હવે વૈશ્વિક સ્તરે પણ ઝળકી રહ્યું છે—આંગન કોલાબોરેટિવના K's અંતર્વનને મનીલા ખાતે યોજાયેલા પ્રતિષ્ઠિત APSDA એવોર્ડ્સ 2025માં દ્વિ સન્માન મળ્યું છે. આ સિદ્ધિ સુરતના ડિઝાઇન સમુદાય માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે.

યુવા શક્તિ ઉદ્યોગના નવા દિશાસૂચક

આ અંકમાં યુવા ઉદ્યોગ સાહસિકોની સ્ટોરીઝ પણ કંડારવામાં આવી છે, યંગ વિઝનરી કોલમમાં પ્રશાંત ભાટુ (પ્રમુખ ગ્રુપ)ની સફર દર્શાવે છે કે નવી પેઢી મહત્ત્વાકાંક્ષા અને જવાબદારીને એકસાથે જોડે છે. ધ ડીલ મેકર્સ કોલમમાં ચિરાગ જરીવાલા ચેનલ પાર્ટનર્સની વિશ્વાસ અને વિકાસમાં મહત્વની ભૂમિકા બતાવે છે. તેમજ હસમુખ પાંચાણી, અગ્રણી સ્ટ્રક્ચરલ ડિઝાઇનર, પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠતા અને નેતૃત્વનું પ્રતિનિધિત્વ કરે છે.

ટેકનોલોજી, કાયદો અને સલામતી: નવી આવશ્યકતાઓ

સુરતની ઝડપી વૃદ્ધિ સાથે ટેકનોલોજી અપનાવવી હવે ફરજિયાત છે. કન્સ્ટ્રક્શન ટેક્નોલોજીમાં એક્સપર્ટ રિંકુંજ મોરડીયા BIM, લેસર માપણી અને AI ટૂલ્સ ચોકસાઈ અને પારદર્શિતા પર પ્રકાશ પડે છે. સાથે પ્રમુખ ટેસ્ટિંગના જિયોટેકનિકલ ઈનોવેશન બતાવે છે કે સુરક્ષિત ફાઉન્ડેશન અને ગુણવત્તાયુક્ત સામગ્રી આજના વિકાસની ખરેખર કેડી છે.

પરંતુ ટેકનોલોજી સલામતી વગર અધૂરી છે. FSAI સુરત ચેપ્ટર અને ફાયર સેફ્ટી પરનું ફીચર યાદ અપાવે છે કે સલામતી માત્ર કાનૂની ફોર્માલિટી નહીં, પરંતુ જીવન સુરક્ષા છે. સાથે જ મેઘાણી એન્ડ એસોસિએટ્સના કાનૂની ઈન્સાઇટ્સ પ્રોપર્ટી વ્યવહારોમાં પારદર્શિતા અને ન્યાયિકતા સુનિશ્ચિત કરે છે.

સસ્ટેનેબિલિટી અને જવાબદારી

આજે રિઅલ એસ્ટેટમાં સસ્ટેનેબિલિટી કેન્દ્રસ્થાને છે. IGBC ગ્રીન બિલ્ડિંગ કોન્ગ્રેસ 2025એ ગ્રીન ટેકનોલોજી અને અર્બન જવાબદારી પર ભાર મૂક્યો. IGBC રાજકોટ ચેપ્ટરના પ્રારંભ સાથે નાના શહેરો પણ ગ્રીન એજન્ડાને સ્વીકારી રહ્યા છે.

સ્થાનિક સ્તરે, સુરત વન ફાઉન્ડેશન ડમ્પિંગ ગ્રાઉન્ડને જંગલોમાં ફેરવીને શહેરને હરિયાળો વારસો આપી રહ્યું છે. સાથે, SHABMMAનું રક્તદાન શિબિર દર્શાવે છે કે ઉદ્યોગ સંસ્થાઓ સામાજિક જવાબદારીમાં પણ મહત્વનું યોગદાન આપી શકે છે.

કલર ઈન્ડસ્ટ્રીનો વિકાસ

ભારતનો કલર/પેઇન્ટ ઉદ્યોગ ઝડપી ગતિએ વધી રહ્યો છે. બર્જર પેઇન્ટ્સએ 2030 સુધીમાં ₹20,000 કરોડના ટર્નઓવરના લક્ષ્ય સાથે આગવું ધ્યેય નક્કી કર્યું છે. JSW પેઇન્ટ્સ, એકઝો નોબેલ ઈન્ડિયામાં મોટો હિસ્સો મેળવીને, સ્પર્ધાને વધુ તીવ્ર બનાવી રહ્યું છે. બીજી તરફ, બિરલા ઓપસ પેઇન્ટ્સએ ભારતનું પ્રથમ પેઇન્ટ એશ્યોરન્સ રજૂ કર્યું છે—એક વર્ષની રિપેઇન્ટિંગ ગેરંટી સાથે, જે ગ્રાહક વિશ્વાસને નવું પરિમાણ આપે છે.

આ ત્રણેય વાર્તાઓ દર્શાવે છે કે રંગ હવે માત્ર દિવાલો માટે નહીં—પણ મહત્ત્વાકાંક્ષા, સ્પર્ધા અને વિશ્વસનીયતાનું પ્રતિક છે.

આ સાથે લાઈફસ્ટાઈલની માંગ પણ બદલાઈ રહી છે. અનિતા સિંહના વિચારો દર્શાવે છે કે જીમ અને ફિટનેસ સુવિધાઓ હવે લક્ઝરી નહીં, પરંતુ પ્રોજેક્ટના મૂલ્ય, ઓક્યુપન્સી અને લાઈફસ્ટાઈલ અનુભવ માટે અનિવાર્ય બની છે.

ગૌરવપૂર્ણ સિદ્ધિઓ

આ અંકમાં અમે તેજ ઈન્ફ્રાની 28 વર્ષની સફરનું સન્માન કરી રહ્યા છીએ, જે ડૉ. જિગ્નેશ પટેલના વિઝન અને નેતૃત્વથી શક્ય બની. સાથે જ, અદાણી સિમેન્ટે ઉમિયા ધામ ખાતે દુનિયાની સૌથી મોટી રાફ્ટ ફાઉન્ડેશન બનાવીને વિશ્વ રેકોર્ડ રચ્યો છે. આ સિદ્ધિ ઈજનેરી, વિશ્વાસ અને નવીનતાનો અનોખો સમન્વય છે.

ભારતીય રિઅલ એસ્ટેટ મહત્વપૂર્ણ વળાંક પર છે. રાષ્ટ્રીય નીતિઓ, પ્રાદેશિક પહેલો અને વ્યક્તિગત નેતૃત્વ અફોર્ડેબિલિટી, સસ્ટેનેબિલિટી અને પ્રોફેશનલિઝમ તરફ આગળ વધી રહ્યા છે. છતાં અયોજિત વિકાસ, પર્યાવરણ દબાણ અને અમલીકરણના પડકારો યથાવત છે.

આ અંકની સ્ટોરીઝ બતાવે છે કે સાચી પ્રગતિ અલગ-અલગ પ્રયત્નોથી નહીં, પરંતુ સંકલિત જવાબદારીથી આવશે. ડેવલપર્સ, આર્કિટેક્ટ્સ, બ્રોકર્સ, નીતિ નિર્માતાઓ, ફાઈનાન્સર્સ અને ખરીદદારો—બધાએ મળીને માત્ર પ્રોજેક્ટ નહીં, પરંતુ પેઢીઓ માટે વારસો ઊભો કરવો છે.

ચાલો, આગળ વધીએ આ વિશ્વાસ સાથે કે રિઅલ એસ્ટેટ માત્ર વ્યવસાય નથી—તે ભવિષ્યને ગઢવાનો એક મિશન છે.

રિઅલ એસ્ટેટ ઉદ્યોગનો અવાજ
યુગેન રિઅલ્ટી
મન્થલી ન્યૂઝપેપર
વર્ષ - 02 | અંક - 08 | સળંગ અંક - 20 | સપ્ટેમ્બર 2025
RNI : APPLIED
મનીષ તોમર (પ્રમુખ તંત્રી, સીઈઓ અને પ્રકાશક)
મીનેશ જૈન (મેનેજિંગ પાર્ટનર)

યુગેન ઇન્ફોમીડિયા દ્વારા પ્રકાશિત યુગેન રિઅલ્ટી માસિક ન્યૂઝપેપરમાં જાહેરાતકર્તાઓ દ્વારા પ્રોડક્ટ્સ અને સર્વિસીસ બાબતે કરવામાં આવેલા કોઈપણ દાવા માટે સમર્થન આપતું નથી. જાહેરાતકર્તાઓ દ્વારા આવા દાવાઓનું સન્માન કરવામાં ન આવે તેવી સ્થિતિમાં પ્રિન્ટર, પ્રકાશક કે પ્રમુખ તંત્રી કોઈપણ પરિણામ માટે જવાબદાર રહેશે નહીં. જાહેરાતની પ્રોડક્ટ્સ કે અન્ય વિગતો અંગે વાચકે પોતાની સૂઝબૂઝ પ્રમાણે કામ લેવું. મનીષ તોમર દ્વારા મુદ્રિત અને પ્રકાશિત. સમાચાર પસંદગી માટે PRB. એક્ટ હેઠળ જવાબદાર. યુગેન ઇન્ફોમીડિયા દ્વારા પ્રકાશિત આ પ્રકાશન કે આયોજિત થતી અન્ય પ્રવૃત્તિઓને લગતા કાનૂની વિવાદ માટે ન્યાયાલય ક્ષેત્ર સુરત રહેશે.

યુગેન ઇન્ફોમીડિયા
132, નિશાલ આર્કેડ, નિશાલ સર્કલ પાલ, અડાજણ, સુરત (ગુજ.)
+91 261 31 23 189 / +91 87800 89449
www.yugenrealty.com yugenrealty@gmail.com

સેલ્સ & માર્કેટીંગ માટે સંપર્ક :
PR & માર્કેટીંગ મેનેજર
હિના સોનવણે : +91 78740 76058
માર્કેટીંગ મેનેજર
રવિ સરવૈયા : +91 97124 33259
ભરત લાખાણી : +91 93776 68842
સેલ્સ એક્ઝિક્યુટીવ
વિનય પાટડિયા : +91 88661 65664
એડમીન : હિરેન કંટારીયા
IT, ડિઝાઇન & વેબ : ઉમેશ તોમર

લવાજમ
1 વર્ષ - 12 અંક | ₹. 1,200
2 વર્ષ - 24 અંક | ₹. 2,200
3 વર્ષ - 36 અંક | ₹. 3,200
કોન્ટેક્ટ :
+91 87800 89949
Follow us on @yugenrealty

શ્રી હરિ પ્લમ્બીંગ કોન્ટ્રાક્ટર
S.M.C માન્ય લાયસન્સ પ્લમ્બર

સુરત મ્યુનિસિપાલિટી સુવિધાઓ
પાણી અને ડ્રેનેજ (ગટર)
- સુરતના તમામ ઝોન વિસ્તારમાં પાણી / ગટરના નવા જોડાણ કનેક્શન
- બાંધકામના તમામ નવા પ્રોજેક્ટ માટે ટેમ્પરરી ગટર જોડાણ મંજુર કરી આપીશું.
- ટેમ્પરરી ગટર જોડાણને પરમેનેન્ટ, કાયમી, રેગ્યુલર કરી આપીશું.
- જો આપનું પાણી અને ગટર જોડાણ ચાલુ/હયાત હોય તો તેને કાયદેસર કરીશું.

ખુલ્લા પ્લોટના પ્રોજેક્ટમાં SMC માન્ય DI પાણીના પાઈપ તેમજ ગટર નેટવર્ક કામ કરી આપીશું.

તમામ રેસીડેન્ટ સોસાયટીઓમાં, એપાર્ટમેન્ટ, કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, ઈન્ડસ્ટ્રીઅલ, સ્કુલ, મોલ, હોસ્પિટલ, રેસ્ટોરન્ટ, ફાર્મ - પાર્ટીપ્લોટ, પતરાના શેડ, કેમ્પસ, માટે પાણી/ગટરના નવા જોડાણ માટે મળો.

Suresh Virani
+91 98797 55141
+91 99250 62079

S.M.C માન્ય લાયસન્સ ધરાવનાર વોટર & ડ્રેનેજ પ્લમ્બર કોન્ટ્રાક્ટર

M. G. CONSTRUCTION

Mansing (Civil Engg.) : 99047 57548 | 98251 53821 - Dipak : 98254 53821

Voice of the Real Estate Industry
YUGEN Realty MEDIA PLATFORMS
Newspaper - Digital Media - Trade Events
Coffee Table Edition

An Exclusive Coffee Table Book Honoring Creativity, Innovation and Impact. The Names Who Matter & What Matters to Them.

Calling Visionary Architects & Interior Designers & Design Firms!

BE FEATURED IN
CELEBRATING EXCELLENCE IN DESIGN 2025-26
Coffee Table Book Featuring The Icons of Architecture & Interior Design in Surat & South Gujarat

Be Featured

Showcase Your Projects & Journey

Launching at a High-Profile Gala Event – Nov/Dec 2025

Connect With your TA Developers & Clients | Lifetime Recognition In A Premium Edition | Loads of Print, Digital & Event Exposure Benefits

Event Highlights

Keynote | Panel Talks | Networking | Entertainment

360 Degree Visibility, Marketing, Branding and PR in National Digital Media

WHO CAN PARTICIPATE

- Architects & Interior Designers | Design Firms & Landscape
- Architects Furniture, Lifestyle & Décor Brands, PMCs
- MEP, Electrical, HVAC, Acoustics | Ceramics & Bathware
- Modular Kitchens, Hardware | Lighting, Surfaces, Glass, Paints
- Elevators, Smart Home Systems
- Green Building Consultants - Products etc.

DON'T MISS OUT

Many Architects & Interior Designers have already booked their space.

Scan For Details

Secure Your Feature | Ad | Event Sponsorship Today - Limited Edition!

Contact for Booking +91 99133 77177 | 787 008 9449

IIID સુરત રીજનલ ચેપ્ટરની નવી મેનેજિંગ કમિટી જાહેર

ચેરમેન સોહેલ મન્સુરની આગેવાની હેઠળ, નવી IIID સુરત ટીમ ડિઝાઇન કોમ્યુનિટીને નવી ઊંચાઈઓએ લઈ જવા તૈયાર છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયન ઇન્ટિરિઅર ડિઝાઈનર્સ (IIID), જેની સ્થાપના 1972માં થઈ હતી, ભારતની અગ્રણી વ્યાવસાયિક સંસ્થા છે જે ઇન્ટિરિઅર ડિઝાઈનરોને પ્રતિનિધિત્વ આપે છે. તેનો મુખ્ય ઉદ્દેશ ડિઝાઈન એક્સેલન્સને પ્રોત્સાહન આપવો, જ્ઞાન વહેંચણી કરવી અને સહકાર વધારવો છે. IIID સુરત રીજનલ ચેપ્ટર (SRC), જે 1999માં સ્થાપિત થયું હતું, છેલ્લા 16 વર્ષથી વ્યાવસાયિક વૃદ્ધિ પ્રોત્સાહિત કરવા અને વિવિધ પહેલો દ્વારા ડિઝાઈન ઈકોસિસ્ટમને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

તાજેતરમાં IIID સુરતની નવી મેનેજિંગ કમિટીની સત્તાવાર રીતે પસંદગી કરવામાં આવી છે.

નવી કમિટીએ ડિઝાઈન કોમ્યુનિટીમાં પ્રોફેશનલિઝમ, પારદર્શકતા અને સહકાર વધારવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે. આ અવસર પર **ચેરમેન સોહેલ મન્સુર**એ કહ્યું :

"અમારું ધ્યાન સુરતમાં ડિઝાઈનર્સ માટે એક મજબૂત, પ્રેરણાદાયી અને સહકારસભર પ્લેટફોર્મ ઊભું કરવાનો રહેશે. મળીને, અમે અમારા વ્યવસાયની ઓળખ મજબૂત કરીશું અને વિકાસના નવા માર્ગો ખોલીશું."

સુરતના ડિઝાઈન ઈકોસિસ્ટમની એક અનોખી વિશેષતા એ છે કે IIID સુરત રીજનલ ચેપ્ટર અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયન આર્કિટેક્ટ્સ (IIA) સુરત ચેપ્ટર વચ્ચેનું સંયુક્ત સહકાર — જે સમગ્ર ભારતમાં એકમાત્ર એવો પ્રયાસ છે. હાલમાં વિજયભાઈ ચૌહાણ ચેરમેન તરીકે સેવા આપી રહ્યા છે, અને આ સિનર્જી આર્કિટેક્ચર અને ઇન્ટિરિઅર ડિઝાઈન ક્ષેત્રોમાં નવી દિશાઓ અને સંભાવનાઓ સર્જી રહી છે.

IIID એસઆરસી અને IIA સુરત ચેપ્ટર પોતાની ફ્લેગશિપ પહેલ તરીકે દર બે વર્ષે 'ઇન્ફિનિટી એક્ઝિબિશન'નું સંયુક્ત આયોજન કરે છે, જે સમગ્ર ડિઝાઈન કોમ્યુનિટી અને સંબંધિત ઉદ્યોગોને એક જ મંચ પર લાવે છે. તે સિવાય, નિયમિત જ્ઞાન-વહેંચણી સત્રો અને ક્રિકેટ ટુર્નામેન્ટ જેવા કોમ્યુનિટી - નિર્માણ કાર્યક્રમો સુરતમાં જીવંત, ઉત્સાહી અને પ્રગતિશીલ ડિઝાઈન સંસ્કૃતિનું નિર્માણ કરે છે.

નવી ઊર્જાસભર કમિટીની આગેવાનીમાં, IIID સુરત ઇન્ટિરિઅર ડિઝાઈન ક્ષેત્રમાં એક્સેલન્સ, સહકાર અને ઈનોવેશનને આગળ વધારવા માટે પોતાના મિશનને સતત આગળ ધપાવશે.

IIID સુરતની નવી મેનેજિંગ કમિટી

ચેરમેન : સોહેલ મન્સુર

ચેરપર્સન ઇલેક્ટ એન્ડ સેક્રેટરી : વૈશાલી ચૌહાણ

વાઈસ ચેરમેન : ક્ષિતિજ દેસાઈ

જોઇન્ટ સેક્રેટરી : આશિષ પટેલ

ટ્રેઝરર : માર્ગેશ વાંકાવાળા

કમિટી મેમ્બર્સ : વિપુલ નાકરાણી, રાકેશ કાબરિયા, કૌશલ લેહરી અને શૈલેશ દેસાઈ

WE HAVE EXPANDED, AND MOVED TO A BIGGER SPACE.
Style your home with our latest collection of Luxury Outdoor Furniture
OUTDOOR LIVING, AMPLIFIED WITH LAZE

@LAZELIFESTYLE_SURAT
+91 80000 - 54551
53/54 DWARKESH INDUSTRIAL CO-OP SOC. LTD. OPP. PACHIGAR COLLAGE LANE, NR. NAVJIVAN CIRCLE, UDHNA-MAGDALLA ROAD, SURAT-395007

સર્જનાત્મકતા, નવીનતા, પ્રામાણિકતા અને સંબંધોનો સંગમ

યુટોપિયા ડિઝાઇન્સ

આર્કિટેક્ટ અપુર્વ દેસાઈ અને ઇન્ટીરિઅર ડિઝાઇનર્સ ઉર્વખ્શ ચિચગર અને વિપુલ નાકરાણીની બે દાયકાની રસપ્રદ સફર

યુગેન રિઅલ્ટી, સુરત.

આ અંકમાં 'ડિઝાઇનર્સ વર્લ્ડ' કૉલમમાં અમે પ્રકાશિત કરીએ છીએ યુટોપિયા ડિઝાઇન્સને – આર્કિટેક્ટ અપુર્વ દેસાઈ અને ઇન્ટીરિઅર ડિઝાઇનર્સ ઉર્વક્સ ચિચગર તથા વિપુલ નાકરાણી દ્વારા સંચાલિત વિઝનરી પ્રેક્ટિસ. બે દાયકાથી વધુના પ્રવાસમાં યુટોપિયાએ સુરતના આઇકૉનિક રેઈસડેન્શિઅલ, કોમર્શિઅલ અને કૉર્પોરેટ સ્પેસિસને આકાર આપ્યો છે. સમયાતીત ડિઝાઇન ફિલસૂફી, નૈતિક મૂલ્યો અને આર્કિટેક્ચર તથા ઇન્ટીરિઅર્સની ફ્યુઝન માટે ઓળખાતી આ ત્રિપુટી આજે પણ સર્જનાત્મકતા અને કાર્યક્ષમતાને ફરી રી-ડિફાઇન કરી રહ્યું છે, જે શહેરની ડિઝાઇન દુનિયામાં સ્પષ્ટ છાપ મૂકી રહ્યું છે.


સંગીની હાઉસ, વેસુ, સુરત


અવધ રીવર સાઇડ, વાપી

શુભ લક્ષ્મી, સુરત

અવધ પાલોમા પ્રાઇડ , સુરત

એક સહિયારા સ્વપ્નની શરૂઆત

બે દાયકાં પહેલા, ત્રણ સર્જનાત્મક માનસ – આર્કિટેક્ટ અપુર્વ દેસાઈ અને ઇન્ટીરિઅર ડિઝાઇનર્સ ઉર્વખ્શ ચિચગર તથા વિપુલ નાકરાણીએ મળીને શરૂ કર્યું યુટોપિયા ડિઝાઇન્સ, જે આજે સુરતની સૌથી પ્રતિષ્ઠિત ડિઝાઇન પ્રેક્ટિસમાંની એક છે. નાનાં સહકારથી શરૂ થયેલો સફર 2005માં એક સ્વપ્નરૂપે સ્થિર થયો, સ્પેસિસને ફંક્શનલ, અર્થસભર અને ટાઈમલેસ બનાવવાના વિઝન સાથે. ઓરીજીનાલીટી, નૈતિકતા અને વિગતો પર ભાર રાખતાં તેમનો પ્રથમ પ્રોજેક્ટ – ડેવલપર ધર્મેશ બલરનું રેસિડેન્સ – લાંબા ગાળાની ક્લાયન્ટ રિલેશનશિપ અને ટાઈમલેસ, સહકાર અને ઈમાનદારી આધારિત ફિલસૂફી માટેનો ધોરણ બની ગયું.

ટાઈમલેસનેસ આધારિત ફિલસૂફી

યુટોપિયા ડિઝાઇન્સના હ્રદયમાં છે ટાઈમલેસનેસ (સમયાતીતતા) – એક એવી પ્રતિબધ્ધતા કે જેમાં ટ્રેન્ડના વહેણમાં વહી જવાના બદલે ઓરીજીનાલીટી અને લાંબા ગાળાની ડિઝાઇન મૂલ્યો જાળવાય. જાપાની સિધ્ધાંત કાઇઝેન – સતત સુધારાના – પ્રેરણાથી તેઓ દરેક પ્રોજેક્ટને ધીરજ અને ચોકસાઇથી પૉલિશ કરે છે.

"ફંક્શનાલીટી અમારું ફાઉન્ડેશન છે. અમે શિલ્પ નથી બનાવી રહ્યાં, અમે એવા સ્પેસિસ બનાવીએ છીએ જ્યાં લોકો જીવી શકે અને કામ કરી શકે. ફોર્મ ફોલોઝ ફંક્શન, અને એસ્થેટિક્સ એ જ સત્યમાંથી ઉદ્દભવે છે," અપુર્વ દેસાઈ કહે છે.

ક્લાયન્ટ હંમેશાં કેન્દ્રમાં રહે છે. સાંભળવાની કળાને સર્વોત્તમ સાધન બનાવીને, આદર અને ઈમાનદારીથી, યુટોપિયાએ વિશ્વાસ ઊભો કર્યો છે. નેચરલ લાઈટ, એર ફ્લો અને ઇકો-ફ્રેન્ડલી મટિરિઅલ્સ સાથે ટકાઉપણું તેમના મૂલ્યોને વધુ મજબૂત બનાવે છે. સંગિની હાઉસ તેનું ઉત્તમ ઉદાહરણ છે, જ્યાં વારસાને માન આપીને સસ્ટેઇનેબલ ડિઝાઇન આગળ વધારવામાં આવી છે.

નૈતિકતા દ્વારા વિશ્વાસનું નિર્માણ

ડેડલાઇન અને બજેટના દબાણવાળી ઇન્ડસ્ટ્રીમાં યુટોપિયા ડિઝાઇન્સ નૈતિકતાને મજબૂતપણે પકડી રાખે છે. એક્ઝિક્યુશન પ્રોફેશનલ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ્સને સૉંપીને, તેઓ પોતે ફક્ત ડિઝાઇન કન્સલ્ટન્સી અને સર્જનાત્મક ઈન્ટેગ્રિટીએ ધ્યાન કેન્દ્રિત કરે છે. "જ્યારે તમે તમારી કળા પ્રત્યે સાચા રહો અને કોમ્યુનિકેશનમાં પારદર્શિતા જાળવો, ત્યારે વર્ડ ઓફ માઉથ સૌથી મજબૂત બ્રાન્ડ એમ્બેસેડર બને છે," તેઓ માને છે.

સિગ્નેચર પ્રોજેક્ટ્સ અને યોગદાન

પ્રારંભિક વર્ષો સ્થિર ગતિએ આગળ વધ્યા, પણ છેલ્લા દાયકામાં યુટોપિયાએ ઊંચી ઉડાન ભરી છે. આજે તેઓ 30-40 પ્રોજેક્ટ્સનું સંચાલન કરે છે, રેસિડેન્સિસ, બંગ્લોઝ, ઑફિસો, ફેક્ટરીઓ અને કોમર્શિઅલ કોમ્પ્લેક્સ પ્રોજેક્ટસ સામેલ છે. તેમના પોર્ટફોલિયોમાં સંગિની ગ્રુપ, અવધ ગ્રુપ, કોહિનૂર ગ્રુપ, બલર હોમ્સ, પિરામિડ ગ્રુપ, સમર્થ ગ્રુપ, શાલિગ્રામ ગ્રુપ, હેપ્પી હોમ, પ્રતિષ્ઠા ગ્રુપ અને સ્કાય-ઓન ગ્રુપ જેવા ટોચના ડેવલપર્સ સાથેનું કોલેબોરેશન સામેલ છે અને પાલ, અડાજણ, વેસુથી લઈને વરાછા સુધીની સુરતની બદલાતી સ્કાઇલાઇનને તેઓ સુંદર આકાર રહ્યા છે.

તેમના યાદગાર અને લેન્ડમાર્ક કાર્યોમાં શુભલક્ષ્મી બંગલોઝ અને સંગિની હાઉસ ડિઝાઇનમાં બેન્ચમાર્ક છે, તેમના મતે તેમની જર્નીમાં આ ચેલેન્જિંગ પરંતુ સંતોષજનક પ્રોજેક્ટ રહ્યા અને જેણે તેમની પ્રેક્ટિસને વિકસાવવામાં સકારાત્મક ભૂમિકા ભજવી. યુટોપિયા માટે દરેક પ્રોજેક્ટ ફક્ત સ્ટ્રક્ચર નથી, પરંતુ ક્લાયન્ટની અપેક્ષાઓ, સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય અને સર્જનાત્મક અન્વેષણ વચ્ચેનો સંવાદ છે.

યુટોપિયા ડિઝાઇન માટે, અમારી સૌથી મોટી સફળતા અમારા ગ્રાહકોનો વિશ્વાસ છે. તે એક મજબૂત બંધન છે કે વીસ વર્ષ પહેલાં ડેવલપર ધર્મેશ બલર માટે અમે પૂર્ણ કરેલો પ્રોજેક્ટ સંપૂર્ણ રિડેવલપમેન્ટ માટે અમારી પાસે પાછો આવ્યો છે. આ સુંદર અને અવિરત કોલેબોરેશન અપવાદ નથી; તે નિયમ છે. એકવાર ક્લાયન્ટ અમારી સાથે શરૂઆત કરે છે, તે અમારી સાથે રહે છે, જે અમારા કાર્યને ડિફાઇન કરતા લાંબા ગાળાના સંબંધોનો પુરાવો છે."અમે ફક્ત ટ્રોફી કે પૈસા માટે નહીં, પરંતુ અમારી ક્રિએટિવિટી, ગુડ વર્ક, નૈતિકતા, પ્રામાણિકતા અને કાયમી ગુણવત્તા માટે યાદ રહેવા માગીએ છીએ."

આર્કિટેક્ટ
અપુર્વ દેસાઈ

ઉટોપિયામાં અમે હંમેશાં કંઈક અલગ, કંઈક નવું અને આઉટ ઑફ બૉક્સ બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ — જેથી ક્લાયન્ટ્સ સાથે સાથે અમને પણ આનંદ અને આશ્ચર્ય થાય. કામ પ્રત્યે અમારું પેશન જ અમારૂ બળ છે, અને દરેક પ્રોજેક્ટમાં અમે પોતાને આઉટ-પરફોર્મ કરવાનો પ્રયન્ત કરીયે છીએ.

ઇન્ટીરિઅર ડિઝાઇનર
વિપુલ નાકરાણી

અમે ટ્રેન્ડ્સની પાછળ ભાગનારા નથી. અમે અમારા મૂળ ડિઝાઇન વિચારોની મૌલિકતામાં વિશ્વાસ રાખીએ છીએ, અને પ્રવાહિત રહેવા અને સતત વિકસિત થવા માટે હંમેશા અમારા સિદ્ધાંતો પ્રત્યે સાચા રહીએ છીએ.

ઇન્ટીરિઅર ડિઝાઇનર
ઉર્વખ્શ ચિચગર

કાર્યક્ષમ યુઝર ફ્રેન્ડલી સ્પેસીસ બનાવવી એ અમારો પાયો છે. અમે શિલ્પો ડિઝાઇન કરી રહ્યા નથી; અમે લોકો માટે રહેવા અને કામ કરવા માટે જગ્યાઓ બનાવી રહ્યા છીએ જ્યાં ફોર્મ ફંક્શનને અનુસરે છે, અને એસ્થેટિક્સ તે સત્યમાંથી ઉભરી આવે છે

યુટોપિયા ડિઝાઇન્સની તાકાત તેની સહયોગ અને સહકારની મૂળ ભાવના પર છે. એક આર્કિટેક્ટ અને બે ઇન્ટીરિઅર ડિઝાઇનર્સ વચ્ચેની ભાગીદારી એક સંપૂર્ણ વિઝન આપે છે જ્યાં બહારનો આકાર અને અંદરનો અનુભવ સરળતાથી જોડાય છે. તેમનું વર્ક ક્લચર, ટિમ અફરીત, ઓપન અને સમાવેશી (ઇન્ક્લૂસિવ) છે – સૌથી નાનામાં નાના સહયોગીને પણ વિચારો વ્યક્તની સ્વતંત્રતા સાથે પ્રોત્સાહન પણ મળે છે.

"અમે વ્યક્તિગત રીતે વિચાર-મંથન કરીએ છીએ, પછી ભેગા થઈએ છીએ. ઘણીવાર નાનામાં નાની વિચારણા સૌથી મોટો પરિવર્તન લાવે છે. અમે માનીએ છીએ કે સર્જનાત્મકતા એવા વાતાવરણમાં ખીલે છે જ્યાં દરેક વ્યક્તિ યોગદાન આપવા માટે સ્વતંત્ર અનુભવે છે." વિપુલ કહે છે. આ સુમેળ અને પ્રક્રિયાઓ યુટોપિયા ડિઝાઇનને નવીનતા અને વ્યવહારિકતાને સંતુલિત કરતા પ્રોજેક્ટ્સ પહોંચાડવામાં એક ધાર આપે છે.

ભવિષ્ય તરફ નજર

ભવિષ્ય અંગે વિચારીને તેઓ સ્વીકાર કરે છે કે ટેકનોલોજી ડિઝાઇન ક્ષેત્ર જેમાં આર્કિટેક્ચર અને ઇન્ટીરિઅર્સ પણ સામેલ છે તેને આકાર આપવામાં મોટી ભૂમિકા ભજવી રહી છે. 3D વિઝ્યુલાઇઝેશન અને ડિજિટલ કન્સ્ટ્રક્શન પદ્ધતિઓ વેલ્યુએબલ છે, પરંતુ તેના પર વધારે નિર્ભરતામાં ખતરો છે. "ટેકનોલોજી સહાય કરવી જોઈએ, તમારા ક્રિયેટિવિટી રિપ્લેસ નહિ કરવી જોઈએ. સાચી ડિઝાઇન માનવ મનમાંથી આવે છે જેમાં ભાવનાઓ અને ફીલિંગ્સ સામેલ હોય - સ્કેચિંગ, કલ્પના અને પ્રશ્નો પૂછવાથી તેને નિખાર મળે છે." ઉર્વખ્શ કહે છે.

તેઓ સુરત અને ભારત માટે એવું ભવિષ્ય જુએ છે જ્યાં કન્સ્ટ્રકશન ટેકનોલોજી ઝડપી વિકસે, અર્બન ફસાડ્સ અને સાઇનેજ સુધરે, અને ડિઝાઇનર્સ ઓરિજિનાલિટી સાથે નવી સીમાઓ પાર કરે.

એવોર્ડ્સ અને રેકગ્નીશન

યુટોપિયા ડિઝાઇન્સને અનેક એવોર્ડ્સ અને રેકગ્નીશન મળ્યા છે – 2022 સરફેસ ડિઝાઇન એવોર્ડ (સંગિની હાઉસ માટે), 2021 સ્પેસીયક્ષ પ્લેટિનમ એવોર્ડ (તે જ પ્રોજેકટ માટે) અને ઇન્ડિયાઝ બેસ્ટ ડિઝાઇન એવોર્ડ 2021 (શુભલક્ષ્મી રેસિડેન્સ માટે). તેમનું કામ આર્કિટેક્ચરલ ડાયજેસ્ટ ઇન્ડિયા, આર્ક ડેઇલી, ફોઇડ, લિવિંગ Etc અને ડિઝાઇન અસેન્શિઆ મેગેઝીન જેવા અગ્રણી પ્લેટફોર્મ પર પણ પ્રકાશિત થયા છે.

પરંતુ તેમની દ્રષ્ટિએ સાચો વારસો એ નથી. "અમને ફક્ત ટ્રોફી કે પૈસા માટે યાદ રાખવામાં આવે, પરંતુ ક્રિયેટિવિટી, નૈતિકતા, ઈમાનદારી અને ક્વૉલિટી માટે જે લાંબો સમય ટકી રહે તેના માટે યાદ રાખવામાં આવે," અપુર્વ કહે છે. અપુર્વને વાંચવાનો શોખ છે અને તેમની પ્રિય પુસ્તક આયન રેન્ડની 'ધ ફાઉન્ટનહેડ' છે જેમાંથી પ્રેરણા લઈ.

યુવા ડિઝાઇનર્સને તેઓ સ્પષ્ટ સલાહ આપે છે – "ટેકનોલોજીને સર્જનાત્મકતાનો વિકલ્પ ન બનવા દો. વધુ સ્કેચ કરો, સ્વતંત્ર વિચાર કરો અને પ્રશ્નો પૂછવાનું ક્યારેય બંધ ન કરો. મૂળત્વ અને ઈમાનદારી હંમેશાં ચમકે છે."

બે દાયકાનો પ્રવાસ

બે દાયકાઓ પછી પણ યુટોપિયા ડિઝાઇન્સ એક એવી પ્રેક્ટિસ છે જ્યાં સર્જનાત્મકતા અને અંતરાત્માનો સંગમ થાય છે, જ્યાં ટાઇમલેસનેસ ટ્રેન્ડ પર વિજય મેળવે છે, અને જ્યાં સ્પેસિસ ફક્ત વર્તમાન માટે નહીં પરંતુ ભવિષ્ય માટે રચાય છે. અપુર્વ, ઉર્વખ્શ અને વિપુલ આજે પણ ફક્ત બિલ્ડિંગ્સ જ નથી બનાવી રહ્યાં – તેઓ વિશ્વાસ, ઓરીજીનાલીટી અને માનવીય જોડાણ આધારિત ડિઝાઇન ક્લચરનું નિર્માણ કરી રહ્યાં છે. અને હજુ આ તો શરૂઆત છે, લાંબી મઝલ કાપવાની છે અને તેમનું શ્રેષ્ઠ તો હજુ આવવાનું બાકી છે.

શુભ લક્ષ્મી બંગલો, સુરત

અવધ મેનોર્કા સેલ્સ ઓફિસ, સુરત

સંગીની અરાઇઝ, સુરત

અવધ રીવર સાઇડ, વાપી

અવધ પાલોમા પ્રાઇડ , સુરત

આરવ ક્લિનિક, સુરત

અવધ સેલેનિક, સુરત

2005 માં યુટોપિયા ડિઝાઇન્સ શરૂ થયા પછી, અમારો મૂળ ગહન વિચાર રહ્યો છે - એવી સુંદર સ્પેસીસ બનાવવી જેની લોકોએ ક્યારેય કલ્પના પણ ન કરી હોય. જ્યારે અમારી ડિઝાઇન લેન્ગ્યુએજ - સ્ટાઇલ સમય સાથે સતત વિકસિત થાય છે, પણ તે આ જ સારની આસપાસ ફરે છે.

અમે ટ્રેન્ડ્સની પાછળ ભાગનારા નથી. અમે અમારા મૂળ ડિઝાઇન વિચારોની મૌલિકતામાં વિશ્વાસ રાખીએ છીએ, અને પ્રવાહિત રહેવા અને સતત વિકસિત થવા માટે હંમેશા અમારા સિદ્ધાંતો પ્રત્યે સાચા રહીએ છીએ.


અવધ મેનોર્કા, સુરત

આયોજન થી સર્જન સુધી : આર્કિટેક્ટ હરેશ મહાદેવવાલાની

(પ્રિન્સિપલ આર્કિટેક્ટ, આયોજન આર્કિટેક્ટ્સ)

પ્રેરણાદાયક સફર

અમે યુગેન રિઅલ્ટીની લોકપ્રિય કોલમ 'ધ ડિઝાઈન વેંગાર્ડ'ની આ આવૃત્તિમાં, હરેશ મહાદેવવાલાની સર્જનાત્મક સફરની ઝાંખી મેળવીએ અને જાણીએ શહેરને નવી ઓળખ આપતા આ વિઝનરી આર્કિટેક્ટ વિશે.

1981માં પ્રેક્ટિસ શરૂ કરી. તે સમયમાં સુરતમાં ગણતરીના આર્કિટેક્ટ્સ હતા, છતાં હરેશભાઈએ પોતાના વિઝન, ક્રિએટિવ અભિગમ, કાર્યદક્ષતા અને કાર્યક્ષમતાના અનોખા મિશ્રણ દ્વારા શહેરના સ્કાયલાઇનમાં નવી ઓળખ ઊભી કરી.

યુગેન રિઅલ્ટી, સુરત.

આર્કિટેક્ટ હરેશ મહાદેવવાલા, આયોજન આર્કિટેક્ટ્સના પ્રિન્સિપલ આર્કિટેક્ટ, છેલ્લા ચાર દાયકાથી સુરતની આર્કિટેક્ચરલ દુનિયામાં પોતાનું અનોખું યોગદાન આપી રહ્યા છે અને ઉદ્યોગમાં તેમનું વિશેષ સ્થાન છે. 1979માં એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા પરથી આર્કિટેક્ચરનું અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમણે 1981માં પ્રેક્ટિસ શરૂ કરી. તે સમયમાં સુરતમાં ગણતરીના આર્કિટેક્ટ્સ હતા, છતાં હરેશભાઈએ પોતાના વિઝન, ક્રિએટિવ અભિગમ, કાર્યદક્ષતા અને કાર્યક્ષમતાના અનોખા મિશ્રણ દ્વારા શહેરના સ્કાયલાઇનમાં નવી ઓળખ ઊભી કરી. તેમના માટે આયોજન આર્કિટેક્ટ્સ આજે એક "ફેમિલી" સમાન છે, જ્યાં ટીમવર્ક, અનુભવ અને નવીનતા એકસાથે ગૂંથાઈને દરેક પ્રોજેક્ટને સફળ બનાવે છે. 47 વર્ષથી વધુની આ યાત્રામાં હરેશભાઈએ 1000થી વધારે પ્રોજેક્ટ્સ સફળાતાપૂર્વક પુરા કર્યા છે.

અમે **યુગેન રિઅલ્ટી**ની લોકપ્રિય કોલમ **'ધ ડિઝાઈન વેંગાર્ડ'**ની આ આવૃત્તિમાં, **હરેશ મહાદેવવાલા**ની સર્જનાત્મક સફરની ઝાંખી મેળવીએ અને જાણીએ શહેરને નવી ઓળખ આપતા આ વિઝનરી આર્કિટેક્ટ વિશે.

1. તમે આર્કિટેક્ટ કે ઇન્ટીરીયર ડિઝાઈનર તરીકે તમારું કોલિંગ કેવી રીતે જાણ્યું?

સ્કૂલના સમયમાં જ ટેકનિકલ વિષયોમાં મારી ખાસ રસ હતો. SSC પછી પ્રી-સાયન્સ પૂર્ણ કર્યું અને 1979માં એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાથી આર્કિટેક્ચરનો અભ્યાસ પૂર્ણ કર્યો. પરિવાર ટેક્સટાઈલ બિઝનેસમાં હોવા છતાં મેં નવો માર્ગ પસંદ કર્યો. પ્રતાપ દેસાઈ જેવા ખ્યાતનામ આર્કિટેક્ટ સાથે ઇન્ટર્નશીપ કરી અને 1981માં પ્રેક્ટિસ શરૂ કરી ત્યારે સુરતમાં ગણતરીના આર્કિટેક્ટ્સ હતા. "આર્કિટેક્ટ" શબ્દ અજાણ્યો હતો, પરંતુ સમય સાથે લોકોએ અમારી ભૂમિકા સમજવી શરૂ કરી. દરેક પ્રોજેક્ટ નવી તક અને નવી સર્જનાત્મક ચેલેન્જ લઈને આવે છે, એ જ મને આગળ ધપાવતું રહ્યું.

2. તમારા વ્યક્તિત્વને એક શબ્દ કે શબ્દસમૂહમાં કેવી રીતે વ્યાખ્યાયિત કરશો?

મારા માટે ડિઝાઈનનો અર્થ સમસ્યા હલ કરવાનો છે, ફક્ત ડ્રોઇંગ બનાવવાનો નહીં. હંમેશાં ફંક્શનાલિટી પર ભાર મુક્યો છે અને ક્લાયન્ટની જરૂરિયાતો કેન્દ્રમાં રાખી ડિઝાઈન કરી છે. સૌંદર્યશાસ્ત્ર મહત્વનું છે, પરંતુ તે કાર્યક્ષમતા પછી આવે છે.

3. તમારી વિશે એવી કઈ આશ્ચર્યજનક હકીકત છે જે લોકો જાણતા નથી?

લાસ્ટ યરમાં થીસીસ માટે પસંદ કરેલો વિષય અંતિમ ક્ષણે નકારાઈ ગયો અને મોટો આઘાત લાગ્યો. 70% કામ પૂરું કરી દીધું હતું, પણ ગુરુએ કહ્યું કે આ વિષય મંજૂર નહીં થાય. એ સમયે ધીરજ રાખી નવો વિષય લીધો અને અંતે ત્રીજા ક્રમે આવ્યો. આ અનુભવથી શીખ્યો કે સંકટમાં પણ હિમત ગુમાવવી નહીં, નવો રસ્તો શોધવો જોઈએ.

4. તમે કામ કરેલો સૌથી યાદગાર પ્રોજેક્ટ કયો છે?

વેસુનો સેન્ટ્રલ બજાર વેનેઝિયાનો મોલ મારી કારકિર્દીનો એક ટર્નિંગ પોઇન્ટ હતો. મકાઉના વેનેશિયન કન્સેપ્ટ પરથી પ્રેરણા લઈને સુરતમાં એ પ્રકારનો મોલ બનાવવો એ અદભૂત અનુભવ હતો. એ જ રીતે સેન્ટ્રલ બિઝનેસ હબનું અનોખું પાર્કિંગ સિસ્ટમ આજે પણ લોકોને યાદ રહે છે.

5. ડિઝાઈનર તરીકે તમે શીખેલો સૌથી મહત્વનો પાઠ કયો છે?

મારા પ્રોફેસરનું એક વાક્ય મને જીવનભર પ્રેરણા આપે છે — **"If you are a good manager, you can be a good architect."** આ જ સિધ્ધાંતને મેં જીવનમાં અપનાવ્યો. એક સક્ષમ ટીમ બનાવી, તેને યોગ્ય રીતે મેનેજ કરી. આયોજન આર્કિટેક્ટ્સ આજે એક પરિવાર સમાન છે, જ્યાં ઘણા **સિનિયર સ્ટાફ છેલ્લા 40 વર્ષથી જોડાયેલા છે.** આ અનુભવથી સમજાયું કે આર્કિટેક્ટરી માત્ર ડિઝાઈન નહીં, પરંતુ સફળ થવા માટે લીડરશિપ અને મેનેજમેન્ટનું કૌશલ્ય પણ જરૂરી છે.

6. તમારી સિગ્નેચર સ્ટાઇલ શું છે?

મારા માટે ડિઝાઈન હંમેશા યુઝર-ઓરિએન્ટેડ રહી છે. પહેલાં ફંક્શનાલિટિ (કાર્યક્ષમતા), પછી એસ્થેટિક્સ - આ જ સિધ્ધાંત છે. મારા મતે, સુંદરતા તેટલે જ મહત્વની છે જ્યારે તે યુઝરને સુવિધા આપે અને તેની જીવનશૈલીને સરળ બનાવે. અમારા ડિઝાઈન કરેલા બંગલાઓ અને ફ્લેટ્સમાં દશકોથી લોકો આજે પણ સંતોષથી રહે છે, એ જ અમારી સાચી ઓળખ અને રિવૉર્ડ છે. ડિઝાઈનના દરેક એલિમેન્ટમાં લાંબા ગાળાની ઉપયોગિતા અને રહેવા યોગ્ય અનુભવ આપવો, આ જ મારી સિગ્નેચર સ્ટાઇલ છે.

7. આજના બિલ્ટ એન્વાયર્નમેન્ટમાં આર્કિટેક્ટ્સની ભૂમિકા શું છે?

શહેરની સ્કાયલાઇનથી લઈને રસ્તાઓ અને કોમર્શિઅલ સ્પેસ સુધી, સૌંદર્ય અને વ્યવસ્થિતતા લાવવાનો મુખ્ય રોલ આર્કિટેક્ટ્સનો છે. વિકાસને દિશા આપવી અને યૂઝર્સને સારો અનુભવ આપવો એ ડિઝાઈનર્સની મુખ્ય જવાબદારી છે.

8. ડિઝાઈનમાં તમારા માટે શું મહત્વનું છે — ક્રિએટિવિટી કે ફંક્શનાલીટી?

ફંક્શનાલીટી હંમેશા પ્રથમ પ્રાથમિકતા છે. બિલ્ડિંગ કેટલું સુંદર દેખાય તે મહત્વનું છે, પણ જો તે યુઝર માટે કામનું નહીં હોય તો ડિઝાઈન અધૂરું છે. એક સફળ ડિઝાઈન એ છે જે આરામ અને સુવિધા આપે.

9. આગામી દાયકામાં ડિઝાઈન ઉદ્યોગ કેવી રીતે વિકસશે?

ટેકનોલોજી, સસ્ટેનેબિલિટી અને વૈશ્વિક એક્સપોઝર ડિઝાઈન ઉદ્યોગને નવી દિશા આપશે. ઇન્ટરનેટ અને ટ્રાવેલિંગના કારણે લોકો વિશ્વની નવી ટ્રેન્ડ્સને ઝડપથી અપનાવે છે. એટલે આગામી દાયકામાં ડિઝાઈન વધુ સ્માર્ટ, ગ્રીન અને ગ્લોબલ બનશે.

10. તમારી કારકિર્દીમાં સૌથી મોટો પડકાર કયો રહ્યો?

વેનેશિયન થીમ પર મોલ બનાવવો મારા માટે મોટી ચેલેન્જ હતી. નાનો સ્કેલ, અજાણ્યો કન્સેપ્ટ અને બજારમાં સ્વીકાર્યતા અંગે શંકા હતી. પરંતુ પ્રોજેક્ટ સફળ રહ્યો અને આજે તે સુરતની ઓળખ બની ગયો છે.

11. તમારી કારકિર્દી માટેનું બિગ-પિક્ચર શું છે?

સુરતનું આર્કિટેક્ચરલ લેન્ડસ્કેપ ઝડપથી બદલાઈ રહ્યું છે. નવા ડેવલપર, ગ્લોબલ કનેક્ટિવિટી અને નવી તકો સાથે અદ્ભુત અવકાશ છે. હું આયોજન આર્કિટેક્ટ્સને મજબૂત ટીમવર્ક દ્વારા આગામી પેઢી સુધી પહોંચાડવા ઇચ્છું છું.

12. જો તમે ડિઝાઈન ઉદ્યોગનું એક પાસું ફરીથી ડિઝાઈન કરી શકો, તો તે શું હશે?

હું એ સુનિશ્ચિત કરું કે નીતિઓ અને સિસ્ટમો વધુ યૂઝર-સેન્ટ્રિક બને. ક્લાયન્ટની જરૂરિયાતો પૂરી કરવાની જવાબદારી સિસ્ટમેટિક રીતે ગોઠવાય, જેથી પ્રોજેક્ટ્સ વધુ અસરકારક બને.

13. કામ સિવાયનો શોખ કે લક્ષ્ય શું છે?

મને મ્યુઝિક સાંભળવું, ડ્રાઈવિંગ કરવું અને ટ્રાવેલિંગ કરવું બહુ ગમે છે. કામના તાણમાંથી મુક્ત થવા માટે આ શ્રેષ્ઠ રસ્તો છે. મનાલી, સ્વિટ્ઝરલેન્ડ જેવી જગ્યાઓ પર પ્રવાસ કરવાથી મને નવી ઊર્જા મળે છે.

14. ડિઝાઈન કરતી વખતે તમારી ક્રિએટિવિટીને શું ઉત્તેજન આપે છે?

મ્યુઝિક અને ડ્રાઈવિંગ મારી અંદરના વિચારોને જીવંત કરે છે. સંગીતથી મન શાંત બને છે અને નવા વિચારો ઊભા થાય છે અને કામ કરતી

મને મ્યુઝિક સાંભળવું, ડ્રાઈવિંગ કરવું અને ટ્રાવેલિંગ કરવું બહુ ગમે છે. કામના તાણમાંથી મુક્ત થવા માટે આ શ્રેષ્ઠ રસ્તો છે. મનાલી, સ્વિટ્ઝરલેન્ડ જેવી જગ્યાઓ પર પ્રવાસ કરવાથી મને નવી ઊર્જા મળે છે.

વખતે પ્રેરણા અને ઊર્જા બંને મળે. જ્યારે ડ્રાઈવિંગ મને સ્પેસ અને મૂવમેન્ટનો અનુભવ કરાવે છે.

15. તમારા કામમાં તમને સૌથી વધુ કોણ કે શું પ્રેરણા આપે છે?

મારા માટે સૌથી મોટી પ્રેરણા કુદરત છે. કુદરતનું સંતુલન, રંગો અને આકારો ડિઝાઈન માટે અનોખી દિશા આપે છે. મારી ઘણી ડિઝાઈન્સ કુદરત પરથી જ પ્રેરિત છે.

16. કયા પ્રતિષ્ઠિત આર્કિટેક્ટે તમારી યાત્રા પર સૌથી મોટી છાપ છોડી છે?

મારા પ્રોફેસર વડોદરાના આર્કિટેક્ટ સૂર્યકાંત પટેલ અને હસમુખ પટેલના કાર્ય એ મારી વિચારધારા પર ઊંડો પ્રભાવ પાડ્યો છે. તેમની પ્રૅક્ટિકલ અને ગ્રાઉન્ડેડ ડિઝાઈન ફિલોસોફીએ મને ગાઈડ કર્યું છે. તેમના કાર્યમાંથી હંમેશા શીખવા જેવી વાતો મળી છે.

17. તમે પૂર્ણ કરેલા તમામ પ્રોજેક્ટ્સમાંથી તમને કયા પર સૌથી વધુ ગર્વ છે?

સેન્ટ્રલ બજાર વેનેઝિયાનો મોલ મારી કારકિર્દીનું ગૌરવ છે. નવી થીમ, નવી ચેલેન્જ અને અલગ વિચારસરણી સાથે બનાવેલો આ પ્રોજેક્ટ આજે પણ મારી સિદ્ધિનું પ્રતીક છે.

18. આર્કિટેક્ટ કે ઇન્ટીરીયર ડિઝાઈનર બનવાનો તમને સૌથી પસંદનો ભાગ કયો છે?

ડિઝાઈનિંગનો આરંભીક સ્કેચ બનાવવાનો આનંદ મને સૌથી વધુ ગમે છે. એ સમયે મનમાં અનેક વિચારો જન્મે છે અને સર્જનાત્મકતા નવી દિશા લે છે.

19. ઉભરતા આર્કિટેક્ટ્સ કે ઇન્ટીરીયર ડિઝાઈનર્સને શું સલાહ આપશો?

આર્કિટેક્ચર ખૂબ જ મહેનતનું ક્ષેત્ર છે. નાનો કે મોટો દરેક પ્રોજેક્ટ શ્રેષ્ઠ બનાવવા પર ધ્યાન આપવું જોઈએ. ધીરજ, સતત મહેનત અને ટીમવર્ક — આ ત્રણ બાબતો જ લાંબા ગાળાની સફળતા માટે જરૂરી છે.

20. જો તમે તમારી ડિઝાઈન શૈલીને ફિલ્મની શૈલી કે ગીત તરીકે વર્ણવો, તો તે શું હશે અને શા માટે?

लहरों से डर कर नौका पार नहीं होती, कोशिश करने वालों की कभी हार नहीं होती ।

- हरिवंश राय बच्चन

BE FEATURED IN
CELEBRATING EXCELLENCE IN DESIGN 2025-26
Coffee Table Book Featuring The Icons of Architecture & Interior Design in Surat & South Gujarat

Voice of the Real Estate Industry
YUGEN Realty MEDIA PLATFORMS
Newspaper - Digital Media - Trade Events
Coffee Table Edition

An Exclusive Coffee Table Book Honoring Creativity, Innovation and Impact. The Names Who Matter & What Matters to Them.

Launching at a High-Profile Gala Event – Nov/Dec 2025

- Architects & Interior Designers
- Design Firms & Landscape Architects
- Furniture, Lifestyle & Décor Brands, PMCs,
- MEP, Electrical, HVAC, Acoustics
- Ceramics & Bathware
- Modular Kitchens, Hardware
- Lighting, Surfaces, Glass, Paints
- Elevators, Smart Home Systems,
- Green Building Consultants - Products etc.

Showcase Your Projects & Journey | Connect With your TA Developers & Clients | Lifetime Recognition In A Premium Edition | Loads of Print, Digital & Event Exposure Benefits

360 Degree Visibility, Marketing, Branding and PR in National Digital Media

Event Highlights

Keynote | Panel Talks | Networking | Entertainment

Many Architects & Interior Designers have already booked their space-

Don't Miss Out!

Secure Your Feature | Ad | Event Sponsorship Today - Limited Edition!

Contact for Booking +91 99133 77177 | 787 008 9449

Scan For More Details

TEJ INFRA | TEJ DESIGN STUDIO

ડૉ. જિગ્નેશ પટેલની વિઝનરી લીડરશીપ હેઠળ તેજ ગ્રુપે 28 વર્ષની ઉજવણી કરી

આ વર્ષે ઉજવણી ખૂબ અર્થપૂર્ણ રીતે કરવામાં આવી, પરંપરાગત પાર્ટી કરવાની જગ્યાએ તેજ ગ્રુપે મહિલા બાંધકામ કામદારો માટે સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું, જે કંપનીના સમુદાય સંભાળ અને સામાજિક જવાબદારીના સિદ્ધાંતોને દર્શાવે છે. તેમની વિકાસની પારીભાષામાં સામાજિક ઉત્થાન પણ અગત્યનું બિન્દુ છે.

ડૉ. જિગ્નેશ પટેલ
ચેરમૅન, તેજ ગ્રુપ

સંકેત દેસાઇ
પાર્ટનર, તેજ ઈન્ફ્રા

વરુણ પટેલ
પાર્ટનર, તેજ ઈન્ફ્રા

સંજય ભાટેના
પાર્ટનર, તેજ ઈન્ફ્રા

યુગેન રિઅલ્ટી, સુરત.

ઓગસ્ટ 2025 માં, તેજ ગ્રુપે તેની 28મી વર્ષગાંઠ ગર્વથી ઉજવી, જે સુરતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રે લગભગ ત્રણ દાયકાના સમર્પિત સકારાત્મક કાર્યની આ યાત્રા છે. 1997માં ડૉ. જિગ્નેશ પટેલ દ્વારા સ્થાપિત, આ ગ્રુપ એક નમ્ર કન્સલ્ટન્સીમાંથી રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટમાં એક પ્રતિષ્ઠિત અને વિશ્વસનીય નામ બન્યું છે, તેની બે પાંખો - તેજ ઇન્ફ્રા અને તેજ ડિઝાઈન સ્ટુડિયો - નવીનતા, ટકાઉપણું અને હેતુપૂર્ણ વિકાસના મિશનને આગળ વધારી રહી છે.

આ વર્ષે ઉજવણી ખૂબ અર્થપૂર્ણ રીતે કરવામાં આવી, પરંપરાગત પાર્ટી કરવાની જગ્યાએ તેજ ગ્રુપે મહિલા બાંધકામ કામદારો માટે સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું, જે કંપનીના સમુદાય સંભાળ અને સામાજિક જવાબદારીના સિદ્ધાંતોને દર્શાવે છે. તેમની વિકાસની પારીભાષામાં સામાજિક ઉત્થાન પણ અગત્યનું બિન્દુ છે.

ડૉ. જિગ્નેશ પટેલની રસપ્રદ સફર

સામાન્ય શિક્ષક પરિવારમાં જન્મેલાં, ડૉ. જિગ્નેશ પટેલ દ્રઢતા અને વિઝનનું પ્રતીક છે. સુરતના SVNITમાંથી સિવિલ એન્જિનિયરિંગ (B.Tech.) અને અર્બન પ્લાનિંગ (M.Tech.) માં સ્નાતક થયા પછી, તેમણે 2017માં ટાઉન પ્લાનિંગમાં પીએચડીની ડિગ્રી મેળવી. પોતાનું સાહસ શરૂ કરતા પહેલા, તેમણે એક પ્રતિષ્ઠિત સિવિલ કન્સલ્ટન્સી ફર્મ સાથે બે વર્ષ કામ કર્યું, જેનાથી વ્યવહારુ ઉદ્યોગનો અનુભવ થયો.

1997માં, તેમણે તેજ કન્સલ્ટન્ટ્સનો પાયો નાખ્યો, જે અર્બન પ્લાનિંગ, આર્કિટેક્ચર, પ્રોજેક્ટ અપ્રૂવલ્સ અને ટર્નકી સોલ્યુશન્સમાં સર્વિસ આપતી કંપની છે. લગભગ આઠ વર્ષ પહેલા રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટમાં તેમના પદાર્પણથી **મોક્ષા રો હાઉસ** અને **તેજ ડોક્ટર હાઉસ** જેવા માઇલસ્ટોન પ્રોજેક્ટ્સ આવ્યા, જેણે ગુણવત્તા અને વિશ્વાસ માટે તેજ ડેવલપર્સની પ્રતિષ્ઠાને મજબૂત બનાવી.

ડૉ. જિગ્નેશ પટેલ એક શિક્ષણવિદ તરીકે પણ જાણીતા છે, જેમણે પ્રોફેસર અને જ્યુરી સભ્ય તરીકે સેવા આપે છે, તેમનું જ્ઞાન મહત્વાકાંક્ષી આર્કિટેક્ટ્સ અને પ્લાનર્સને આપ્યું છે. પ્રેક્ટિશનર અને શિક્ષક તરીકેની તેમની બેવડી ઓળખ તેમને ઉદ્યોગમાં એક આદરણીય વ્યક્તિ બનાવે છે જેમના મત અને સલાહનું ખૂબ મહત્ત્વ છે.

સહયોગ દ્વારા વિકાસ

સમય જતાં, **સંકેત દેસાઈ, વરુણ પટેલ અને સંજય ભાટેના** જેવા ઉદ્યોગના દિગ્ગજોએ ડૉ. જિગ્નેશ પટેલ સાથે હાથ મિલાવ્યા, જેનાથી તેજ ડેવલપર્સના પાયા મજબૂત થયા. ગ્રુપે તેની શાખા, સ્વયં રિઅલ્ટી દ્વારા રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સમાં પણ વિસ્તરણ કર્યું, જેમાં સુરતના ધમધમતા ઘોડ દોડ રોડ પર ઇનારા જેવા લેન્ડમાર્ક પ્રોજેક્ટ લઈને આવી રહ્યા છે.

ડૉ. જિગ્નેશ પટેલના નેતૃત્વ હેઠળ, તેજ ઇન્ફ્રાએ જહાંગીરપુરામાં એક **પ્લોટેડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, મોક્ષા બંગ્લોઝ** જેવા પ્લાનેટ ફ્રેન્ડલી ડેવપમેન્ટ સાથે પોતાનું સ્થાન બનાવ્યું છે. તેમના ગ્રાહક-કેન્દ્રિત અભિગમ, ઉદ્યોગનું ઊંડું જ્ઞાન અને પારદર્શક અને સ્પષ્ટ વાતચીતની શૈલીએ તેમને દક્ષિણ ગુજરાતના રિઅલ એસ્ટેટમાં સૌથી વધુ શિક્ષિત અને વિશ્વસનીય અવાજોમાંના એક તરીકે ઓળખ અપાવી છે.

એક વિઝનરી લીડર અને વિશ્વસનીય ભાગીદાર

ડૉ. જિગ્નેશ પટેલ સ્પષ્ટતા, ફોકસ અને દૃઢ નિશ્ચયની સાથે આનંદી અને સુલભ સ્વભાવ સાથે સંતુલિત વ્યક્તિત્વના માલિક છે. તેમનો સીધો સંદેશાવ્યવહાર અને ગોલ ઓરિએન્ટેડ (ધ્યેય-લક્ષી) અભિગમ ગ્રાહકો અને સાથીદારો બંને તરફથી વિશ્વાસ કમાય છે. એક મજબૂત બિઝનેસ લીડર હોવા ઉપરાંત, તેઓ સંકેત દેસાઈ, વરુણ પટેલ અને સંજય ભાટેના સાથે નજીકથી કામ કરીને સાચા ભાગીદાર તરીકે ઉભરી આવે છે. સાથે મળીને, તેઓ સહયોગ અને સહિયારા વિઝનની ભાવનાને પોષે છે, જે તેજ ગ્રુપને સુરતના રિઅલ એસ્ટેટ ઉદ્યોગમાં પ્રગતિશીલ વિકાસ તરફ આગળ વધારે છે.

એક નવી સર્જનાત્મક શક્તિ - તેજ ડિઝાઈન સ્ટુડિયો

તેમના આ સમૃદ્ધ વારસાને તેમના પુત્રી **આર્કિટેક્ટ મોક્ષા મિસ્ત્રી** વધારી રહ્યા છે જેઓ તેજ ડિઝાઇન સ્ટુડિયોના સહ-સ્થાપક પણ છે. દુબઈથી B. Arch અને અને પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં MSc સાથે, તેઓ સુરતના આર્કિટેક્ચરને નવીન, ગ્લોબલ અને ટકાઉ ડિઝાઈન સાથે નવું રૂપ આપવા તૈયાર છે. તેજ ડિઝાઈન સ્ટુડિયો વિવિધ રેસિડેન્સિઅલ, કોમર્શિઅલ અને શહેરી પ્રોજેક્ટ્સને કન્સલ્ટિંગ, ડિઝાઈનિંગ અને એક્ઝિક્યુશનની સર્વિસિસ આપે છે. તેમના યંગ આઈડિયાઝથી, તેજ ગ્રુપના પહેલાથી જ મજબૂત પાયામાં નવી યુવા ઊર્જા સર્જનાત્મકતાનો ઉમેરો થયો છે.

આર્કિટેક્ટ મોક્ષા મિસ્ત્રી
કો-ફાઉન્ડર, તેજ ડિઝાઈન સ્ટુડિયો

હાલમાં CREDAI સુરતના પ્રેસિડેન્ટ તરીકે સેવા આપતા, ડૉ. જિગ્નેશ પટેલ ગવર્નમેન્ટ પ્લેટફોર્મ્સ, ઉદ્યોગ મંચો અને જાહેર ચર્ચાઓમાં રિઅલ એસ્ટેટ સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ પ્રગતિશીલ દૃષ્ટિકોણ માટે જાણીતા છે અને તેઓ સુરતમાં પાંચ દિવસના વર્કિંગ વીકની રજૂઆત કરનારા પ્રથમ ડેવલપર્સમાંના એક છે, જે કર્મચારીઓના વેલ બીઇંગ અને ગ્લોબલ વર્કિંગ ક્લચર પ્રત્યેની તેમની પ્રતિબધ્ધતાને દર્શાવે કરે છે.

ભવિષ્યનું વિઝન

કન્સલ્ટન્સીથી લઈને લેન્ડમાર્ક રિઅલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ સુધી, પ્રતિભાને પ્રોત્સાહનથી લઈને રી-ડેવલપમેન્ટ સુધી, તેજ ગ્રુપની સફર વિઝન, પ્રામાણિકતા અને નવીનતાનો પુરાવો છે. 28 ગૌરવશાળી વર્ષ પૂર્ણ કરી રહ્યા છે, ત્યારે તેજ ગ્રુપ ડૉ. જિગ્નેશ પટેલના જ્ઞાન અને આર્કિટેક્ટ મોક્ષા મિસ્ત્રીની સર્જનાત્મકતા દ્વારા ટકાઉ શહેરી વિકાસમાં નવા પ્રકરણો લખવા માટે તૈયાર છે.

તેજ ગ્રુપનું ભવિષ્ય ઉજ્જવળ છે - હેતુમાં મૂળ, નવીનતાથી પ્રેરિત, અને માત્ર જગ્યાઓ જ નહીં, પરંતુ વધુ સારા આવતીકાલના નિર્માણ માટે પ્રતિબધ્ધ.

સ્વયં રિઅલ્ટીનો ઈનારા પ્રોજેક્ટ

સિટી સેન્ટરમાં પ્રિમિયમ શોરૂમ્સ અને લિમિટેડ એડિશન રેસિડેન્સિસ - રી-ડેવલપમેન્ટને નેક્સ્ટ લેવલ પર લઇ જશે

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરતના હૃદય સમા ઘોડ દોડ રોડ પર સ્વયંમ રિઅલ્ટી ઇનારા પ્રોજેક્ટ લઈને આવી રહ્યું છે જેમાં પ્રિમિયમ શોરૂમ્સ અને લિમિટેડ એડિશન લકઝરી રેસિડેન્સિસ છે. 3.5 BHK પ્રિમિયમ રેસિડેન્સિસ તેમજ પ્રિમિયમ શોરૂમ ઓફર કરીને, આ પ્રોજેક્ટ આધુનિક પરિવારો અને મહત્વાકાંક્ષી બિઝનેસ માટે એક લેન્ડમાર્ક એડ્રેસ બનવા જઈ રહ્યું છે.

હાઈલાઇટ્સ

- **લકઝરી રેસિડેન્સિસ :** આરામ, લકઝરી લાઈફસ્ટાઇલ અને કાર્યક્ષમતા સાથે ડિઝાઈન કરાયેલ વિશાળ 3.5 BHK એપાર્ટમેન્ટ્સ.
- **પ્રિમિયમ શોરૂમ્સ :** લાઈફસ્ટાઇલ બ્રાન્ડ્સ, કાફે, બુટિક, ક્લિનિક્સ અને વધુ માટે આદર્શ
- **પ્રાઇમ લોકેશન :** ઉમરા પોલીસ સ્ટેશન, નર્મદ લાઈબ્રેરી પાસે, પાર્લે પોઇન્ટ અને અઠવાલાઇન્સ - શહેરના સૌથી ગતિશીલ વિસ્તાર સુધી સરળ એક્સેસ.
- **આધુનિક સુવિધાઓ :** બેઝમેન્ટ પાર્કિંગ, સ્ટાઇલિશ ફોયર્સ, કાર્યક્ષમ લિફ્ટ્સ અને વિચારપૂર્વક ડિઝાઈન કરાયેલ ફ્લોર પ્લાન દરેક વિગતવાર સુવિધા સુનિશ્ચિત કરે છે.
- **ગુણવત્તાયુક્ત બાંધકામ**

જીવનશૈલીનો ફાયદો

ઈનારા એક અદભુત અનુભવ આપવા જઈ રહ્યું છે. ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર પર પ્રિમિયમ શોરૂમ સાથે, તે એક જીવંત મિક્સ-યુઝ વાતાવરણ બનાવે છે. જ્યાં રહેવાસીઓ આધુનિક રહેવાની જગ્યાઓનો આનંદ માણી શકશે, બ્રાન્ડ્સ અને બિઝનેસીસ સુરતના સૌથી પોશ વિસ્તારમાં પ્રેઝેન્સનો લાભ મેળવી શકશે.

ઈનારાની પાછળનું વિઝન

સંકેત દેસાઈની આગેવાની હેઠળની **તેજ ગ્રુપ કંપની - સ્વયં રિઅલ્ટી**નો આ **પ્રોજેક્ટ ઈનારા** પ્રગતિશીલ શહેરી રી-ડેવલપમેન્ટને નવો આકાર આપવા જઈ રહ્યું છે. સુરતના વાઇબ્રન્ટ ઘોડ દોડ રોડ વિસ્તારમાં એક લેન્ડમાર્ક રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ તરીકે, તે આસપાસના વિસ્તારને પણ નવો લૂક માટે તૈયાર કરશે. આ વિસ્તાર ભવિષ્ય માટે એક નવું હબ બનવા તૈયાર છે. ઈનારા એક વિઝન છે જે વધુ રી-ડેવલપમેન્ટને પ્રેરણા આપવા અને વિસ્તારની પોટેન્શીઆલીટી (ઇચ્છનીયતા)ને વધારવા માટે સેટ છે.

વૈશ્વિક દૃષ્ટિકોણ સાથે ડિઝાઈન

આર્કિટેક્ટ મોક્ષા મિસ્ત્રી દ્વારા ડિઝાઈન કરાયેલ, ઈનારા એક ફ્રેશ ગ્લોબલ પરિપ્રેક્ષ્ય રજૂ કરે છે, જે ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ લિવિંગ માટેની સુરતની આકાંક્ષાઓ સાથે એકરૂપ થશે. ઇનોવેટિવ પ્લાનિંગ અને વિચારશીલ વિગતો દ્વારા, કોમ્પેક્ટ માળખામાં આધુનિક, વર્લ્ડ-ક્લાસ સ્પેસીસ આપશે. સ્વયંમ રિઅલ્ટી દ્વારા એક મુખ્ય રી-ડેવલપમેન્ટ તરીકે, ઇનારા શહેરી જીવનશૈલીમાં નવા માપદંડો સ્થાપિત કરે છે, શહેરના લેન્ડસ્કેપને ફરીથી આકાર આપે છે અને ઘોડ ડોડ રોડની આકર્ષણને વધારે છે.

BOOKING INQUIRY
+91-99253 36326

SITE ADDRESS
Narmad Library Lane,
Opp.SMC Party Plot,
Nr. Umra Police Station,
Athwalines, Surat-395001.

PROJECT BY
સ્વયંમ REALTY

મોક્ષા બંગલોઝ

તેજ ગ્રુપ સાથે તમારા સપનાનું ઘર બનાવો

MOXA BUNGALOWS

યુગેન રિઅલ્ટી, સુરત.

તેજ ગ્રુપના મોક્ષા બંગલોઝ RERA- એપ્રુવ્ડ શહેરના સૌથી વધુ ઉભરતા વિસ્તારમાં આવી રહે રેસિડેન્શિઅલ પ્રોજેક્ટ છે જે વ્યૂહાત્મક રીતે 90-મીટર રિંગ રોડ અને 45-મીટર ઉગત-કેનાલ રોડના જંક્શન પર સારોલી બ્રિજ, જહાંગીરપુરા, સુરત નજીક સ્થિત છે.

પ્રોજેક્ટ હાઇલાઇટ્સ

આરામ અને સુવિધાનું વિશેષ ધ્યાન

સુઆયોજિત ઇન્ફ્રાસ્ટ્રક્ચર : પેવર બ્લોક્સ સાથે RCC રસ્તા, લેન્ડસ્કેપ બગીચા અને બાળકોના રમતના વિસ્તારો.

સલામતી અને સુરક્ષા : પ્રવેશ દ્વાર, સુરક્ષા કેબિન અને મનની શાંતિ માટે CCTV દેખરેખ.

લાઇફસ્ટાઇલ સુવિધાઓ : સ્ટ્રીટ લાઇટ, લીલી જગ્યાઓ અને કમ્યુનિટી ફ્રેન્ડલી ડિઝાઇન.

પ્રાઇમ કનેક્ટિવિટી :

- ગૌરવ પથ : 0.5 કિમી
- સારોલી બ્રિજ : 60 મીટર દૂર
- ડી-માર્ટ : 2 કિમી
- શાળાઓ : 1 કિમી
- ઇસ્કોન મંદિર : 2 કિમી
- સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ : 15 કિમી

બંગલો સ્પેસિફિકેશન

- 21' x 42' પ્લોટ સાઈઝ સાથે વિશાળ 4 BHK બંગલા (ગ્રાઉન્ડ + 2 ફ્લોર)
- મજબૂત RCC ફ્રેમ માળખું
- મોડ્યુલર સ્વિચો સાથે કન્સિલ ISI-માનક વાયરિંગ

તેજ ગ્રુપ લેન્ડમાર્ક

મોક્ષા બંગલા એ તેજ ગ્રુપ દ્વારા એક સિગ્નેચર લેન્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ છે. ઓપન રેસિડેન્શિઅલ પ્લોટ ઓફર કરીને, તે તમને લેન્ડસ્કેપ ગાર્ડન અને પાર્ટી લૉન વચ્ચે તમારા સ્વપ્નનું ઘર બનાવવાની સ્વતંત્રતા આપે છે.

PROJECT BY
TEJ INFRA

તમારો પ્લોટ, તમારું વિઝન - આજે જ બુક કરો.

Contact us :
+91 97276 02000
+91 97276 03000

SITE ADDRESS
90 Mtr. Ring Road and
45 Mtr. Ugat-Canal Road Junction,
Near Saroli Bridge. Surat

આંગન કોલાબોરેટિવની સફળતા : K's અંતર્વન પ્રોજેક્ટને મનીલા ખાતે APSDA એવોર્ડ્સ 2025માં બે કેટેગરીમાં સન્માન

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરત શહેર સતત પોતાની સર્જનાત્મકતા, નવીનતા અને પ્રગતિશીલ વિચારસરણી માટે ઓળખ પામતું રહ્યું છે. સુરતના ડિઝાઇન ક્ષેત્રના ટેલેન્ટની ગ્લોબલી ઓળખ થઇ રહી છે. આ જ અભિગમને આગળ ધપાવતાં, સુરત સ્થિત આંગન કોલાબોરેટિવએ આંતરરાષ્ટ્રીય સ્તરે એક અનોખી સફળતા મેળવી છે. તેમના પ્રોજેક્ટ K's અંતર્વનને મનીલા, ફિલિપાઇન્સ ખાતે આયોજિત પ્રતિષ્ઠિત APSDA (Asia-Pacific Space Designers Association) Awards 2025માં બે વિશિષ્ટ સન્માન પ્રાપ્ત થયા:

- F&B / રેસ્ટોરાં કેટેગરીમાં બ્રોન્ઝ એવોર્ડ
- ભારતના શ્રેષ્ઠ પ્રોજેક્ટ તરીકે વિશિષ્ટ માન્યતા

APSDA એવોર્ડ્સની પ્રતિષ્ઠા

APSDA એવોર્ડ્સ એ એશિયા-પેસિફિક વિસ્તારના ઇન્ટિરિઅર ડિઝાઇન ક્ષેત્રે ઉચ્ચ કક્ષાની સર્જનાત્મકતા અને ઉત્તમ કાર્ય માટે આપવામાં આવતું દ્વિવાર્ષિક સન્માન છે. આ પ્લેટફોર્મ પર ચીન, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, મલેશિયા સહિત 16 દેશો અને પ્રદેશોમાંથી પસંદગી કરાયેલા શ્રેષ્ઠ પ્રોજેક્ટ્સ વચ્ચે તીવ્ર સ્પર્ધા રહેતી હોય છે. એવા સમયમાં "K's અંતર્વન"ને આ અનોખું સ્થાન મળવું સુરત શહેર અને તેની ડિઝાઇન કમ્યુનિટી માટે એક ગૌરવસભર અને સન્માની ક્ષણ છે.

સુરતથી વૈશ્વિક મંચ સુધી

આંગન કોલાબોરેટિવના ફાઉન્ડર્સ વિશાલ શાહ અને વિશાલ દેસાઇએ આ સિદ્ધિ અંગે યુગેન રિઅલ્ટી ન્યુઝપેપર સાથે વાત કરતા જણાવ્યું હતું કે જણાવ્યું કે,

"આંતરરાષ્ટ્રીય મંચ પર માન્યતા મળવી એ અમારી ટીમ માટે ગૌરવની ક્ષણ છે. સમગ્ર એશિયા-પેસિફિક ક્ષેત્રની નવીનતમ ડિઝાઇન પ્રેક્ટિસ વચ્ચે અમારા ક્રિયેશનને મળેલ આ સન્માન માત્ર આંગન કોલાબોરેટિવ જ નહીં, પરંતુ સુરત અને સમગ્ર ભારત માટે ગર્વ છે."

ડિઝાઇન ઉત્તમતાનો પ્રતીક

"K's અંતર્વન" પ્રોજેક્ટ માત્ર એક ડિઝાઇન નથી, પરંતુ તે સર્જનાત્મકતા, સંવેદનશીલતા અને આધુનિકતાના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ છે. આ પ્રોજેક્ટ એ દર્શાવે છે કે ભારતીય ઇન્ટિરિઅર ડિઝાઇનર્સ વૈશ્વિક સ્તરે પોતાની આગવી ઓળખ બનાવી શકે છે અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સમાં આગવી છાપ છોડી શકે છે. આ પ્રોજેક્ટ ફાઇન ડાઇન Restaurant Experience ને નવી પરિભાષા આપે છે

આંગન કોલાબોરેટિવની આ સિદ્ધિ દર્શાવે છે કે સુરતનું ડિઝાઇન ટેલેન્ટ હવે વૈશ્વિક નકશા પર મજબૂત રીતે પ્રસ્થાપિત થઇ રહ્યું છે. આ સન્માન માત્ર પ્રોજેક્ટની પ્રશંસા નથી, પરંતુ ભારતની વધતી ડિઝાઇન શક્તિને માન્યતા આપતું એક મહત્વપૂર્ણ પગલું છે.

IGBC 2025માં જોડાઓ અને ભારતના ટકાઉ પરિવર્તનમાં ભાગીદારી આપો!

આઇજીબીસી રાજકોટ ચેપ્ટરનું લોન્ચિંગ - ટકાઉ અને પર્યાવરણીય શહેરી વિકાસ માટે મહત્વપૂર્ણ પહેલ

યુગેન રિઅલ્ટી, સુરત

CII ઇન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (IGBC) એ 30 ઓગસ્ટ, 2025ના રોજ રાજકોટમાં તેના 31મા ચેપ્ટરનું પ્રારંભ કર્યું, જે ગુજરાતના ઝડપી વિકાસ કરેલા શહેરોમાં ટકાઉ અને પર્યાવરણીય અનુકૂળ Urban Developmentને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. આ ચેપ્ટરનો ઉદ્દેશ બિલ્ડર્સ, ડેવલપર્સ, આર્કિટેક્ટ્સ અને નીતિ ઘડનારાઓ સહિતના સ્થાનિક હિતધારકોને જોડીને ગ્રીન બિલ્ડિંગ પ્રેક્ટિસીસને પ્રોત્સાહિત કરવાનો છે.

લોન્ચિંગ પ્રસંગે **માનનીય સાંસદ અને ભૂતપૂર્વ મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલા** મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા અને તેમણે જણાવ્યું કે, ગુજરાતના શહેરોનું ભાવિ વિકાસ ગ્રીન બિલ્ડિંગ સિદ્ધાંતો અપનાવવા પર આધાર રાખે છે, જે પર્યાવરણની સ્થિતિસ્થાપકતા, જીવન ગુણવત્તા અને આર્થિક સમૃદ્ધિ માટે જરૂરી છે.

IGBCના નેશનલ વાઇસ ચેરમેન શ્રી સી. શેખર રેડ્ડીએ જણાવ્યું કે ગ્રીન બિલ્ડિંગ્સ માત્ર પસંદગી નહીં પરંતુ વ્યૂહાત્મક તક છે, જે ઊર્જા બચત, રિયલ એસ્ટેટ વેલ્યુ અને ઓક્યુપન્સી વધારવામાં મદદ કરે છે. આ સાથે, રાજકોટને ભારતમાં પહેલું સ્માર્ટ સિટી તરીકે માન્યતા મળી છે.

IGBC રાજકોટ ચેપ્ટર રાજ્યના વિઝન અને ટકાઉ ભવિષ્ય માટે પ્રેરણા આપે છે, જે ગુજરાતને નેટ ઝીરો કાર્બન ઉત્સર્જન અને હરિયાળી વિકાસમાં આગળ લઇ જશે.

CII-IGBC ગ્રીન બિલ્ડિંગ કોંગ્રેસ 2025 – ટકાઉ ભવિષ્ય માટેનો માર્ગ

Ministry of Housing and Urban Affairs, Government of India | World Green Building Council | IGBC 25 Years | CII Confederation of Indian Industry

યુગેન રિઅલ્ટી, સુરત

ભારતીય ઉદ્યોગ સંઘ – ઇન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (CII-IGBC) દ્વારા આયોજિત 23મી ગ્રીન બિલ્ડિંગ કોંગ્રેસ (GBC 2025) 27 થી 29 નવેમ્બર 2025ના રોજ જીયો વર્લ્ડ કન્વેંશન સેન્ટર, BKC, મુંબઇમાં યોજાવવાનું છે. **"Green Shifts for Greener Tomorrows"** થીમ સાથે આ ઇવેન્ટ ભારતની ગ્રીન બિલ્ડિંગ ચલણને આગળ વધારશે અને ઉદ્યોગના તમામ હિસ્સેદારો માટે ટકાઉ ઉકેલો શોધવાનો મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડશે.

IGBCની શરૂઆત 2001માં થઇ હતી અને આજ સુધી 16,189થી વધુ ગ્રીન બિલ્ડિંગ પ્રોજેક્ટ્સને સપોર્ટ આપીને 14.06 બિલિયન ચોરસ ફૂટ વિસ્તાર ધરાવતી બિલ્ડિંગ્સ કવર કરી છે. આ કોન્ગ્રેસનો ઉદ્દેશ નેટ ઝીરો બાંધકામ વિચારસરણીને પ્રોત્સાહન આપવો અને ટકાઉ ઉકેલો પર ચર્ચા, સહયોગ અને બિઝનેસ તક બનાવવી છે.

ત્રણ દિવસના કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ સાથે ત્રણ દિવસનો એક્સ્પો પણ યોજાશે, જ્યાં લો-કાર્બન ટેકનોલોજી, ટકાઉ બાંધકામ ઉત્પાદનો અને નવીન ઉકેલો રજૂ થશે. આમાં આર્કિટેક્ટ, બિલ્ડર્સ, ડેવલપર, ઇજનેર્સ, કોન્ટ્રાક્ટર્સ, કોર્પોરેટ નેતાઓ, સરકારી અધિકારીઓ, ગ્રીન પ્રોડક્ટ મેન્યુફેક્ચર્સ અને શૈક્ષણિક સંસ્થાઓનો સમાવેશ થશે. આશા છે કે 3,000થી વધુ કોન્ફરન્સ ડેલિગેટ અને 10,000થી વધુ એક્સ્પો વિઝિટર્સ હાજર રહેશે.

GBC 2025ની મુખ્ય હાઇલાઇટ્સ:

- મુખ્ય સરકારી અધિકારીઓની ભાગીદારી
- જાણીતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પીકર્સ
- IGBC સભ્ય મિટ સેશન
- IGBC સ્પર્ધાઓ અને પરફોર્મન્સ ચેલેન્જ
- ગ્રીન ડિઝાઇન અને "Green Your School" પ્રોગ્રામ
- IGBC સ્ટુડન્ટ ચેપ્ટર્સ મીટ અને ગ્રીન લીગ ક્વિઝ
- IGBC સર્ટિફાઇડ પ્રોજેક્ટ્સ અને લીડરશિપ એવોર્ડ

આ ઇવેન્ટમાં ટકાઉ વિચારો અને ઉદ્યોગના નેતાઓ ભેગા થશે, જે ભારતના ભવિષ્યના ગ્રીન બાંધકામ માટે નવી દિશા દર્શાવશે.

રજિસ્ટ્રેશન :

વધુ માહિતી :
www.greenbuildingcongress.com

HIGH PERFORMANCE RECHARGE WELLS
IN SMART CITIES PARKS & TOWNSHIPS METRO & FLYOVERS
SOLUTIONS FOR URBAN FLOODING
LETS USE RAINWATER
furaat
Contact : +91 98252 29832 | 96620 00502
Email : mamsaibrahim832@gmail.com

GRUHAM LIFE STYLE
The Luxurious Living
GRUHAM®
Gruham Lifestyle is an Ecosystem Where Families Thrive, Businesses Grow, and Legacies are Built.
GRUHAM LIFE STYLE
Limited Edition Luxury Villas & Premium Retail Showrooms in Prime Location.
Luxury Villas
86 Exclusive Villas (75–135 sq. yards)
Premium clubhouse, gym, guest rooms
Privacy with community living
Designed with eco-friendly practices
Retail Showrooms
19 Roadside Showrooms (3,000–10,000 sq. ft.)
Grand frontage & maximum visibility
Rare opportunity in Adajan–Jahangirpura belt
Perfect for flagship retail & corporate presence
Prime location on 300 Ft. wide road Close to Ring Road
Best Investment Opportunity for Rental Benefits
Best Space to Live or Work and immense prospect for future growth
CALL TO SCHEDULE A SITE VISIT 98799 96826 | 98254 67548
SPECIAL FESTIVE OFFER
SITE ADD. : 156-A, 163, Sara Bringe, 300 Ft yond Thoch Opp. Saras Saihana Tampla, Sarsi, Surat-394520
RERA NO. PR/U/SURAT/CHORYASI/Serat Urban Development Authority/PAA15187/060625/281229

સુરત વન ફાઉન્ડેશન
અર્બન ફોરેસ્ટના ઉછેર દ્વારા ગ્રીન લેગેસીનું નિર્માણ
હરિયાળા સુરત માટે રિયલ એસ્ટેટ ઉદ્યોગને હાકલ

યુગેન રિયલ્ટી, સુરત.

ઔદ્યોગિક વિકાસ માટે જાણીતું સુરત, અર્બન સસ્ટેઇનેબીલીટી માટે એક મોડેલ તરીકે ઉભરી રહ્યું છે. અને હાલ માં, આ પરિવર્તનના કેન્દ્રમાં સુરત વન ફાઉન્ડેશન (SVF) છે - જે જુલાઈ 2024 માં સ્થપાયેલ એક નોન-પ્રોફિટ સંસ્થા છે અને જેનો ઉદ્દેશ 2030 સુધીમાં 25 લાખ ચોરસ મીટર અર્બન ફોરેસ્ટ બનાવવાનો છે. મિયાવાકી પદ્ધતિ વડે, પબ્લિક ગાર્ડન, ખાલી પ્લોટ, ઉજ્જડ જમીન તેમજ હાલ માં જૂના ડમ્પિંગ સાઇટને લીલા જંગલોમાં ફેરવવામાં આવી રહ્યા છે. આ પ્રોજેક્ટ માત્ર વૃક્ષારોપણ પુરતું જ સીમિત નથી, પરંતુ પ્રકૃતિ આધારિત ઉકેલ છે, જે હવા શુધ્ધ કરશે, જૈવવિવિધતા વધારશે અને નાગરિકોના જીવનની ગુણવત્તાને સુધારશે.

આર્કિટેક્ટ સ્નેહલ & સલોની શાહ

SMC કમિશનર શાલિની અગરવાલ, સિદ્ધાર્થ મહેતા સાથે, બાયોડાઇવર્સિટી પાર્ક, અલથાણ ખાતે - જ્યાં ડમ્પિંગ ગ્રાઉન્ડ સુરત વન તરીકે, મિયાવાકી ફોરેસ્ટમાં રૂપાંતરિત થઈ રહ્યું છે.

પડકારોનું તકોમાં પરિવર્તિન

સુરતને વર્ષોથી પ્રદૂષણ, ગરમીનું પ્રમાણ, ભૂગર્ભ-જળની અછત અને જૈવવિવિધતાના નુકસાન જેવા પ્રશ્નો નડતા આવ્યા છે. ઝડપી શહેરીકરણથી આ સમસ્યાઓ વધુ ગંભીર બની છે. આ સમસ્યાઓ વ્યવહારિક ઉકેલે માંગે છે. SVFનું કમ્યુનિટી બેઝ્ડ મોડેલ નાગરિકોને પર્યાવરણ રિસ્ટોરેશનના કેન્દ્રમાં રાખીને બનાવવામાં આવ્યું છે. અલથાણ ઓલ્ડ ડમ્પિંગ સાઇટ પ્રોજેક્ટ તેનું ઉત્તમ ઉદાહરણ છે, જ્યાં 13,546 ચો.મી. વિસ્તારને સ્વ-નિર્ભર શહેરી જંગલમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યું છે. આ પરિવર્તન પાછળનું બળ છે ભાગીદારી મોડેલ જેમાં 55 પર્યાવરણ ચેમ્પિયન્સ અને 46 'વન મિત્રો' (Van Mitras) આ પ્રોજેક્ટ સાથે હાલ જોડાયા છે.

વન મિત્ર એટલે એવો સમર્પિત ભાગીદાર – જે કોઈ કંપની હોય, શાળા હોય, કોમ્યુનિટી ગ્રુપ કે કોઈ વ્યક્તિ – જેઓ જંગલના એક ભાગ ને સત્તાવાર રીતે દત્તક લે છે, અપનાવે છે અને તેની જવાબદારી લે છે. દત્તક લેવાયેલા દરેક 100 ચો.મી. વિસ્તાર માટે ₹ 1.5 લાખનું ભંડોળ એકત્ર કરવું તેમજ 100 થી 300 લોકો સાથે મળી વૃક્ષારોપણ માટે સામેલ કરાવવા. આ રીતે તેઓ ગ્રીન સુરત મુવમેન્ટના સાચા બ્રાન્ડ એમ્બેસેડર બની જાય છે.

કમ્યુનિટી મુવમેન્ટ

SVFનું સૂત્ર છે – "સમુદાય માટે, સમુદાય દ્વારા". દરેક વૃક્ષારોપણ કાર્યક્રમમાં પરિવારો, બાળકો, યુવાનો, કંપનીઓ અને વડીલો જોડાય છે - સૌથી નાનો સ્વયંસેવક 2 વર્ષનો છે અને સૌથી વયસ્ક 85 વર્ષનો. આજ સુધીમાં 4,400થી વધુ નાગરિકો આ ડ્રાઇવમાં જોડાયા છે. વૃક્ષ વાવવાથી આગળ વધીને, SVF શાળાઓમાં કાર્યક્રમો, સ્વયંસેવકોને તાલીમ અને કચરો ઘટાડો, પાણી બચાવો અને પર્યાવરણ પ્રત્યે જવાબદારી જેવા અભિયાનો ચલાવે છે.

માન્યતા અને કૃતજ્ઞતા

SVFના ઉમદા કામને શહેરીજનો એ ઉમળકાભેર આવકારી છે, સ્વચ્છ સર્વેક્ષણ 2025 – વન મહોત્સવ 2025 હેઠળ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને મેયર દક્ષેશ માવાણીની હાજરીમાં પ્રશંસાનું પ્રમાણપત્ર રજૂ કર્યું. આ સન્માન વાવેતર કરાયેલા જંગલો અને શહેરવ્યાપી સમુદાય ના જોડાણ SVF બંનેના કાર્યો સમર્થન આપે છે, પ્રેરણા આપે છે.

SVFના ડિરેક્ટર સિદ્ધાર્થ મેહતાએ યુગેન રિયલ્ટી ન્યુઝપેપર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, "દરેક વાવેલું વૃક્ષ ભવિષ્ય માટેનું વચન છે. સુરતના નાગરિકો – નાના હોય કે મોટા – આ અભિયાનને પોતાનું માનીને સ્વીકારી રહ્યા છે, એ જ અમારી સૌથી મોટી પ્રેરણા છે. સાથે મળીને અમે સાબિત કરી રહ્યા છીએ કે એકતાથી ક્ષતિગ્રસ્ત જમીનને ફરીથી જીવંત બનાવી શકાય છે."

SURAT VAN FOUNDATION : COMPLETED PROJECTS IN SURAT FOREST 1 LAAL DARWAJA

Area (sqm) : 726
No of Trees : 2,500
No of Species : 72
Project Completion : 5th June, 2023

જિયાન પથ્થરવાલા
ડિરેક્ટર, SVF

SVFના ડિરેક્ટર જિયાન પથ્થરવાલા જણાવે છે, "જ્યારે ડમ્પિંગ ગ્રાઉન્ડ જીવંત જંગલ બની જાય છે, ત્યારે તે દર્શાવે છે કે ધીરજ અને દ્રઢતાથી પરિવર્તન શક્ય છે. અમે માત્ર જંગલ નહીં, પણ આશા અને ભવિષ્ય માટેનો વારસો વાવી રહ્યા છીએ."

બિયોન્ડ પ્લાન્ટેશન્સ : વિજ્ઞાન અને ટકાઉપણું

SVFનો અભિગમ સંપૂર્ણપણે વિજ્ઞાન આધારિત છે. મિયાવાકી પદ્ધતિથી કરાયેલા વાવેતર ઝડપથી ઘનિષ્ઠ બને છે અને માત્ર ત્રણ વર્ષમાં સ્વયં ટકાઉ બની જાય છે. આવા જંગલો કાર્બન શોષણ વધારવા, ભૂગર્ભજળ વધારવા, હવા શુધ્ધ કરવા અને જૈવવિવિધતાને પ્રોત્સાહિત કરવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

શહેરના રહેવાસીઓ પ્રદુષણ - ગંધમાં ઘટાડો, હવાની ગુણવત્તામાં સુધારો અને નવી મનોરંજન અને શીખવાની જગ્યાઓ શોધે છે. સમય જતાં, અલથાણ સ્થિત આ સ્થળ ફાયટોરેમીડિયેશનનું એક મોડેલ બનશે - જમીન અને પાણીને રીસ્ટોર કરવા માટે છોડનો ઉપયોગ - જ્યારે સુરતની આબોહવા સ્વાસ્થ્યને સારી બનાવશે.

આગામી પેઢીને પ્રેરણા

SVF ખાસ કરીને યુવાનોની ભાગીદારી પર ભાર મૂકે છે. તેનો સંદેશ છે – "દરેક પરિવાર પોતાના દરેક બાળક માટે ઓછામાં ઓછું એક વૃક્ષ અપનાવે". શાળાઓ અને યુવા જૂથો સાથેની ભાગીદારી દ્વારા, સંસ્થા ભવિષ્યના નાગરિકોમાં પર્યાવરણ પ્રત્યેની સંભાળ અને જવાબદારીની ભાવના વિકસાવે છે.

મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલ અને મુખ્ય વન અધિકારી પુનીત નૈયર જેવા મહાનુભાવો ટેકો આપીને વન વિકાસ ઝુંબેશમાં જોડાયા છે, તેમણે જાતે ચળવળમાં જોડાઈને બતાવ્યું છે કે સરકારી સહયોગ અને સમુદાયની ભાગીદારી મળીને પરિવર્તનને વધુ મજબૂત બનાવી શકે છે.

ગ્રીન સુરત માટે રિયલ એસ્ટેટ ઉદ્યોગને આહવાન

SVF રિયલ એસ્ટેટ ઉદ્યોગના ડેવલપર્સ, આર્કિટેક્ટ્સ, ઇન્ટિરિઅર ડિઝાઇનર્સ, મટિરિઅલ સપ્લાયર્સ અને એજન્ટ-રોકાણકારો – સૌને આ અભિયાનમાં જોડાવા આમંત્રણ આપે છે. તેમના સંસાધનો, પ્રભાવ અને વિઝન સુરતના ટકાઉ શહેરી ભવિષ્યને આકાર આપવા માટે ખૂબ મહત્વપૂર્ણ છે.

વન વિસ્તારોને અપનાવીને, પ્રોજેક્ટ્સમાં ગ્રીન કવરને એકીકૃત કરીને, અથવા વાવેતરને પ્રાયોજિત કરીને, રિઅલ એસ્ટેટ સમુદાય આ ક્ષેત્રે ખુબ જ સારો પ્રભાવ કરી શકવા સમર્થ છે - તેઓ સુરત માટે એક કાયમી ઇકોલોજીકલ વારસો બનાવી શકે છે.

આવતીકાલ માટે મૂળિયાં રોપવા

સુરત વન ફાઉન્ડેશન વિઝન, સહકાર અને સકારાત્મક પ્રયાસોનું જીવંત ઉદાહરણ છે. ડમ્પિંગ ગ્રાઉન્ડને જંગલોમાં ફેરવીને, નાગરિકોને પરિવર્તનકારક બનાવીને અને પડકારોને તકમાં બદલીને, SVF એ એવો માર્ગ બતાવ્યો છે જે અન્ય શહેરો માટે પણ પ્રેરણા બની શકે. સુરત આગળ વધે તેમ, SVF સતત યાદ અપાવે છે કે સાચી પ્રગતિ માત્ર સ્કાઇલાઇનમાં નહીં પરંતુ લીલા છત્રો બનાવવા પણ જરૂરી છે; ફક્ત રસ્તાઓ સારા કરવામાં નહીં પરંતુ મૂળિયાં ઊંડે ઉતારવામાં પણ છે. દરેક વાવેલો રોપો સુરતને એક ટકાઉ અને હરિયાળું શહેરી ભવિષ્ય તરફ આગળ વધારે છે.

સુરતમાં તમારી ગ્રીન લેગેસી બનાવો

SVF રિઅલ એસ્ટેટ સમુદાય અને તમામ નાગરિકોને આ ગ્રીન મુવમેન્ટમાં ભાગ લેવા આમંત્રણ આપે છે. તમે કેવી રીતે યોગદાન આપી શકો છો :

- **જંગલોનું પ્રાયોજન કરો** : ડેવલપર્સ, આર્કિટેક્ટ્સ અને ઉધમીઓ જંગલનો વિસ્તાર અપનાવી શકે છે અથવા સંપૂર્ણ વાવેતર પ્રોજેક્ટને સ્પોન્સર કરી શકે છે અને એક કાયમી ઇકોલોજીકલ વારસો છોડી શકે છે.
- **એક ટીમ તરીકે સ્વયંસેવક:** SVF ના કમ્યુનિટી પ્લાન્ટેશન અભિયાનમાં તમારા કર્મચારીઓ, ગ્રાહકો અથવા પરિવારને સામેલ કરો. તે તરછોડાયેલી જમીનને સારી કરવા અને સમુદાયીક ભાવનાને પ્રોત્સાહન આપવાની એક શક્તિશાળી રીત છે.
- **એક રોપાને સ્પોન્સર કરો** : આપણા શહેરી જંગલોને જીવંત બનાવતા એક છોડનું યોગદાન આપીને સીધી અસર કરો. દરેક વૃક્ષ સ્વસ્થ ભવિષ્યનું વચન આપે છે.

વધુ જાણકારી માટે સ્કેન કરો

સુરત માટે ટકાઉ શહેરી ભવિષ્યને આકાર આપવા અને તેમાં સામેલ થવા માટે, કૃપા કરીને વેબસાઇટની મુલાકાત લો :

www.suratvan.org

કૉલ કરો : +91 99799 00070

EESOME
Elite. Exquisite. Eternal.
in association with
Bombay Times
INDIA'S PRESTIGIOUS SHOWCASE OF FINE JEWELLERY
Is now inviting strategic sponsorships from real estate developers.
WHY PARTNER WITH EESOME?
Direct exposure to UHNIs
Premium offline visibility in a luxury environment
Presence in key markets
Connect with decision-makers and potential property investors
PARTNER WITH EESOME.
CONTACT FOR SPONSORSHIP DETAILS
+91-92279-88910
info@eesome.in
www.eesome.in

એમેનીટીઝથી આગળ રિઅલ એસ્ટેટ ડેવેલપેમન્ટમાં ફિટનેસ એક વૅલ્યુ ડ્રાઈવર તરીકે જીમનું મહત્ત્વ

ફિટનેસ એક્સપર્ટ અનિતા સિંહ, સુકુરુ દ્વારા જાણો આધુનિક અને ફંક્શનલ જીમ ડિઝાઈન કેવી રીતે કરી શકાય

યુગેન રિઅલ્ટી, સુરત.

આધુનિક રિઅલ એસ્ટેટ હવે માત્ર બિલ્ડિંગ્સ બનાવ પૂરતું સીમિત નથી રહ્યું, આજના સફળ પ્રોજેક્ટ્સએ સુવિધાઓ, આરોગ્ય અને સમુદાયભાવને જોડીને એક સંપૂર્ણ લાઈફસ્ટાઇલ ડેસ્ટિનેશન બનાવવામાં આવે છે. તમામ સુવિધાઓમાં, ફિટનેસ ફેસિલિટીઝ સૌથી પ્રભાવશાળી સાબિત થઈ રહી છે. એક સારું ડિઝાઈન કરેલું જીમ હવે વૈકલ્પિક લક્ઝરી માનવામાં આવતું નથી – પરંતુ તે રેસિડેન્શિઅલ અને કોમર્શિઅલ બંને પ્રોજેક્ટ્સમાં સીધું મૂલ્ય વધારતું સ્ટ્રેટેજિક ફીચર બની ગયું છે.

ડેવલપર્સ માટે ફિટનેસ સ્પેસીસ એ માર્કેટ આકર્ષણ અને લાંબાગાળાની સફળતા માટે શક્તિશાળી સાધન છે. સ્ટડી દર્શાવે છે કે ઈન્ટિગ્રેટેડ જીમવાળી પ્રોપર્ટીઝને વધારે રેન્ટલ યીલ્ડ મળે છે, ઝડપી વેચાણ થાય છે અને ટેનન્ટ્સ લાંબા સમય સુધી ટકતા હોય છે. આજના ખરીદદારો અને ભાડૂઆતો તેમના દૈનિક જીવનમાં વેલનેસને આગવું સ્થાન આપે છે. ઘણીવાર, ફિટનેસ ફેસિલિટી હોવી કે નહીં – એ જ તેઓ ક્યાં રહેવા કે કામ કરવા પસંદ કરે તે નક્કી કરે છે.

રિઅલ એસ્ટેટમાં ફિટનેસ ફેસિલિટીઝ શા માટે મહત્ત્વની છે?

ડેવલપર્સ માટે ફિટનેસ સ્પેસીસ એ માર્કેટ આકર્ષણ અને લાંબાગાળાની સફળતા માટે શક્તિશાળી સાધન છે. સ્ટડી દર્શાવે છે કે ઈન્ટિગ્રેટેડ જીમવાળી પ્રોપર્ટીઝને વધારે રેન્ટલ યીલ્ડ મળે છે, ઝડપી વેચાણ થાય છે અને ટેનન્ટ્સ લાંબા સમય સુધી ટકતા હોય છે. આજના ખરીદદારો અને ભાડૂઆતો તેમના દૈનિક જીવનમાં વેલનેસને આગવું સ્થાન આપે છે. ઘણીવાર, ફિટનેસ ફેસિલિટી હોવી કે નહીં – એ જ તેઓ ક્યાં રહેવા કે કામ કરવા પસંદ કરે તે નક્કી કરે છે.

મુખ્ય ફાયદા :

- હાઈ પ્રોપર્ટી વેલ્યુએશન – ફિટનેસ ફેસિલિટીઝ પ્રોજેક્ટને પ્રીમિયમ શ્રેણીમાં લઈ જાય છે.
- ઓક્યુપન્સી રેટમાં વધારો – હેલ્થ-કોન્શિયસ સમુદાય તરફ ખરીદદારો અને ભાડૂઆતો વધારે આકર્ષાય છે.
- ટેનન્ટ રિટેન્શન સુધારે – જીમ જેવી મૂલ્યવાન સુવિધા લોકપ્રિયતા અને લોયલ્ટી વધારે છે.
- સ્પર્ધાત્મક ફાયદો – ઓન-સાઇટ ફિટનેસ ફેસિલિટીઝ પ્રોજેક્ટ્સને ભરેલા માર્કેટમાં અલગ ઓળખ આપે છે.



- પોસ્ટ-પેન્ડેમિક લાઈફસ્ટાઇલમાં બદલાવને કારણે આ ટ્રેન્ડ વધુ મજબૂત બન્યો છે. હેલ્થ અને વેલનેસ હવે લક્ઝરી નહીં, પણ ફરજિયાત જરૂરિયાત બની ગઈ છે.

સફળ જીમ ડિઝાઈન કેવી રીતે કરવી?

દરેક પ્રોજેક્ટમાં જીમ હોવું પૂરતું નથી. ઘણી ડેવલપમેન્ટ્સમાં એવા ફિટનેસ રૂમ હોય છે, જે ઓછા ઉપયોગમાં આવે છે અથવા પૂરતા સાધનો વિનાના હોય છે. આ ખામીનો મૂળકારણ છે એક્સપર્ટાઇઝનો અભાવ. ડેવલપર્સ બાંધકામમાં નિષ્ણાત હોય છે, પણ સારું જીમ પ્લાન કરવા ટેકનિકલ જ્ઞાન ઓછું હોય છે. ફિટનેસ અને ઇમેજ એક્સપર્ટ અનિતા સિંગ દ્વારા સંચાલિત સુકુરુ એક ફિટનેસ ફેસિલિટી પૂરું પાડતી નિષ્ણાત કંપની છે.

સુકુરુ : નિષ્ણાતતા સાથે ફિટનેસ ફેસિલિટીઝનું સર્જન

અનિતા સિંહની લીડરશીપ હેઠળ સુકુરુ એવા ફિટનેસ સ્પેસીસ ડિઝાઈન કરે છે, જે કાર્યક્ષમ, ટકાઉ અને પ્રેરણાદાયક હોય. બે દાયકાથી વધુનો ફિટનેસ ઈન્ડસ્ટ્રીનો અનુભવ ધરાવતા સુકુરુને ઈક્વિપમેન્ટ સિલેક્શન, ગ્લોબલ ક્વોલિટી સ્ટાન્ડર્ડ્સ, યુઝર બિહેવિયર અને સ્પેસ ઑપ્ટિમાઇઝેશનનો ઊંડો અભ્યાસ છે.

ગત કેટલાક વર્ષોમાં સુકુરુએ અગ્રણી રિઅલ એસ્ટેટ ડેવલપર્સ સાથે મળીને સુરતના અનેક પ્રોજેક્ટ્સમાં સફળતાપૂર્વક જીમ ફેસિલિટીઝ સ્થાપિત કરી છે. જેમાં પ્રમુખ રેવાન્તા, મિલિયોનેર્સ લાઈફસ્ટાઇલ માઇલસ્ટોન, કલામંદિર કોર્પોરેટ હાઉસ અને ઈકો હોમ્સનો સમાવેશ થાય છે, તેમજ મોનોલિથમાં આવનારા સમયમાં કામ શરૂ થવાનું છે.

દરેક પ્રોજેક્ટમાં તેઓ શરૂઆતથી જ સાઇટ લેઆઉટ, યુઝર ડેમોગ્રાફિક્સ અને ડિઝાઈન ગોલ્સનું વિશ્લેષણ કરે છે. પછી વિશ્વપ્રસિદ્ધ ફિટનેસ બ્રાન્ડ્સ સાથે મળીને કસ્ટમાઇઝ્ડ ઈક્વિપમેન્ટ પ્લાન્સ તૈયાર કરે છે, જેથી ટકાઉપણું, ગુણવત્તા અને યોગ્યતા સુનિશ્ચિત થાય.

સુકુરુની સર્વિસિસમાં સામેલ છે :

- કન્સલ્ટેશન – સાઇટ વિઝિટ, લેઆઉટ અભ્યાસ અને કસ્ટમ રેકમેન્ડેશન્સ.
- ટોપ બ્રાન્ડ એસોસિએશન – વિશ્વસનીય હાઈ-પરફોર્મન્સ ફિટનેસ ઈક્વિપમેન્ટની સુલભતા.
- ઈન્સ્ટોલેશન અને સેટઅપ – ડિલિવરીથી લઈને સલામતી, કાર્યક્ષમતા અને એસ્થેટિક્સ સુધી સંપૂર્ણ વ્યવસ્થા.
- ઓપ્ટિમાઇઝેશન – સ્માર્ટ સ્પેસ પ્લાનિંગ, જે યુઝેબિલિટી અને કમ્ફર્ટ વધારે.

હેતુ સાદો છે : એવા જીમ બનાવવાનો જે લોકો વાસ્તવમાં ઉપયોગ કરે. આકર્ષક, પ્રૅક્ટિકલ અને પ્રેરણાદાયક જગ્યા ડિઝાઈન કરીને સુકુરુ ફિટનેસ ફેસિલિટીઝને સાચા અર્થમાં લાઈફસ્ટાઇલ એસેટમાં ફેરવે છે. સૌથી વધુ મહત્વપૂર્ણ બાબત, જિમ રહેવાને સોંપાયા પછી પણ કેવી રીતે ફંક્શનલ રહી શકે તેમાં પણ અનિતા સીંગ કન્સલ્ટન્સી આપે છે.

રહેવા માટેના નાના જીમથી લઈને સમુદાય હેલ્થ હબ સુધી, સુકુરુ દરેક પ્રોજેક્ટમાં નિષ્ણાતતા, ચોકસાઈ અને જુસ્સો લાવે છે. પરિણામે એક એવું ફિટનેસ ઈકોસિસ્ટમ ઊભું થાય છે, જે નિવાસીઓના આરોગ્યમાં સુધારો કરે છે અને રિઅલ એસ્ટેટ પ્રોજેક્ટને લાંબા ગાળાનું મૂલ્યવર્ધન આપે છે.

યુગેન રિઅલ્ટી ન્યૂઝપેપર સાથે વાત કરતાં **અનિતા સિંહ, ફિટનેસ ડિરેક્ટર, સુકુરુ**એ જણાવ્યું કે, "જીમ માત્ર ઇક્વિપમેન્ટ - મશીનોથી ભરેલું રૂમ નથી – તે સ્વસ્થ જીવન માટે પ્રેરણા આપતું, સમુદાય બનાવતું અને પ્રોપર્ટીના લાંબા ગાળાના મૂલ્યમાં વધારો કરતું સ્પેસ છે. સુકુરુમાં અમારું મિશન છે એવી ફિટનેસ ફેસિલિટીઝ બનાવવાનું કે લોકો તેનો આનંદથી ઉપયોગ કરે. અને તેમને ફરી-ફરી જીમમાં આવવાનું મન થાય."

ફિટનેસ ફેસિલિટીઝને નિષ્ણાતતા અને કાળજીપૂર્વક ડિઝાઈન કરીને ડેવલપર્સ માત્ર બિલ્ડિંગ નહીં, પણ એવી લાઈફસ્ટાઇલ જગ્યા ઊભી કરી શકે છે, જે તરત જ માર્કેટ આકર્ષે અને લાંબા ગાળે મૂલ્ય ઉમેરે.

અનિતા સિંહની લીડરશીપ હેઠળ સુકુરુ એવા ફિટનેસ સ્પેસીસ ડિઝાઈન કરે છે, જે કાર્યક્ષમ, ટકાઉ અને પ્રેરણાદાયક હોય. બે દાયકાથી વધુનો ફિટનેસ ઈન્ડસ્ટ્રીનો અનુભવ ધરાવતા સુકુરુને ઈક્વિપમેન્ટ સિલેક્શન, ગ્લોબલ ક્વોલિટી સ્ટાન્ડર્ડ્સ, યુઝર બિહેવિયર અને સ્પેસ ઑપ્ટિમાઇઝેશનનો ઊંડો અભ્યાસ છે.

- અનિતા સિંહ
ફિટનેસ ડિરેક્ટર, સુકુરુ

TSUKURU सुकुरु
For Consultation for setting up Gym at your Project Please Call
+91 94290 46644

rigveda® PMC Pvt. Ltd.

Your Trusted Project Management Partner

Smart Project Management & Comprehensive PMC Solutions for Real Estate & Infrastructure

Seamless Coordination Between Clients, Architects & Contractors For Timely, Cost-Efficient & Quality-Driven Execution

Recent High Rise Project Work

We Manage What Matters :
Residential | Commercial | Hospitality | Healthcare | Educational Projects

Site Control | Planning & Scheduling | Contract Management | Work Execution | Material Management | Quality Management | On-Site Supervision | Cost Management

Scan for more Info
therigvedapmc.com

Turning Concepts into Landmarks Precision-Driven PMC for Civil & Interior Project Excellence

93772 25805
96874 75805

info@therigvedapmc.com
510, SNS Business Park, Opp. JH Ambani School Udhana Magdalla Road, Piplod, Surat - 395007.

RMIX CONCRETE — TRUST · COMMITMENT · STRENGTH

RMIX Concrete Framework
So easy to work with, it feels...
OUT OF THIS WORLD.
Did you try?

मजबूत कोंक्रीट
अटूट विश्वास!

ISO · QCI
CERTIFIED
for Strength and Performance!

South Gujarat's Most Trusted Brand
Delivering the quality you pay for.

7 years of solid foundation
- Rigorous Checks & Controls
- Flexiblility in approach to support your site

250+ Projects Completed | **10 lakh+** Cubic Meters Delivered | **50+** Serving Areas across South Gujarat

Proudly SERVING

RAJHANS · Roongta · WHITE WINGS · ECO HOMES · SANGINI · PSP · NEMI INFRA · Samarth · STALWART

& Many More...

RMIX Vadod
Sub Plot No.A/3, Block NO. 124, T.P., No.71, F.P. No.81/A, Vadod Gam, Pandesara, Surat, Gujarat, 394221

RMIX Magdalla
Block No. 37, Plot No. 69, Pithawala College Road, Vanta, Gaviyer, Surat, Gujarat, 395007

RMIX Navsari
Plot No-69-70, Phase-5, Rajhans Zesto, Surat-Navsari Highway, Near Ashok Leyland, Workshop, Navsari-396415, Gujarat

+91-7096758930
admin@rmix.in
www.rmix.in
101, Roongta Shopping Centre, VIP Rd, Vesu, Surat

#1 on Google for Ready-Mix Concrete SURAT

ક્રેડાઈ નેટકોન 2025 સિંગાપોર

ભારતના રિઅલ એસ્ટેટને $10 ટ્રિલિયન સુધી પહોંચાડવાનો રોડમેપ

2047 સુધીમાં $30 ટ્રિલિયન અર્થતંત્ર માટે મજબૂત આધાર – રિઅલ એસ્ટેટ

2047 સુધી ભારતનો રિઅલ એસ્ટેટ માર્કેટ $5 થી $10 ટ્રિલિયન સુધી પહોંચી શકે છે, જે દેશના GDPમાં લગભગ 20% યોગદાન આપશે. આ ભારતના $30 ટ્રિલિયન અર્થતંત્રના સપનાને સાકાર કરવા માટે મહત્વપૂર્ણ રહેશે - CREDAI–Colliers રિપોર્ટ

યુગેન રિઅલ્ટી, સુરત.

11 થી 13 સપ્ટેમ્બર 2025 દરમિયાન સિંગાપુરમાં યોજાયેલ 23મી ક્રેડાઈ નેટકોન ભારતીય રિઅલ એસ્ટેટ ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ ટર્નિંગ પોઇન્ટ સાબિત થયું. Confederation of Real Estate Developers' Associations of India (CREDAI) દ્વારા આયોજિત આ કોન્ફરન્સમાં 1,200થી વધુ ડેવલપર્સ, ઇન્વેસ્ટર્સ, નીતિનિર્ધારકો અને વૈશ્વિક નિષ્ણાતોએ ભાગ લીધો.

આ પ્રસંગે રજૂ થયેલ CREDAI–Colliers રિપોર્ટમાં જણાવાયું કે, 2047 સુધી ભારતનો રિઅલ એસ્ટેટ માર્કેટ $5 થી $10 ટ્રિલિયન સુધી પહોંચી શકે છે, જે દેશના GDPમાં લગભગ 20% યોગદાન આપશે. આ ભારતના $30 ટ્રિલિયન અર્થતંત્રના સપનાને સાકાર કરવા માટે મહત્વપૂર્ણ રહેશે.

રિઅલ એસ્ટેટની વૃદ્ધિ – હાઉસિંગ અને કોમર્શિઅલ

રિપોર્ટ મુજબ, 2047 સુધી દર વર્ષે હાઉસિંગ સેલ્સ બમણી થઈને 1 મિલિયન યુનિટ સુધી પહોંચી જશે. સાથે સાથે, ગ્રેડ A ઓફિસ, ઇન્ડસ્ટ્રીઅલ અને વેરહાઉસિંગ સ્ટૉક 2 બિલિયન સ્ક્વેર ફૂટથી વધારે થશે.

REITs રિઅલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટનું મહત્વ મોટા પ્રમાણમાં વધશે. હાલનો 10% હિસ્સો 2047 સુધી 40–50% સુધી વધી શકે છે. ખાસ કરીને ઓફિસ સેગમેન્ટમાં REITનો પ્રભાવ 16% થી વધીને 60% થી વધુ થઈ જશે.

શહેરીકરણ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર – નવા શહેરોની નવી દિશા

ભારત ઝડપથી શહેરી બની રહ્યું છે. આજે 37% વસ્તી શહેરોમાં વસે છે, જ્યારે 2050 સુધી આ પ્રમાણ 53% એટલે કે લગભગ 900 મિલિયન લોકો થશે. આ વિકાસ ફક્ત ટીયર -1 મેટ્રો શહેરો સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ ટીયર 2 અને ટીયર 3 શહેરો તથા નવા ગ્રોથ કોરિડોરમાં પણ ફેલાશે.

વિમલ નાદર, હેડ ઓફ રિસર્ચ – કોલિયર્સ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, "2050 સુધીમાં જેટલાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર પડશે તેનો અડધાથી વધુ ભાગ હજી બાંધવાનું બાકી છે. સંભાવનાઓ અને તકો અનંત છે." તેમના અંદાજ મુજબ, આગામી 25 વર્ષમાં લગભગ $2 ટ્રિલિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ થશે – જેમાં નવા ટાઉનશિપ, રિટેલ હબ, ટ્રાન્સપોર્ટ નેટવર્ક અને લોજિસ્ટિક્સ કોરિડોરનો સમાવેશ થાય છે.

રોકાણકારોનો વિશ્વાસ અને ઈન્સ્ટિટ્યુશનલ કેપિટલ

પાછલા 15 વર્ષમાં ભારતીય રિઅલ એસ્ટેટ ક્ષેત્રે લગભગ $80 બિલિયન ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટમેન્ટ આકર્ષ્યું છે. તેમાં 57% વિદેશી મૂડી હતી. પેન્ડેમિક પછી સ્થાનિક ઈન્વેસ્ટમેન્ટમાં પણ તેજી જોવા મળી, જેના કારણે ફંડિગ સ્રોતો વધુ વૈવિધ્યસભર બન્યા.

બાદલ યાગ્નિક, CEO – કોલિયર્સ ઈન્ડિયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ભારતનું રિઅલ એસ્ટેટ ક્ષેત્ર સર્વસમાવેશી વૃદ્ધિનું કેન્દ્ર છે અને 2047 સુધીમાં તે 5 થી 10 ટ્રિલિયન ડોલરના બજાર સુધી પહોંચશે એવો અંદાજ છે. સહાયક નીતિઓ, મજબૂત માંગ અને વધતા રોકાણકાર વિશ્વાસના કારણે આ ક્ષેત્ર સતત વૃદ્ધિ તરફ આગળ વધી રહ્યું છે. 2047 સુધી ગ્રેડ-એ ઓફિસ અને ઔધોગિક સ્ટોક 2 બિલિયન સ્ક્વેર ફૂટને પાર કરશે, જ્યારે વાર્ષિક રેસિડેન્શિઅલ સેલ્સ બમણું થઈ 10 લાખ યુનિટ સુધી પહોંચી શકે."

સસ્ટેનેબિલિટી અને વૈશ્વિક ભાગીદારી -

Natcon 2025માં પર્યાવરણપ્રેમી વિકાસ એક મુખ્ય એજન્ડા રહ્યો

- CREDAI Pune અને Singapore's BCA International (BCAI) વચ્ચે મહત્વપૂર્ણ MoU સાઇન કરવામાં આવ્યું.
- **આ સમજૂતી પર મનિષ જૈન (પ્રેસિડેન્ટ – CREDAI Pune) અને હેંગ ટેક થાઇ (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર – BCAI)એ હસ્તાક્ષર કર્યા.**

આ ભાગીદારીનો મુખ્ય હેતુ – ગ્રીન બિલ્ડિંગ પ્રેક્ટિસ, એનર્જી એફિશિયન્સી, વેસ્ટ ઘટાડવું અને ક્લાઈમેટ-ફ્રેન્ડલી કન્સ્ટ્રક્શનને પ્રોત્સાહન આપવો. આ પહેલ દર્શાવે છે કે ભારતનો રિઅલ એસ્ટેટ ઝડપી વૃદ્ધિ સાથે પર્યાવરણની જવાબદારી પણ નિભાવી રહ્યો છે.

વિકાસને આગળ ધપાવતી પાંચ મુખ્ય શક્તિઓ

ક્રેડાઈ - કોલિયર્સ રિપોર્ટ **"Indian Real Estate : Fostering Equity and Fuelling Economic Growth" અનુસાર, 2047 સુધી ભારતીય રિઅલ એસ્ટેટને પાંચ મુખ્ય પરિબળો આગળ ધપાવશે :**

- નવા શહેરો અને કોરિડોર તરફ શહેરી વિસ્તાર
- ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ – વૃદ્ધિનો આધાર
- યુવાન અને આશાવાદી જનસંખ્યા
- ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને સ્માર્ટ સિટીઝ
- સસ્ટેનેબિલિટી અને પર્યાવરણપ્રેમી વિકાસ
- આ પાંચ પરિબળો મળીને ઉદ્યોગની દિશા નક્કી કરશે અને તેને વૈશ્વિક સ્તરે મજબૂત બનાવશે.
- ભારતનું ભવિષ્ય – માત્ર ઈમારતો નહીં, રાષ્ટ્ર નિર્માણ

ક્રેડાઇ લીડરશીપે સ્પષ્ટ કર્યું કે રિઅલ એસ્ટેટનું યોગદાન ફક્ત અર્થતંત્ર પૂરતું નથી, પરંતુ સમાજ અને પર્યાવરણ સાથે જોડાયેલું છે. Natcon 2025એ દર્શાવ્યું કે ભારતનું રિઅલ એસ્ટેટ ભવિષ્ય ફક્ત માર્કેટ સાઇઝ વિશે નહીં, પરંતુ સામાજિક ન્યાય, શહેરી સ્થિરતા અને પર્યાવરણપ્રેમી વિકાસ વિશે છે. હાઉસિંગ વેચાણ બમણું થવાનું, REITનું વિસ્તરણ અને નાના શહેરોમાં નવા ગ્રોથ એન્જિન્સ ઊભા થવાનું – આ બધા પરિબળો મળીને ભારતના સો વર્ષના વિકાસનો માર્ગ તૈયાર કરશે.

શેખર પટેલ, પ્રેસિડેન્ટ - ક્રેડાઈ એ જણાવ્યું હતું કે, "2047 સુધીમાં ભારતનું રિઅલ એસ્ટેટ ફક્ત સ્ક્વેર ફૂટ કે એસેટ વેલ્યુથી નહીં, પરંતુ લોકોના જીવનની ગુણવત્તાથી મપાશે. આ ક્ષેત્ર ભારતના શહેરી ભવિષ્યને નવી દિશા આપી શકે છે - ક્લાયમેટ ફ્રેન્ડલી શહેરો, અફોર્ડેબલ છતાં આકર્ષક ઘર અને સમાવી લેતા ઈકોસિસ્ટમ બનાવીને. ક્રેડાઈ માને છે કે રિઅલ એસ્ટેટ ભારતને વિકસિત અર્થતંત્ર તરફ દોરી જનાર પાયો છે, જ્યાં દરેક પ્રોજેક્ટ સમાજમાં સમાનતા અને ટકાઉ વૃદ્ધિ લાવે. આવતા દાયકાઓમાં ફક્ત ઈન્ફ્રા નહીં, પરંતુ ભવિષ્યનું ભારત બનાવવાનો અવસર છે, અને અમે સંપૂર્ણપણે તૈયાર છીએ."

જો સિંગાપુરમાં રજૂ કરાયેલ રોડમેપ હકીકતમાં ફેરવાશે, તો 2047 સુધી ભારતીય રિઅલ એસ્ટેટ ફક્ત $10 ટ્રિલિયનનું માર્કેટ નહીં રહે, પરંતુ ભારતના આર્થિક, સામાજિક અને પર્યાવરણીય વિકાસનો મજબૂત આધાર બનશે.

CREDAI
GLAM SURAT
PROPERTY SHOW '26
JAN. 9-10-11

ક્રેડાઈ સુરત ગ્લેમ સુરત પ્રોપર્ટી શો '26 :
રિઅલ એસ્ટેટના ભવિષ્યનું પ્રદર્શન

સુરતના નાગરિકો તેમજ દેશભરના રોકાણકારો હવે નવા આત્મવિશ્વાસ સાથે શહેર તરફ જોઈ રહ્યા છે. ગ્લેમ સુરત પ્રોપર્ટી શો '26 યોગ્ય સમયે આવે છે, જે ખરીદદારોને વિવિધ જરૂરિયાતો અને આકાંક્ષાઓને પૂર્ણ કરતા રેસિડેન્શિઅલ, કોમર્શિઅલ અને ઇન્ડસ્ટ્રીઅલ પ્રોજેક્ટ્સની વિશાળ શ્રેણી જોઈ શકશે.

યુગેન રિઅલ્ટી, સુરત.

1993માં સ્થપાયેલ ક્રેડાઈ સુરત લાંબા સમયથી શહેરના રિઅલ એસ્ટેટ ઉદ્યોગને દિશા અને વિકાસના માર્ગ આગળ લઇ જતું એક પ્રેરક બળ રહ્યું છે. અગ્રણી પ્રમોટર્સ અને ડેવલપર્સ સહિત 850 થી વધુ સભ્યો સાથે, આ સંસ્થા ક્રેડાઈ ગુજરાત અને ક્રેડાઈ ઇન્ડિયા સાથે જોડાયેલી છે. વર્ષોથી, ક્રેડાઈ સુરતે આ ક્ષેત્રમાં પારદર્શિતા, પ્રોફેશનલિઝમ, બેસ્ટ બિઝનેસ પ્રેક્ટિસીસને પ્રોત્સાહન અને ઉદ્યોગની પોલિસી એડ્વોકેસી માટે અથાક મહેનત કરી છે.

"તેજીના ટકોરા - સ્માર્ટ સુરત પ્રોપર્ટી ફેસ્ટ 2022"ની શાનદાર સફળતા પછી, ક્રેડાઈ સુરત હવે 9 થી 11 જાન્યુઆરી, 2026 દરમિયાન સુરતના વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર બહુપ્રતિક્ષિત ગ્લેમ સુરત પ્રોપર્ટી શો '26 ની જાહેરાત કરી છે. આ પ્રોપર્ટી એક્સ્પો ઇવેન્ટ શહેરનું સૌથી ભવ્ય રિઅલ એસ્ટેટ પ્રદર્શન બનવા માટે તૈયાર છે, જે ડેવલપર્સ, અલાઇડ ઇન્ડસ્ટ્રીઝ, બેંક્સ અને મિલકત શોધનારાઓને એક છત નીચે એકસાથે લાવશે.

સુરત તકોનું ઉભરતું શહેર

ભારતના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંના એક તરીકે વ્યાપકપણે ગણાતા સુરતમાં નોંધપાત્ર પરિવર્તન આવી રહ્યું છે. સુરત ડાયમંડ બુર્સ, સુરત મેટ્રો, આઉટર રિંગ રોડ, ડ્રીમ સિટી, તાપી રિવર ફ્રન્ટ, PM મિત્ર પાર્ક, ડુમસ સી ફેસ, બુલેટ ટ્રેન, DFC, SIR અને વિસ્તરતા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જેવા મેગા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સાથે, શહેર કોમર્સ, વેપાર અને જીવનશૈલી માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે મજબૂત રીતે સ્થાપિત થઈ રહ્યું છે. આ વિકાસથી પ્રોપર્ટી માર્કેટમાં મજબૂત ઉછાળો આવ્યો છે, જેનાથી રેસિડેન્શિઅલ, કોમર્શિઅલ અને ઇન્ડસ્ટ્રીઅલ ક્ષેત્રોમાં તકો ઊભી થઈ છે.

શ્રેષ્ઠતાનું પ્રદર્શન

સુરતના નાગરિકો તેમજ દેશભરના રોકાણકારો હવે નવા આત્મવિશ્વાસ સાથે શહેર તરફ જોઈ રહ્યા છે. ગ્લેમ સુરત પ્રોપર્ટી શો '26 યોગ્ય સમયે આવે છે, જે ખરીદદારોને વિવિધ જરૂરિયાતો અને આકાંક્ષાઓને પૂર્ણ કરતા રેસિડેન્શિઅલ, કોમર્શિઅલ અને ઇન્ડસ્ટ્રીઅલ પ્રોજેક્ટ્સની વિશાળ શ્રેણી જોઈ શકશે.

ગ્લેમ સુરત પ્રોપર્ટી શોમાં સુરતના સૌથી વિશ્વસનીય ડેવલપર્સના પ્રોજેક્ટ્સ દર્શાવવામાં આવશે, જેમાં રેસિડેન્શિઅલ, કોમર્શિઅલ અને ઇન્ડસ્ટ્રીઅલ અને વેલ્યુ એડેડ પ્રોપર્ટીઝ ની વિશાલ શ્રેણી અહીંયાં શહેરીજનો જોઈ શકશે. પ્રિમિયમ હાઈ-રાઇઝ ઇમારતોથી લઈને અફોર્ડેબલ સેગ્મેન્ટ, રિટેલ સ્પેસીસથી લઈને ઇન્ડસ્ટ્રીઅલ પાર્ક્સ, સુધી, આ પ્રદર્શન દરેક માટે કંઈક ને કઇંક લઈને આવી રહ્યું છે ચાહે તે ફર્સ્ટ ટાઈમ બાયર્સ હોય, સેકન્ડ હોમ શોધતા હોય, ઇન્વેસ્ટર્સ હોય કે બિઝનેસીસ બધા માટે કંઈક ને કઇંક છે.

આ ઉપરાંત આ શો માં ફાઇનાન્સ કંપનીઓ, હોમ ડેકોર બ્રાન્ડ્સ, બિલ્ડિંગ મટિરિઅલ સપ્લાયર્સ અને ઇન્ટિરીઅર ડિઝાઈન કંપનીઓ સહિત અલાઇડ ઇન્સ્ટ્રીઝની પણ હાજરી હશે. મુલાકાતીઓ મિલકતો ની સાથે તેમના ડ્રિમ સ્પેસીસ બનાવવા માટે એન્ડ-ટુ-એન્ડ સોલ્યુશન્સની સમજ પણ મેળવી શકશે.

વિઝિટર્સ માટે બેસ્ટ લોકેશન વેન્યુ

આ વર્ષે, વનિતા વિશ્રામ ગ્રાઉન્ડને શો માટે વેન્યુ તરીકે પસંદ કરવામાં આવ્યું છે. શહેરના કેન્દ્રમાં સ્થિત, તે ઉત્તમ કનેક્ટિવિટી અને સુવિધા પૂરી પાડે છે, જેનાથી સુરતના ખૂણે ખૂણેથી નાગરિકો માટે શોની મુલાકાત લેવા અને પ્રોપર્ટી જોવુંની સરળ બનશે.

બિઝનેસ સાથે નોલેજ અને નેટવર્કિંગ

ગ્લેમ સુરત પ્રોપર્ટી શો '26 આકર્ષક નોલેજ સેશન્સ અને નેટવર્કિંગ માટે તૈયાર છે જ્યાં એક્સપર્ટ્સ માર્કેટ ટ્રેન્ડ, રોકાણની તકો, સસ્ટેનેબલ બાંધકામ પ્રેક્ટિસીસ, અને અર્બન લાઈફના ભવિષ્ય પર આંતરદૃષ્ટિ શેર કરશે. આ સત્રો ફક્ત ખરીદદારો, રોકાણકારો અને ડેવલપર્સને પણ આગળ વધવા માટે જરૂરી ઇંધણ પૂરું પાડશે અને લાભ કરશે.

શ્રી સંજય માંગુકિયા
(ચેરમેન, CREDAI સુરત)

ક્રેડાઈ સુરત ગ્લેમ સુરત પ્રોપર્ટી શો '26 પાછળના વિઝન પર વાત કરતા **ક્રેડાઈ સુરતના ચેરમેન સંજય માંગુકિયાએ** જણાવ્યું હતું કે, "ત્રણ વર્ષના અંતરાલ પછી પ્રોપર્ટી એક્સ્પો માટે અમે બહુ જ ઉત્સાહિત છીએ, સુરત વિશ્વ કક્ષાનું શહેર બનવાની દિશામાં છે. આ શો સાથે, અમારું લક્ષ્ય ડેવલપર્સ, અલાઇડ ઇન્ડસ્ટ્રીઝ અને નાગરિકોને એક પારદર્શક અને સુલભ પ્લેટફોર્મ મળે અને તેમને એકસાથે લાવવાનું છે. ટોપ ક્લાસ પ્રોપર્ટીઝ એક જ જગ્યા પર બાયર્સ જોઈ શકશે. રિઅલ એસ્ટટ ઉદ્યોગને વેગ આપવા સાથે સુરતના રિઅલ એસ્ટેટના ભવિષ્યને નવો આકાર આપવામાં આ એક્સ્પો બહુ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે."

ડૉ. જીગ્નેશ પટેલ
(પ્રમુખ, CREDAI સુરત)

ક્રેડાઈ સુરતના પ્રેસિડેન્ટ ડૉ. જિગ્નેશ પટેલે જણાવ્યું હતું કે, "સુરતમાં પ્રોપર્ટી માર્કેટ ગતિશીલ અને તકોથી ભરેલું છે. ગ્લેમ સુરત પ્રોપર્ટી શો '26 નાગરિકોને દરેક ક્ષેત્રમાં શહેર દ્વારા ઓફર કરવામાં આવતા શ્રેષ્ઠ પ્રોજેક્ટ્સને જોવા અને જાણવાની તક એક જ છત નીચે પાસે. બાયર્સ અને રોકાણકારો માટે જાણકાર નિર્ણયો લેવાની અને ડેવલપર્સ માટે ગુણવત્તા અને નવીનતા પ્રત્યેની તેમની પ્રતિબધ્ધતા દર્શાવવાની આ એક સુવર્ણ તક છે."

ઉમેશ પટેલ અને તુષાર લાખાણી
શોના કોઓર્ડીનેટર્સ

શોના કોઓર્ડીનેટર્સ ઉમેશ પટેલ અને તુષાર લાખાણીએ પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "અમે આ શોને એક ઈન્ક્લુઝીવ પ્લેટફોર્મ તરીકે ડિઝાઈન કર્યો છે - સુરતમાં રિઅલ એસ્ટેટ પ્રોપર્ટી ખરીદવા, રોકાણ કરવા અથવા ફક્ત ડેવલપમેન્ટને સમજવા માંગતા કોઈપણ માટે એક વન-સ્ટોપ ડેસ્ટિનેશન. ડેવલપર્સ, અલાઇડ ઇન્ડસ્ટ્રીઝ અને નોલેજ સેશન્સ સાથે, મુલાકાતીઓને જબરદસ્ત અનુભવ મળશે. આ બહુ વિચાર કર્યા પછી શહેરના કેન્દ્રમાં - વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે શોનું આયોજન નાગરિકો માટે મહત્તમ સુવિધા અને ઇઝી કનેક્ટિવિટી આપશે, જેનાથી તેમના માટે મુલાકાત લેવા અને જોવું સરળ બને. શૉને શ્રેષ્ઠ બનાવામાં કોઈ કચાશ નહિ રાખવામાં આવે, વિઝિટર્સ અને પાર્ટિસિપન્ટ્સ બંને સુંદર અને યાદગાર અનુભવ મળે તેવું આયોજન કરવા અમે જઈ રહ્યા છીએ.

નાગરિકો માટે એક સુવર્ણ તક

રિઅલ એસ્ટેટ ડિસ્પ્લે, સંલગ્ન ઉદ્યોગો અને એક્સપર્ટ્સ નોલેજ સેશન્સ સાથે, ક્રેડાઈ સુરત ગ્લેમ સુરત પ્રોપર્ટી શો '26 સુરતના નાગરિકોની આકાંક્ષાઓને આકાર આપતો પ્રોપર્ટી શો બનવા જઈ રહ્યો છે. ભલે તમે તમારા ફર્સ્ટ હોમ, પ્રિમિયમ અપગ્રેડ અથવા સ્ટ્રેજિક બિઝનેસ એક્સપેશન માટે રોકાણ શોધી રહ્યા હોવ, આ શો એ છે જ્યાં શક્યતાઓ વાસ્તવિકતામાં ફેરવાશે.

ક્રેડાઈ સુરત ગ્લેમ સુરત પ્રોપર્ટી શો '26 :

તારીખ : 9-11 જાન્યુઆરી, 2026

સ્થળ : વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, સુરત

આ પ્રોપર્ટી એક્સ્પો ઇવેન્ટ શહેરનું સૌથી ભવ્ય રિઅલ એસ્ટેટ પ્રદર્શન બનવા માટે તૈયાર છે, જે ડેવલપર્સ, અલાઇડ ઇન્ડસ્ટ્રીઝ, બેંક્સ અને મિલકત શોધનારાઓને એક છત નીચે એકસાથે લાવશે.

Mark Your Calendar.
Book Your Stall Now

તમારી પ્રોપર્ટીની શોધ યાત્રા અહીંથી શરૂ થાય છે. સુરતના રિઅલ એસ્ટેટના ભવિષ્યને જોવાની આ સુવર્ણ તક ચૂકશો નહીં.

ક્રેડાઈ ગુજરાત અને ક્રેડાઈ ગુજરાત યુથ વિન્ગની નવી લીડરશીપ ટીમ 2025-27 માટે જાહેર

ક્રેડાઈ ગુજરાત લીડરશીપ ટીમ

પરેશ એમ. ગજેરા – ચેરમેન, રાજકોટ
તેજસ સી. જોશી – પ્રેસિડેન્ટ, અમદાવાદ
વિરલ જી. શાહ – સેક્રેટરી, અમદાવાદ
નીલમ બી. દોશી – વાઈસ પ્રેસિડેન્ટ, સેન્ટ્રલ ઝોન, અમદાવાદ
ધ્રુવ એન. પટેલ – વાઈસ પ્રેસિડેન્ટ, સેન્ટ્રલ ઝોન, અમદાવાદ
ભરતકુમાર ડી. સુખડિયા – વાઈસ પ્રેસિડેન્ટ, સાઉથ ઝોન, સુરત
મયંક એસ. પટેલ – વાઈસ પ્રેસિડેન્ટ, ઈસ્ટ ઝોન, વડોદરા
દિલીપ એસ. લાડાણી – વાઈસ પ્રેસિડેન્ટ, વેસ્ટ ઝોન, રાજકોટ
હરેશ કે. પટેલ – વાઈસ પ્રેસિડેન્ટ, નોર્થ ઝોન, મહેસાણા
વિજય એસ. ધામેલિયા – ટ્રેઝરર, સુરત
અમિત પી. અગ્રવાલ – હૉન. જુઇન્ટ સેક્રેટરી, સાઉથ ઝોન, વાપી

પ્રેસિડેન્ટ, અમદાવાદ
તેજસ સી. જોશી
(વિવાન ઇન્ફ્રાસ્ટ્રક્ચર)

ચેરમેન, રાજકોટ
પરેશ એમ. ગજેરા
(શીવ આસ્થા LLP)

સેક્રેટરી, અમદાવાદ
વિરલ જી. શાહ
(સન બિલ્ડકોન)

ભરતકુમાર ડી. સુખડિયા
(દેવજી કન્સ્ટ્રક્શન)
વાઈસ પ્રેસિડેન્ટ
સાઉથ ઝોન, સુરત

અમિત પી. અગ્રવાલ
(નાગજુઆ પ્રોજેક્ટ્સ LLP)
હૉન. જોઇન્ટ સેક્રેટરી,
સાઉથ ઝોન, વાપી

વિજય એસ. ધામેલિયા
(A & J એસોસિએટ્સ)
ઓન. ટ્રેઝરર,
સુરત

ક્રેડાઈ ગુજરાત યુથ વિન્ગ લીડરશીપ ટીમ

ભવદત્ત પટેલ – કન્વીનર, અમદાવાદ
ગોપી પટેલ – કો-કન્વીનર, રાજકોટ
વિપુલ માંગુકિયા – કો-કન્વીનર, સુરત
મુન્જલ ઠક્કર – સેક્રેટરી, વડોદરા
હેમન વાણિયા – હૉન. જોઇન્ટ સેક્રેટરી, વાપી
રોનક પટેલ – હૉન. જોઇન્ટ સેક્રેટરી, વડોદરા
વરુણ અમીન – ટ્રેઝરર, અમદાવાદ
ચિંતન સાચપરા – જોઇન્ટ ટ્રેઝરર, ભાવનગર
અમિશ મહેતા – સેન્ટ્રલ ઝોન કો-ઓર્ડિનેટર, અમદાવાદ
પ્રતિક વાઘાણી – સાઉથ ઝોન કો-ઓર્ડિનેટર, સુરત
કૃણાલ દૈમા – ઈસ્ટ ઝોન કો-ઓર્ડિનેટર, ભરૂચ
પાર્થે ધુલેસિયા – વેસ્ટ ઝોન કો-ઓર્ડિનેટર, જૂનાગઢ
નિર્મલસિંહ વાઘેલા – નોર્થ ઝોન કો-ઓર્ડિનેટર, બનાસકાંઠા
તેજસ પટેલ – સેન્ટ્રલ ઝોન સેક્રેટરી, ગાંધીનગર
હર્નિશ પટેલ – સાઉથ ઝોન સેક્રેટરી, સુરત
બિજન – ઈસ્ટ ઝોન સેક્રેટરી, આનંદ
રાજદીપસિંહ – વેસ્ટ ઝોન સેક્રેટરી, ભાવનગર
અમિત પટેલ – નોર્થ ઝોન સેક્રેટરી, મહેસાણા
સન્ની પટેલ – કમિટી મેમ્બર, અમદાવાદ

યુગેન રિઅલ્ટી, સુરત.

ક્રેડાઈ ગુજરાતએ 2025-27 માટે તેની નવી નેતૃત્વ ટીમ જાહેર કરી છે અને સાથે જ નવી રચાયેલી ક્રેડાઈ ગુજરાત યુથ વિન્ગની લીડરશીપ ટીમ પણ જાહેર કરી છે. બંને ટીમો તાજી ઊર્જા, નવીન વિચારો અને ગુજરાતની રિઅલ એસ્ટેટ સેક્ટરના ભવિષ્યને ગઢવાનો મજબૂત વિઝન સાથે આગળ આવી રહી છે. તેમની ક્ષમતા અને વિઝન સાથે, તેઓ ટકાઉ વિકાસ, પ્રોફેશનલિઝમ અને પારદર્શકતા વધારવાના લક્ષ્ય સાથે ગુજરાતને રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં નેતૃત્વ આપે તેવી આશા રાખે છે.

ભવિષ્ય માટે દૃષ્ટિકોણ

બંને નેતૃત્વ ટીમો ગુજરાતની રિઅલ એસ્ટેટ સેક્ટરમાં નવીનતા, ટકાઉ વિકાસ અને વ્યાવસાયિકતા વધારવા માટે પ્રતિબધ્ધ છે. તેઓ અફોર્ડેબલ હોમ્સ, સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ, ઇકો ફ્રેન્ડલી ડેવેલપમેન્ટ અને સ્કિલ ડેવલપમેન્ટના કાર્યક્રમો પર ધ્યાન કેન્દ્રિત કરશે. વર્કશોપ, જ્ઞાન વહેંચણી અને ઝોન-સ્તરીય સહકાર દ્વારા, ક્રેડાઈ ગુજરાત અને તેનું યુથ વિન્ગ ડેવલપર્સ, ઘર ખરીદદારો અને સમુદાયોને લાભ પહોંચાડશે અને પારદર્શક અને વૃદ્ધિશીલ રિઅલ એસ્ટેટ વાતાવરણ સુનિશ્ચિત કરશે.

જેમ જેમ ગુજરાત ઝડપી વિકાસ પામે છે, આ બિઝનેસ લીડર્સ રિઅલ એસ્ટેટ સેક્ટરને આ પરિવર્તનશીલ સમયગાળામાં માર્ગદર્શન આપવાના યોગ્ય સ્થાન પર છે અને ઉચ્ચતમ ધોરણો અને ટકાઉ વિકાસ માટે નવું માપદંડ સ્થાપિત કરશે.

ક્રેડાઈ ગુજરાત યુથ વિંગ નવી ટિમ દ્વારા
માન. શ્રીમતી જયંતી એસ. રવિની સૌજન્ય મુલાકાત

બાંધકામ સામગ્રી પર GST દરમાં ઘટાડો : પરવડે તેવા મકાનો અને રિઅલ એસ્ટેટની માંગમાં વધારો

યુગેન રિઅલ્ટી, સુરત.

સિમેન્ટ, ઇંટો અને માર્બલ જેવી મુખ્ય બાંધકામ સામગ્રી પર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)માં તાજેતરમાં ઘટાડાથી ભારતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં આશાવાદ જાગ્યો છે. આ પગલાથી બાંધકામ ખર્ચમાં ઘટાડો થતાં, પ્રોજેક્ટની કાર્યક્ષમતામાં સુધારો થયો અને સસ્તું અને મધ્યમ આવક ધરાવતા આવાસ વિભાગોને ખૂબ જ જરૂરી પ્રોત્સાહન મળશે, જે સરકારના "બધા માટે ઘર"ના લાંબા ગાળાના વિઝન સાથે સુસંગત રહેશે. જ્યારે ઘર ખરીદનારાઓ પર વાસ્તવિક અસર વિકાસકર્તાઓ બચત કેટલી હદ સુધી પસાર કરે છે તેના પર નિર્ભર રહેશે, આ ફેરફાર ઉદ્યોગના હિસ્સેદારો અને મહત્વાકાંક્ષી મકાનમાલિકો બંને માટે સકારાત્મક પગલું સૂચવે છે.

સકારાત્મક અસરો

પોષણક્ષમતામાં વધારો

ઘર ખરીદનારાઓ માટે, ખાસ કરીને સસ્તું અને મધ્યમ આવક ધરાવતા વર્ગોમાં, ખર્ચમાં નજીવો ઘટાડો પણ નોંધપાત્ર ફરક લાવી શકે છે. સિમેન્ટ GST 28% થી ઘટાડીને 18% અને ઇંટો અને માર્બલ 12% થી ઘટાડીને 5% કરવામાં આવતા, વિકાસકર્તાઓના એકંદર ઇનપુટ ખર્ચમાં ઘટાડો થવાની અપેક્ષા છે. નિષ્ણાતો આગાહી કરે છે કે આના પરિણામે ઘરના ભાવમાં 1-1.5% ઘટાડો થઈ શકે છે. સામાન્ય લાગતું હોવા છતાં, આવા ઘટાડાનો સીધો ફાયદો પહેલી વાર ખરીદનારાઓ અને ચુસ્ત બજેટમાં કામ કરતા પરિવારોને થાય છે, જેનાથી પરવડે તેવી ક્ષમતામાં વધારો થાય છે.

માંગમાં વધારો

રિઅલ એસ્ટેટમાં માંગનું મુખ્ય પરિબળ પોષણક્ષમતા છે. ઘટાડેલા ભાવો વાડ-બેઠકોને - જેઓ ઊંચા ખર્ચને કારણે ખરીદીના નિર્ણયોમાં વિલંબ કરી રહ્યા હતા - આખરે બજારમાં પ્રવેશવા માટે પ્રોત્સાહિત કરે તેવી શક્યતા છે. વધુમાં, પહેલી વાર ઘર ખરીદનારાઓને લાંબા ગાળાના રોકાણ કરવામાં નવો વિશ્વાસ મળી શકે છે. પરવડે તેવા આવાસ ક્ષેત્ર, જે પહેલાથી જ સરકારી પ્રોત્સાહનોનો આનંદ માણે છે, તેમાં પ્રીમિયમ સેગમેન્ટની તુલનામાં માંગમાં તીવ્ર વધારો થવાની અપેક્ષા છે.

સુધારેલ વિકાસકર્તા માર્જિન અને રોકડ પ્રવાહ

વિકાસકર્તાઓ માટે, ખાસ કરીને બજેટ હાઉસિંગ પ્રોજેક્ટ્સ પર કામ કરતા લોકો માટે, માર્જિન હંમેશા ખૂબ જ પાતળું રહ્યું છે. આવશ્યક કાચા માલ પર GSTમાં ઘટાડો માત્ર ખર્ચમાં ઘટાડો જ નહીં પરંતુ રોકડ પ્રવાહમાં પણ સુધારો કરે છે. આ નાણાકીય રાહત વિકાસકર્તાઓને સમયસર પ્રોજેક્ટ પૂર્ણ કરવા, સારી ગુણવત્તાવાળી પૂર્ણાહુતિ અથવા નવા સાહસો માટે વધુ સંસાધનો ફાળવવાની મંજૂરી આપે છે. ખરીદદારો માટે, આ બિલ્ડરોની ડિલિવરી ક્ષમતાઓમાં વધુ વિશ્વાસ અને વિશ્વાસમાં અનુવાદ કરે છે.

પ્રોજેક્ટ સધ્ધરતામાં વધારો

ઓછા ખર્ચ ચાલુ અને ભવિષ્યના પ્રોજેક્ટ્સને આર્થિક રીતે વધુ સધ્ધર બનાવે છે. વિકાસકર્તાઓ માટે, ઇનપુટ ખર્ચનો ઓછો બોજ તેમને નવા પ્રોજેક્ટ્સ લેવા માટે પ્રોત્સાહિત કરી શકે છે, ખાસ કરીને અર્ધ-શહેરી અને ટાયર-૨ શહેરોમાં જ્યાં સસ્તા મકાનોની માંગ વધી રહી છે. પ્રોજેક્ટ લોન્ચમાં વધારો બાંધકામ અને સંલગ્ન ક્ષેત્રોમાં રોજગાર સર્જનને પણ વેગ આપશે, જેનાથી વ્યાપક અર્થતંત્રમાં સકારાત્મક અસર પડશે.

સરળ રીતે પાલન

નવી બે-સ્લેબ GST સિસ્ટમ - ૫% અને ૧૮% - પહેલાના પાંચ-સ્લેબ માળખાથી સ્વાગતપૂર્ણ સરળીકરણ દર્શાવે છે. નાના કોન્ટ્રાક્ટરો અને બિલ્ડરો માટે, પાલન સરળ બનશે, વહીવટી અવરોધો ઘટાડશે અને વ્યવહારોમાં પારદર્શિતા વધશે. આ સરળીકરણ પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરશે અને ક્ષેત્રમાં એકંદર કાર્યક્ષમતામાં સુધારો કરશે તેવી અપેક્ષા છે.

સંભવિત પડકારો

લાભો પસાર કરવામાં અનિશ્ચિતતા

જ્યારે GST ઘટાડો એક સકારાત્મક પગલું છે, ત્યારે મુખ્ય ચિંતાઓમાંની એક એ રહે છે કે શું વિકાસકર્તાઓ ઘર ખરીદનારાઓને સંપૂર્ણ લાભો આપશે. ચોક્કસ પ્રદેશોમાં ઊંચી માંગને જોતાં, કેટલાક વિકાસકર્તાઓ કિંમતો ઓછી કરવાને બદલે તેમના માર્જિનને મજબૂત કરવા માટે બચતનો એક ભાગ જાળવી રાખવાનું પસંદ કરી શકે છે. ખરીદદારોને વાસ્તવિક લાભ મળે તે સુનિશ્ચિત કરવા માટે નિયમનકારો અને ગ્રાહક દેખરેખ રાખનારાઓએ આ પર નજીકથી નજર રાખવાની જરૂર પડી શકે છે.

વિવિધ વિભાગોમાં મિશ્ર અસર

GST ઘટાડાના ફાયદા સસ્તાં અને મધ્યમ આવક ધરાવતા આવાસ શ્રેણીઓમાં વધુ સ્પષ્ટ થવાની અપેક્ષા છે. પ્રિમિયમ અને લક્ઝરી પ્રોજેક્ટ્સ, જે મૂળભૂત બાંધકામ સામગ્રી ઉપરાંત વધારાના ખર્ચના સમૂહ પર આધાર રાખે છે, તેમના ભાવમાં નોંધપાત્ર સુધારો જોવા મળશે નહીં. તેથી, સુધારાની અસર વિવિધ બજાર વિભાગોમાં અસમાન હોવાની શક્યતા છે.

સીમાંત ભાવ ઘટાડો

કેટલાક વિશ્લેષકો દલીલ કરે છે કે ખરીદદારો માટે ભાવ લાભ નોંધપાત્ર ન હોઈ શકે - કદાચ પ્રતિ ચોરસ ફૂટ માત્ર થોડા રૂપિયા. જ્યારે આ ઘટાડો મનોવૈજ્ઞાનિક સ્તરે મદદ કરે છે, ત્યારે બજાર-વ્યાપી માંગને ઉત્તેજિત કરવાની તેની વાસ્તવિક ક્ષમતા મર્યાદિત હોઈ શકે છે.

બાંધકામ સામગ્રી પર GSTમાં ઘટાડો ભારતના રિઅલ એસ્ટેટ લેન્ડસ્કેપમાં સમયસર હસ્તક્ષેપ દર્શાવે છે. તે ફક્ત સરકારના બધા માટે ઘરને સસ્તું બનાવવાના મિશનને સમર્થન આપતું નથી પરંતુ ઉચ્ચ ઇનપુટ ખર્ચ અને ચુસ્ત માર્જિન સાથે સંઘર્ષ કરી રહેલા વિકાસકર્તાઓનું મનોબળ પણ વધારે છે. સરળ કર વ્યવસ્થા, સુધારેલ રોકડ પ્રવાહ અને સુધારેલ પ્રોજેક્ટ સધ્ધરતા, આ બધું સ્વસ્થ, વધુ પારદર્શક રિઅલ એસ્ટેટ બજાર તરફ નિર્દેશ કરે છે.

જોકે, આ પગલાની અંતિમ સફળતા વિકાસકર્તાઓ અંતિમ ગ્રાહકો સુધી લાભો કેટલી અસરકારક રીતે પહોંચાડે છે તેના પર નિર્ભર છે. જો પોષણક્ષમતા અને સમાવેશકતાની સાચી ભાવના સાથે અમલમાં મૂકવામાં આવે, તો આ GST સુધારો નવી વૃદ્ધિ, ઘર માલિકીમાં વધારો અને રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં રોકાણકારોના વિશ્વાસને મજબૂત બનાવવા માટે ઉત્પ્રેરક બની શકે છે.

અભિષેક તોડી,
RMIX કોંક્રીટ (પ્રેસિડેન્ટ, SGRA)

નવા GST માળખાથી RMCના રેટ્સ પર કોઈ ફેરફાર નહીં આવે

22 સપ્ટેમ્બર 2025થી સિમેન્ટ પર લાગતી GST 28%થી ઘટાડી 18% કરી દેવામાં આવી છે. SGRA - દક્ષિણ ગુજરાત RMC એસોસિએશન મુજબ આ બદલાવથી રીડીમિક્સ કૉંક્રિટ (RMC) ના દરોમાં કોઈ અસર નહીં પડે. કારણ કે RMC સપ્લાયરો તેમની કૉસ્ટિંગ સિમેન્ટના બેઝિક રેટ પર કરે છે. હાલમાં RMC સપ્લાયરો સિમેન્ટ કંપનીઓને 28% GST ચૂકવે છે અને ત્યાર બાદ એ જ રકમ ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) તરીકે ક્લેમ કરે છે. હવે આ ટેક્સ 18% થઈ જતાં, પ્રક્રિયા એકસરખી રહેશે. તેથી RMCના દર પર કોઈ ખાસ ફેરફાર નહીં આવે.

વિશ્વાસ, વિઝન અને વિકાસની આગવી ઓળખ

પ્રશાંત ભાટુ, મેનેજિંગ ડિરેક્ટર – પ્રમુખ ગ્રુપ

યુગેન રિઅલ્ટી, સુરત.

યુવા, ગતિશીલ અને વિઝનરી બિઝનેસ લીડર પ્રશાંત ભાટુ, મેનેજિંગ ડિરેક્ટર - પ્રમુખ ગ્રુપ (સુરત) રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં એક આગળ પડતું નામ છે. ગ્રાહકોની જરૂરિયાતને સમજવાની ક્ષમતા સાથે કંઈક અલગ સર્જવાની તેમની લગન, પડકારોમાંથી પ્રેરણા લેવાની ટેવ અને ભવિષ્યની જરૂરિયાતો અંગેનું ધ્યાન, આ બધા તેમની સફળતાના પરિબળો છે. એક સાચા બિઝનેસ લીડરની સાથે તેઓ એક બેસ્ટ ટીમ પ્લેયર પણ છે અને ટીમના સંયુક્ત પ્રયાસો અને યોગદાનને બિરદાવે છે. છેલ્લા 30 વર્ષમાં પ્રમુખ ગ્રુપે સુરત, વાપી અને સિલવાસમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. રિસર્ચ અને ઇનોવેશન આધારિત અભિગમ સાથે, ગ્રુપે કોમર્શિઅલ, ઇન્ડસ્ટ્રીઅલ અને રેસિડેન્શિઅલ ક્ષેત્રે એવા પ્રોજેક્ટ્સ આપ્યા છે જે ગ્રાહકોની અપેક્ષા પર ખરા ઉતરે છે અને શહેરની સ્કાયલાઇનની સુંદરતામાં વધારો પણ કરે છે.

અમારી લોકપ્રિય કોલમ “યંગ વિઝનરીઝ”માં પ્રશાંત ભાટુની સફરને ફીચર કરીને અમને ખૂબ આનંદ થાય છે — આવો જાણીએ તેમની બાળપણની પ્રેરણાથી લઈને પ્રમુખ ગ્રુપનું નેતૃત્વ કરવા સુધીની તેમની સફર, સાથે તેમના વિચારો, પડકારો અને શીખેલા પાઠ.

રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટમાં કારકિર્દી બનાવવા માટે તમને ક્યાંથી પ્રેરણા મળી?

રિઅલ એસ્ટેટ અમારો પારિવારિક બિઝનેસ છે, પિતાજી અને પરિવારના અન્ય સદસ્યોને નાનો હતો ત્યારથી પરિશ્રમ કરતા જોતો આવ્યો હતો ઉપરાંત લોકો જ્યાં રહે છે, કામ કરે છે અને વિકાસ કરે છે તેવી સ્પેસીસ બનાવવાના અને શહેરોની સ્કાયલાઇનને વધુ આકર્ષક બનાવવાના વિચારથી મને રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં આવવાની પ્રેરણા મળી. રિઅલ એસ્ટેટ એ ફક્ત બિલ્ડિંગ્સ કે ઇન્ફ્રા ડેવલપમેન્ટ પૂરતું સીમિત નથી પરંતુ સાથે કમ્યુનિટી ડેવલપમેન્ટ અને અર્બન લાઈફના ભવિષ્યને આકાર આપવા વિશે પણ છે.

શું તમે 1st જનરેશન ડેવલપર છો કે આ તમારો કૌટુંબિક વ્યવસાય છે?

બહુ સુંદર પ્રશ્ન છે, આમ જુઓ તો અમારો પરિવાર રિયલ એસ્ટેટ સાથે છેલ્લા 3 દાયકા કરતા પણ વધુ સમયથી જોડાયેલો છે પણ અમારા ગ્રુપ ને સુરતમાં પદાર્પણ મેં મારા પ્રથમ પ્રોજેક્ટ “પ્રમુખ અરણ્ય” દ્વારા કરાવ્યું હતું એટલે તમે મને પ્રથમ જનરેશન ડેવલપર કહી શકો છો.

શું તમે એવી મહત્ત્વપૂર્ણ ક્ષણ શેર કરી શકો છો કે જેણે રિઅલ એસ્ટેટ બિઝનેસ પ્રત્યે તમારા અભિગમને આકાર આપ્યો?

મારો પરિવાર સિલવાસા અને વાપીમાં ડેવલપમેન્ટ ક્ષેત્રે કાર્યરત છે, મારા પરિવારના વડીલો પાસેથી ઘણું શીખવા મળ્યું છે ઉપરાંત, મારા શરૂઆતના દિવસોમાં, મેં એક પ્રોજેક્ટની મુલાકાત લીધી જ્યાં ડિઝાઈન અને પ્લાનિંગની અવગણના કરવામાં આવી હતી. ત્યારે મને સમજાયું કે રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટ, જો યોગ્ય પ્લાનિંગથી ન કરવામાં આવે તો, દાયકાઓ સુધી લોકોના જીવનને અસર કરી શકે છે. તે ક્ષણથી જ મને લાગ્યું કે ગુણવત્તાયુક્ત બાંધકામ, પ્લાનિંગ અને તમારા પ્રોજેક્ટ પ્રત્યે તમારી જવાબદારી હંમેશા સૌથી મહત્ત્વપૂર્ણ રહેવી જોઈએ.

One Tapi by Pramukh, Piplod

જ્યારે તમે પહેલી વાર રિઅલ એસ્ટેટમાં પ્રવેશ કર્યો ત્યારે તમને મળેલી શ્રેષ્ઠ સલાહ કઈ હતી?

"લોકોના વિશ્વાસ સાથે ક્યારેય સમાધાન ન કરો." આ સલાહ મને હંમેશા માર્ગદર્શન આપે છે. અમારા ગ્રાહકો, અમારા કર્મચારીઓ, વેન્ડર્સ, ભાગીદારો અને સમાજને આપેલા વચનો પર અમારું ગ્રુપ ઉભેલું છે. આ વિશ્વાસને અકબંધ રાખવો એમાં કોઈ બાંધછોડ ના ચાલે.

આજના બજારમાં યુવા ડેવલપર્સ કયા વિશેષ પડકારોનો સામનો કરે છે?

સૌથી મોટો પડકાર એ છે કે નાવીન્યતા અને કમ્પ્લાયન્સનું પાલન (કાયદાકિય/નિયમનકારી) વચ્ચે સંતુલન સાધવું. યુવા ડેવલપર્સ નવા વિચારો લાવવા માંગે છે, પરંતુ નિયમનકારી માળખા અને નાણાકીય શિસ્ત વધુ પરિપક્વતાની માંગ કરે છે. તેવામાં આગળ વધવું પડકારજનક હોઈ શકે છે, એટલે જરૂરી છે કે બજારમાં નવા પ્રોજેક્ટ્સ હંમેશા પૂરતી રિસર્ચ સાથે જ કરવા.

તમે વ્યક્તિગત રીતે આ પડકારોને કેવી રીતે દૂર કરો છો?

મારી અનુભવી માર્ગદર્શકોની ટીમ, મારી રિસર્ચ ટીમ, કર્મચારીઓ સાથે ચર્ચા વિચારણા કરી, સ્થિર -શાંત રહીને દરેક માર્ગદર્શન અને સલાહને સાંભળવી, ધીરજ રાખવી અને બોલવા કરતાં વધુ સાંભળવાથી મને લગભગ દરેક જટિલ પરિસ્થિતિઓમાં નીકળવામાં મદદ મળી છે.

તમારી અત્યાર સુધીની યાત્રામાંથી સૌથી મૂલ્યવાન પાઠ કયો રહ્યો છે?

શ્રેષ્ઠતા સમય માંગી લે છે, ઝડપી જીત આકર્ષક લાગી શકે છે, પરંતુ સ્થાયી પરિણામો કન્સીસ્ટન્સી (સુસંગતતા), વિશ્વસનીયતા અને લાંબા ગાળાના વિચાર દ્વારા જ આવે છે.

તમને કયા પ્રોજેક્ટ પર સૌથી વધુ ગર્વ છે, અને શા માટે?

હું જે પણ પ્રોજેક્ટ પર કામ કરું છું જે શહેરની સ્કાયલાઇનમાં સુંદરતા ઉમેરે છે તે મને ગર્વ કરાવે છે. પરંતુ જો મારે એક પસંદ કરવો પડે, તો પ્રમુખ વન તાપી હાલમાં મારો પ્રિય છે - તે નદી કિનારે વૈભવી જીવન જીવવાના અમારા વિઝનને દર્શાવે છે અને ખરેખર મારા હૃદયની નજીક છે.

Central Park by Pramukh, Pal

તમારા શિક્ષણે રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટ માટે તમારા અભિગમને કેવી રીતે પ્રભાવિત કર્યો છે?

શિક્ષણે મને એનાલિટિકલ (વિશ્લેષણાત્મક) રીતે વિચારવાની અને જોખમોનું મૂલ્યાંકન (રિસ્ક એનાલિસિસ) કરવાની શિસ્ત આપી. વધુ મહત્ત્વનું એ છે કે, તેણે મને સતત શીખતાં રહેવાનું શીખવ્યું - જે આ ઉદ્યોગની સૌથી મોટી માંગ છે.

તમારા મતે કયા ઇમર્જિંગ ટ્રેન્ડ્સ રિઅલ એસ્ટેટના ભવિષ્યને આકાર આપશે?

સસ્ટેનેબલ ડિઝાઈન, ટાઉનશીપ, મિક્સ યુઝ ડેવલપમેન્ટ અને ટેકનોલોજી-આધારિત જીવનના અનુભવો. ભવિષ્ય એવા પ્રોજેક્ટ્સનું છે જે જીવનશૈલીની આકાંક્ષાઓને પર્યાવરણીય જવાબદારી સાથે સંતુલિત કરે.

ઉદ્યોગમાં તમારા રોલ મોડેલ કોણ છે, અને તમે તેમની પાસેથી શું શીખ્યા છો?

PRAMUKH®
A CLASS OF ITS OWN

મારા ફાધર શ્રી નટુભાઈ ભાટુ, ઉપરાંત હું એવા બિઝનેસ લીડર્સની પ્રશંસા કરું છું જેમણે દાયકાઓથી વિશ્વાસ-આધારિત બ્રાન્ડ્સ બનાવી છે, જેમ કે ડો.નિરંજન હીરાનંદાની. તેમની પાસેથી હું શીખ્યો છું કે પ્રતિષ્ઠા અને વિશ્વાસ રિઅલ એસ્ટેટમાં સૌથી મૂલ્યવાન સંપત્તિ છે.

રિઅલ એસ્ટેટની બહાર, કોણ તમને સૌથી વધુ પ્રેરણા આપે છે, અને શા માટે?

દરેક ગુજરાતીની જેમ ધીરુભાઈ અંબાણીની સ્ટોરી અને સ્ટ્રગલ સૌથી વધુ પ્રેરણાદાયી છે ઉપરાંત રતન ટાટા જેવા વિઝનરી ઉદ્યોગસાહસિકોની વાતોમાંથી પ્રેરણા લઉં છું. તેમની નમ્રતા, નીતિમત્તા અને રાષ્ટ્ર-પ્રથમ વિઝન દર્શાવે છે કે બિઝનેસ સફળ અને પરપઝફુલ (હેતુપૂર્ણ) બંને હોઈ શકે છે.

આગામી દાયકામાં રિઅલ એસ્ટેટ બજારમાં તમે કયા ફેરફારો જોવા માંગો છો?

Amaya by Pramukh, Palanpur

હું અપ્રુવલ્સ (મંજૂરીઓ) અને ટ્રાન્ઝેક્શન્સ (વ્યવહારો)માં વધુ પારદર્શિતા અને ટેક્નોલોજિકલ એડવાન્સમેન્ટ જોવા માંગુ છું. તે પ્રોજેક્ટ્સમાં અકારણ થતા વિલંબને ઘટાડશે, આત્મવિશ્વાસ વધારશે અને વધુ વૈશ્વિક રોકાણોને પણ આકર્ષિત કરશે.

તમારી કારકિર્દી માટે તમારું લાંબા ગાળાનું વિઝન શું છે?

સમયની કસોટી પર ખરા ઊતરે તેવા લેન્ડમાર્ક પ્રોજેક્ટ્સ બનાવવા જેને જોઈને લોકો કહે કે શહેરની સ્કાયલાઇન આકર્ષક - સુંદર થઇ અને આનાથી શહેર ફક્ત બદલાયું જ નથી પણ કાર્યક્ષમ પણ થાય છે. ભવિષ્યમાં ટાઉનશીપ જેવા પ્રોજકેટ્સનું નિર્માણ કરવાની ઈચ્છા પણ છે જે એકદમ સેલ્ફ સસ્ટેનેબલ હોય.

બજારમાં આવનારી કઈ તકો વિશે તમે સૌથી વધુ ઉત્સાહિત છો?

ટીયર-2 અને ટીયર-3 શહેરોનો વિકાસ અને સંભાવનાઓ મને ઉત્સાહિત કરે છે. શહેરીકરણ હવે ફક્ત મહાનગરો સુધી મર્યાદિત નથી; રિયલ ડેવલપમેન્ટ સ્ટોરીઝ તમને ઊભરતા શહેરોમાંથી વધુ સાંભળવા મળશે.

વૈશ્વિક સ્તરે કયો પ્રોજેક્ટ તમને સૌથી વધુ ગમે છે અને શા માટે?

ન્યુ યોર્કમાં હડસન યાર્ડ્સ. આ એક ઝળહળતું ઉદાહરણ છે કે કેવી રીતે એક શહેર દૂરંદેશી આયોજન અને બોલ્ડ અમલીકરણ દ્વારા પોતાને ફરીથી બેઠું કરી શકે છે.

મુસાફરી કરવા માટે તમારું મનપસંદ સ્થળ કયું છે?

ગિરનારના શિખરો, જે મને હંમેશા યાદ અપાવે છે કે આપણે ગમે તેટલા ઊંચા જઈએ તો પણ સ્થિર રહેવું જોઈએ. મજબૂતી, ધીરજ અને મુશ્કેલીઓ સામે ટકી રહેવાની શક્તિ પણ શીખવે છે.

તમારા શોખ વિષે જણાવશો?

Orbit-4 by Pramukh, Bhatar

મારી રોજિંદી લોન્ગ ડ્રાઈવ, રમત-ગમત, દેશ અને વિદેશમાં ફરવું, મારો શોખ છે, લોન્ગ ડ્રાઈવ વિચારોને સ્થિરતા આપે છે અને દેશ-વિદેશમાં ફરવાથી પ્રેરણા મળે છે અને રમત-ગમત મારી ફિટનેસને હેલ્પ કરે છે.

શું તમે એવા સમયનું વર્ણન કરી શકો છો જ્યારે તમારે તમારી કારકિર્દીમાં ખુબ જ પડકારનો સામનો કરવો પડ્યો હતો અને તેને તમે કેવી રીતે હેન્ડલ કર્યો?

અમારા સુરતમાં પ્રથમ પ્રોજેક્ટમાં, વેચાણ અને ફાયનાન્સ અણધારી રીતે કડક બન્યું. તે તણાવપૂર્ણ હતું, પરંતુ સ્ટેકહોલ્ડર્સ સાથે પારદર્શક રહીને અને શરતો પર ફરીથી વાટાઘાટો કરીને, અમે પ્રોજેક્ટ સમય પર ડિલિવર કરવામાં સફળ રહ્યા. તેનાથી મને શીખવા મળ્યું કે માનસિક મજબૂતી, સકારાત્મક દ્રષ્ટિકોણ અને પ્રામાણિકતા શ્રેષ્ઠ ક્રાઈસીસ મેનેજમેન્ટ ટૂલ્સ છે.

રિઅલ એસ્ટેટ ઉદ્યોગમાં હમણાં જ શરૂઆત કરી રહેલા વ્યક્તિને તમે શું સલાહ આપશો?

ધીરજ રાખો, નૈતિક રહો અને શીખવા પર ધ્યાન કેન્દ્રિત કરો. ઝડપી નફા પાછળ ન દોડો; વિશ્વસનીયતા બનાવો, અને સફળતા તમારી પાછળ આવશે.

તમે રિઅલ એસ્ટેટમાં લેટેસ્ટ ટ્રેન્ડ્સ અને નવીનતાઓ સાથે કેવી રીતે અપડેટ રહો છો?

મિત્રો, ઇન્ડસ્ટ્રીઝ એક્સપર્ટ અને સાથીદારો સાથે નેટવર્કિંગ કરીને, વૈશ્વિક રિઅલ એસ્ટેટ કોન્ફરન્સીસ, એક્સપોમાં હાજરી આપીને. મારું માનવું છે કે શીખવું વૈકલ્પિક નથી; તે કામનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

છેલ્લે, તમારો ડ્રિમ પ્રોજેક્ટ કેવો હશે?

એક સેલ્ફ સસ્ટેનિન્ગ ટાઉનશીપ જે ગ્રીન લિવિંગ, ટેક્નોલોજી અને સમુદાય ભાવનાને એકીકૃત કરે. એક એવી જગ્યા જ્યાં લોકો ફક્ત રહેતા નથી, પરંતુ ખરેખર તેઓને તે પોતાનું છે તેવું મહેસૂસ થાય.

Orbit-5 by Pramukh, Vesu

AREAS : એજેંટ્સના વ્યાવસાયિક વિકાસ અને નેટવર્કિંગ માટેનું મજબૂત પ્લેટફોર્મ

લોન્ચિંગની સાથે જ એરિયાઝ સંગઠન જોર માં, ફોર્ટનાઈટલી મીટિંગ્સ, ચેનલ પાર્ટનર મીટ એન્ડ જબરદસ્ત પ્રિ-નવરાત્રીનું આયોજન

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરતના રિઅલ એસ્ટેટ એજન્ટ્સના હિતમાં કાર્યરત એજન્ટ્સ રિઅલ એસ્ટેટ એસોસિએશન ઓફ સુરત (AREAS), શહેરના બ્રોકર્સ અને એજન્ટ્સ માટે એક અનોખું મંચ બની રહ્યું છે. સભ્યો વચ્ચે સહકાર, વ્યાવસાયિક વિકાસ અને નવા અવસરો સર્જવાનો દ્રઢ સંકલ્પ લઈને AREAS સતત વિવિધ કાર્યક્રમો આયોજિત કરે છે. તેનું મુખ્ય ધ્યેય એજન્ટ્સને માત્ર વ્યવસાયિક લાભ નહીં, પણ ગૌરવ અને એક ઓળખ આપવાનું છે.

AREASની એક્ટિવિટીઝમાં ખૂબ સક્રિય છે. તાજેતરના કાર્યક્રમોએ સભ્યોના ઉત્સાહને નવો ઊર્જાસ્ત્રોત આપ્યો છે જેમાં નીચેની સફળ ઈવેન્ટ્સ સામેલ છે.

એન્જિ. સંદીપ પટેલ, ફાઉન્ડર-પ્રેસિડન્ટ

મહેશ કારેલિયા – ફાઉન્ડર - વાઈસ પ્રેસિડન્ટ

જતીન દલવાડી – ફાઉન્ડર - સેક્રેટરી

જોઈન્ટ સેક્રેટરી

AREAS – વ્યાવસાયિક વિકાસ માટેનું પ્રેરક મંચ

AREAS આજે સુરતના એજન્ટ્સ માટે દિશાદર્શક મંચ બની ગયું છે. અહીં એકતા છે, નેટવર્કિંગ છે અને ભવિષ્ય માટે ઉમંગ છે. નોલેજ શેરિંગ, નૈતિકતા અને સામૂહિક વિકાસ પર આધારિત આ સંગઠન વ્યવસાય માટે જ નહીં પરંતુ સમાજ માટે પણ સકારાત્મક અસર ઊભી કરી રહ્યું છે.

વધુ જાણકારી અને મેમ્બર બનવા માટે સંપર્ક
+91 92744 38875

પખવાડિક (ફોર્ટનાઇટલી) એજન્ટ્સ મીટ

દર પંદર દિવસે શહેરના જુદા જુદા વિસ્તારોમાં એજન્ટ્સ મીટનું આયોજન થાય છે. આ મીટિંગ્સમાં સભ્યો તેમના પ્રોપર્ટી રિક્વાયરમેન્ટ્સ એકબીજા સાથે શેર કરે છે. આવા સત્રો માત્ર વ્યવસાયીક માહિતી આપતા નથી, પણ નવા સંપર્કો, નવી ભાગીદારી અને નેટવર્કિંગ માટે મજબૂત પ્લેટફોર્મ સાબિત થાય છે. AREASની આ પહેલ નવા સભ્યોને આકર્ષવા માટે પણ ખાસ અસરકારક બની છે.

ક્રેટોસ લાઈફસ્ટાઈલ ક્લબની AREAS ચેનલ પાર્ટનર્સ મીટ

ક્રેટોસ લાઈફસ્ટાઈલ ક્લબ ખાતે યોજાયેલ AREAS ચેનલ પાર્ટનર્સ મીટ કાર્યક્રમમાં 100થી વધુ સભ્યો ઉપસ્થિત રહ્યા. ક્લબના CEO શ્રી મિતેશ પટેલે ક્લબની અનોખી સુવિધાઓ અને કોન્સેપ્ટ અંગે વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું, જે સભ્યો માટે અત્યંત માહિતગાર સાબિત થયું. આ દરમિયાન તેમણે ક્લબની લાઈફસ્ટાઈલ ઑફરિંગ્સ અને સભ્યપદના ફાયદાઓ પર ખાસ પ્રકાશ પાડ્યો. આ સાથે, સભ્યોએ પ્રોજેક્ટના અનોખા USP વિશે પણ સમજ મેળવી. ખાસ વાત એ રહી કે ક્રેટોસ ક્લબે AREAS સભ્યોને 2 દિવસના કોમ્પ્લિમેન્ટરી વાઉચર આપ્યો, જેથી તેઓ જાતે ક્લબનો Firsthand અનુભવ મેળવી પોતાના ગ્રાહકોને વધુ અસરકારક રીતે પ્રોજેક્ટ રજૂ કરી શકે. આવા ઇન્ટરેક્ટિવ કાર્યક્રમો સભ્યોને પ્રોજેક્ટની ઊંડાણપૂર્વક સમજ અપાવે છે, જે તેમના વ્યવસાય માટે સીધો ફાયદાકારક બને છે.

AREAS પ્રી-નવરાત્રી સેલિબ્રેશન

20 સપ્ટેમ્બરના રોજ સભ્યો અને તેમના પરિવારજનો માટે આયોજિત આ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં આશરે 500થી વધુ લોકોએ ભાગ લીધો. નૃત્ય, સંગીત અને ઉત્સવના રંગો વચ્ચે એજન્ટ્સ અને તેમના પરિવારોએ એકતા અને આનંદનો અનુભવ કર્યો. મુખ્ય આમંત્રિતોમાં ક્રેડાઈ સુરત ચેરમેન સંજય માંગુકિયા, પ્રેસિડન્ટ ડૉ. જિગ્નેશ પટેલ, લેબર કમિશનર M. C. કારીયા, તેમજ મુખ્ય પ્રાયોજકો સાઈરામ ગ્રુપના છગનભાઈ ચાંચપરા અને વિકેશ ચાંચપરાનો સમાવેશ થયો. ખાસ મહેમાન તરીકે યુગેન રિઅલ્ટીના ચીફ એડિટર મનિષ તોમર તથા AREASની લીડરશિપ ટીમ – ઇજનેર સંદીપ પટેલ (પ્રમુખ), મહેશ કારેલીયા (ઉપપ્રમુખ), જતિન દલવાડી (સેક્રેટરી), અને વિવેક સાપરા (સંયુક્ત સચિવ) હાજર રહ્યા. AREASની લીડરશીપ ટીમ સાથે કમિટી મેમ્બર્સે આ કાર્યક્રમને સફળ બનાવામાં કોઈ કસર રાખી ના હતી. આ કાર્યક્રમ માત્ર મનોરંજન પૂરતો જ નહીં રહ્યો, પણ સભ્યો વચ્ચે પારિવારિક બંધન મજબૂત બનાવતો સાબિત થયો.


JUMBO®
TMX
THE TMT BARS YOU TRUST FOR
UNBREAKABLE STRENGTH
THE SAME TRUST,
NOW IN AN APP:
JUMBO
CONNECT
• Get LIVE TMT Bar Rates
• Place Orders 24/7
• Earn Guaranteed Reward Points
SCAN TO
REGISTER
9:41
Hello, Harsh
JUMBO TMX
Today's Rate
₹ 45,900 / Tons
See The Offers
Show all
Save Upto
50% Off
As technology
continues to evolve
at a rapid
Your Orders
Requested
8 Orders
Pending
3 Orders
Completed
12 Orders
Products
JUMBO TMX
FE 550D

મેઝર ટેપથી આગળ : બાંધકામમાં ડિજિટલ પરિવર્તનની રૂપરેખા

યુગેન રિયલ્ટી, સુરત.

એક બંગલાની સાઇટ પર ફ્લોરિંગનુ કામ શરુ થવાનું હતું, ફ્લોરિંગ, ડેડો, કિચન, બાથરૂમ — બધાં કામો ઝડપથી પુરા કરવાના હતા. કામની શરૂઆતમાં જ સાઇટ એન્જિનિયરે કોન્ટ્રાક્ટરને પૂછ્યું, "આપણે માલની ક્વોન્ટિટી ફરી એકવાર એસ્ટિમેટ પ્રમાણે ચકાસી લઇએ?" તેમનો જવાબ આત્મવિશ્વાસથી છલકાતો હતો : "સાહેબ, વર્ષોનો અનુભવ છે. અંદાજે કહી દઉં છું — આટલી ટાઇલ્સ અને આટલો પથ્થર જોઇશે. કાલે જ ક્લાયન્ટને ઓર્ડર મૂકવા કહી દઇએ."

ક્લાયન્ટ પણ પ્રોજેક્ટ ઝડપથી આગળ વધારવા ઉત્સુક હતા, કારણ કે સારા રેટ પર માલ મળી રહ્યો હતો. ઓર્ડર અપાઇ ગયો, માલ સાઇટ પર ગોઠવાઇ ગયો અને કામ શરૂ થયું.

પહેલાં બે અઠવાડિયાં બધું બરાબર ચાલ્યું, પણ ત્રીજા અઠવાડિયે કારીગરે આવીને કહ્યું : "સાહેબ, ટાઇલ્સ ખૂટી ગઇ છે. કાલથી કામ અટકી જશે." આ સાંભળીને ક્લાયન્ટનો પિત્તો ગયો, "જેટલું કહ્યું હતું એટલું જ મંગાવ્યું હતું, તો હવે શોર્ટેજ કેમ પડી?" કોન્ટ્રાક્ટર પાસે તૈયાર જવાબ હતો : "આ ડિઝાઇન જ એવી છે, ડિઝાઇન પ્રમાણે ટાઇલ્સની કટિંગમાં વેસ્ટેજ વધી ગયો. જે નાના ટુકડા બચ્યા છે, તે હવે વાપરી શકાય તેમ નથી."

મુશ્કેલી અહીં જ પૂરી નહોતી થતી. છ મહિના પહેલાં જે બ્રાન્ડ અને બેચની ટાઇલ્સ અને જે ફિગર વાળો પથ્થરનો ઓર્ડર આપ્યો હતો, તે જ બેચ નંબરનો માલ હવે બજારમાં ઉપલબ્ધ નહોતો. વેસ્ટેજની અંધાધૂંધી અને શોર્ટેજના દબાણ વચ્ચે પૈસાનુ પાણી કરી જેમ તેમ કામ પુરું કરાવ્યું.

આખરે બિલ રજૂ કરવાનો દિવસ આવ્યો. કોન્ટ્રાક્ટરે કહ્યું, "સાહેબ, સર્વેયરને બોલાવ્યા છે. બિલ બનાવવામાં તો એ શક્તિમાન છે." આ "શક્તિમાન" શબ્દ ભલે મજાકમાં કહેવાયો હોય, પણ તેમાં વાસ્તવિકતા છુપાયેલી હતી.

હાથમાં જૂની મેઝરમેન્ટ બુક, ખિસ્સામાં બે-ત્રણ પેન્સિલ અને ગળામાં વર્ષોનો અનુભવરૂપી વિશ્વાસ લટકાવીને સર્વેયર સાઇટ પર આવ્યા. કોંટ્રાક્ટર અને તેના એક માણસને સાથે રાખી મેજરટેપ પકડાવી આખી સાઇટ પર ફરતા ગયા અને મેઝરમેન્ટના આંકડા પાનાં પર ઊતરતા ગયા. રૂમ પ્રમાણે ફ્લોરિંગનો એરિયા, ડેડોનું રનિંગ ફૂટ, એજ-પોલિશ, ચેમ્ફર — બધું જ હાથથી નોંધાયું. ત્રણ દિવસમાં પચીસ પાનાંનો એક દસ્તાવેજ તૈયાર થયો

ફ્લોરિંગનુ બિલ

જ્યારે બિલ આવ્યું, ત્યારે એન્જિનિયર ચોંકી ગયો. "આપણા અંદાજ કરતાં બિલ ત્રીસ ટકા વધારે કેમ છે?". એટલે એન્જિનિયરના ટેબલ પર મેઝરમેન્ટ શીટ આવી. આ આંકડાઓનું જંગલ જોઇને તેમનું માથું ભમી ગયું. તેમણે શીટ કોન્ટ્રાક્ટરને આપીને કહ્યું, "આની ચકાસણી કરાવો." પરંતુ

કોન્ટ્રાક્ટર જો બનાવી હોય તો તે ચેક કરાવેને, પોતે જ પહેલા પાનાં પરના આંકડાઓ અને શોર્ટ-ફોર્મ્સના ચક્રવ્યૂહમાં ગૂંચવાઇ ગયો. આ જોઇને એન્જિનિયરની ધીરજ ખૂટી. તેમણે ગુસ્સામાં સીધા સર્વેયરને જ બોલાવ્યા અને બિલ ચકાસવા કહ્યું. એટલે બિલ ચેકિંગનુ કામ ડીલે થયું. અને જ્યારે **"શક્તિમાન"**નુ પુનરાગમન થયું ત્યારે સાઇટ પર એક અનોખું દ્રશ્ય સર્જાયું. ચાર લોકોનું ટોળું ફ્લોરિંગનુ બિલ ચેક કરવા નીકળ્યું : સર્વેયર, ક્લાયન્ટના એન્જિનિયર અને મેઝર ટેપ પકડીને ઊભેલા કોન્ટ્રાક્ટર અને તેનો એક માણસ.

ચકાસણી શરૂ થઇ. ફ્લોરિંગ આટલા બાય આટલાનું, સ્કર્ટિંગ આટલા રનિંગ ફૂટ... ત્યાં જ અચાનક એન્જિનિયરે કહ્યું, "ઊભા રહો! આ માપ આટલું ક્યાંથી આવ્યું?" સર્વેયર પોતે બે ઘડી વિચારમાં પડી ગયા. તેમણે પોતાના ખિસ્સામાંથી બીજી નોટબુક કાઢી, પાનાં ફેરવ્યાં અને કોઇક નિશાન કરેલી લીટી શોધી. દસ મિનિટની મથામણ પછી બોલ્યા : "આ રૂમમાં બે સ્કર્ટિંગ જોડાયાં હતાં, એટલે ત્યાં રનિંગ ફૂટ વધી ગયું."

તેમની વાત કદાચ સાચી હશે, પણ શું આ રીતે બીજી નોટબુકનો સથવારો લેવો પડે તો તે બિલ યોગ્ય ગણાય ખરું?. આમ કરતાં-કરતાં સાંજ પડી ગઇ અને માંડ ત્રણ પાનાં ચકાસી શકાયાં; બાવીસ પાનાં હજી બાકી હતાં.

હવે એન્જિનિયર કંટાળ્યા. જો તેમની પાસે સમય હોત, તો આ બિલ ચેકિંગનો કાર્યક્રમ અઠવાડિયા-દસ દિવસ ચાલત, જેમાં અનેક લોકોનો સમય બરબાદ થાત. પણ કંટાળીને ત્રીજા દિવસે એન્જિનિયર ગુસ્સામાં બોલ્યા "આ રીતે તો દસ દિવસ નીકળી જશે. સીધા પાનાં નંબર સત્તર પર જાઓ અને આ માપ સમજાવો." અને જો સર્વેયર તરત જવાબ આપી દે, તો આખું બિલ પાસ; નહીં તો અમુક રકમ "કાપીને" પાસ. આ બંને રસ્તા દેખાવમાં ભલે અલગ હોય, પણ નુકસાન તો કોઇ એક પક્ષે નિશ્ચિત હતું. ક્યારેક ક્લાયન્ટના પૈસા વધુ જતા, તો ક્યારેક કોન્ટ્રાક્ટરનું માર્જિન ઘસાતું — અને સૌથી મોટું નુકસાન થતું હતું વિશ્વાસ અને સમયનું, જે કોઇપણ પ્રોજેક્ટનો આત્મા છે.

ઉપરની વાર્તા કાલ્પનિક લાગી શકે છે, પણ સુરતના દરેક કન્સ્ટ્રક્શન પ્રોફેશનલ જાણે છે કે આ વાસ્તવિકતાથી કેટલી નજીક છે. આપણા શહેરમાં બાંધકામ ઉદ્યોગ જેટ ગતિએ વધી રહ્યો છે. સ્પર્ધા ગળાકાપ છે અને નફાનું માર્જિન પાતળું. સમયસર પ્રોજેક્ટ પૂરો કરવાના દબાણમાં આપણે વર્ષોથી ચાલી આવતી એ જ જૂની પદ્ધતિઓ પર નિર્ભર છીએ, જે આપણને ફાયદા કરતાં વધુ નુકસાન પહોંચાડી રહી છે.

આજે પણ આપણે "આંગળીના ટેરવે હિસાબ" અને "અનુભવ"ના આધારે લાખો રૂપિયાના માલનો અંદાજ આપીએ છીએ. પરિણામે, મટીરિયલની ઘટ-વધ, સમયનો બગાડ અને ક્લાયન્ટ સાથેના સંબંધોમાં તિરાડ જેવી સમસ્યાઓ સામાન્ય બની ગઇ છે. 'શક્તિમાન' સર્વેયરની હાથથી લખેલી, ગૂઢ મેઝરમેન્ટ શીટ પરની નિર્ભરતા આપણને એક એવા વિવાદમાં ધકેલી દે છે, જ્યાં પારદર્શિતાનો સંપૂર્ણ અભાવ હોય છે.

આપણે પોતાની જાતને પૂછવાની જરૂર છે :

- શું આપણો વર્ષોનો અનુભવ આપણને દરેક વખતે ૧૦૦% સચોટ અંદાજ આપી શકે છે?
- શું હાથથી લખેલા પાનાં પર આધારિત બિલિંગ સિસ્ટમ આજના ડિજિટલ યુગમાં યોગ્ય છે?
- શું આપણે ક્લાયન્ટનો વિશ્વાસ જીતવા માંગીએ છીએ કે પછી દરેક પ્રોજેક્ટના અંતે બિલિંગના વિવાદમાં ઉતરવા માંગીએ છીએ?

જો આ સવાલોના જવાબ આપણને અસ્વસ્થ કરે છે, તો સમજવું કે બદલાવનો સમય આવી ગયો છે. આ બદલાવનો માર્ગ ટેક્નોલોજીમાંથી પસાર થાય છે.

ટેક્નોલોજી : અનુભવનો વિકલ્પ નહીં, પરંતુ સૌથી મોટું હથિયાર

ઘણા કોન્ટ્રાક્ટરોને ડર હોય છે કે ટેક્નોલોજી મોંઘી હશે, તેને શીખવી અઘરી પડશે, અથવા તે તેમના વર્ષોના અનુભવનું સ્થાન લઇ લેશે. પણ આ ત્રણેય વાતો એક ભ્રમ છે. સત્ય એ છે કે ટેક્નોલોજી તમારા અનુભવને ડેટાનું બળ આપીને વધુ શક્તિશાળી બનાવે છે.

આ જટિલ સમસ્યાનો ઉકેલ જૂની પદ્ધતિમાં સુધારા કરવાથી નહીં, પણ તેને જડમૂળથી બદલવાથી જ મળશે. આ ક્રાંતિ હાર્ડવેર અને સોફ્ટવેરના સંકલનથી જ શક્ય છે.

૧. BIM : બાંધકામ પહેલાં જ સંપૂર્ણ બ્લુપ્રિન્ટ

BIM (Building Information Modeling) એ માત્ર 3D ડ્રોઇંગ નથી, તે એક બુદ્ધિશાળી ડિજિટલ મોડેલ છે. ડિઝાઇનના તબક્કે જ, BIM ફ્લોરિંગ, ડેડો, કિચન, બાથરૂમ જેવી દરેક આઇટમની ચોક્કસ ક્વોન્ટિટી (m2, m3, રનિંગ મીટર) જનરેટ કરી શકે છે. BIM 5D મોડેલ તો ક્વોન્ટિટીની સાથે સમય (Schedule) અને ખર્ચ (Cost) પણ જોડી દે છે. આનાથી વેસ્ટેજ ફેક્ટર સાથે વાસ્તવિક અંદાજ મળે છે, જે "Guess Estimate"ની સંભાવનાને જ દૂર કરી દે છે.

૨. ડિજિટલ મેઝરમેન્ટ ટૂલ્સ : સાઇટ પર ૧૦૦% ચોકસાઇ

હાથથી મેઝર ટેપ વડે માપણી કરવાના દિવસો હવે ગયા. આજના આધુનિક હાર્ડવેર સાઇટ પર અભૂતપૂર્વ ચોકસાઇ પૂરી પાડે છે :

- **લેસર ડિસ્ટન્સ મીટર :** સેકન્ડોમાં સચોટ માપ લે છે.
- **ટોટલ સ્ટેશન અને 3D સ્કેનર્સ :** જટિલ જગ્યાઓ અને મોટા વિસ્તારોનું સંપૂર્ણ ડિજિટલ મેપિંગ કરે છે.
- **ડ્રોન ફોટોગ્રામેટ્રી :** મોટી સાઇટ્સના સર્વે અને માપણી માટે અત્યંત ઉપયોગી છે.

૩. સોફ્ટવેર, ક્લાઉડ અને AI : ડેટાની સાચી શક્તિ

આ હાર્ડવેરમાંથી મળેલા ડેટાને જ્યારે શક્તિશાળી સોફ્ટવેર સાથે જોડવામાં આવે છે, ત્યારે અસલી પરિવર્તન આવે છે.

- **ઓટોમેટેડ ક્વોન્ટિટી ટેક-ઓફ : CostX, Candy, PlanSwift** જેવા ટૂલ્સ સીધા જ CAD ડ્રોઇંગમાંથી ક્વોન્ટિટી કાઢી લે છે, જેથી માનવીય ભૂલની શક્યતા રહેતી નથી.
- **ડેટાનું લોકશાહીકરણ (Bosch MeasureOn + ACC Takeoff) :** ખરી ક્રાંતિ અહીં છે. જ્યારે **Bosch MeasureOn** એપથી લેવાયેલું માપ સીધું જ **Autodesk Construction Cloud (ACC)** Takeoff જેવા પ્લેટફોર્મ પર અપલોડ થાય છે, ત્યારે તે ડેટા માત્ર આંકડા નથી રહેતો. તે એક **ઇન્ટરેક્ટિવ 3D મોડેલ** બની જાય છે. હવે કોઇ પણ વ્યક્તિ — ક્લાયન્ટ, એન્જિનિયર કે કોન્ટ્રાક્ટર — એક્સેલ શીટની માયાજાળમાં અટવાયા વગર, સીધું જ 3Dમાં જોઇ શકે છે કે કઇ ક્વોન્ટિટી સાઇટ પર કઇ જગ્યાની છે. આ દ્રશ્યમાન પારદર્શિતા તમામ વિવાદોનો અંત લાવે છે.
- **AI અને એનાલિટિક્સ :** આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હવે આ ક્ષેત્રમાં પ્રવેશી ચૂક્યું છે. **AI-આધારિત ઇમેજ રેકગ્નિશન** સાઇટના ફોટોગ્રાફ્સમાંથી સીધો જ સરફેસ એરિયા શોધી શકે છે. જૂના પ્રોજેક્ટ્સના ડેટાનું વિશ્લેષણ કરીને, તે ભવિષ્યના પ્રોજેક્ટ્સ માટે વેસ્ટેજના ચોક્કસ બેન્ચમાર્ક પણ નક્કી કરી શકે છે. **રિયલ-ટાઇમ ડેશબોર્ડ** દરેક પક્ષને પ્રોજેક્ટની પ્રગતિ અને ખર્ચ પર નજર રાખવાની સુવિધા આપે છે.

રીકુંજ મોરડીયા
Aariha BIM Works Pvt. Ltd. & Civil QR

આ બદલાવના ફાયદા : દરેક માટે જીત-જીતની પરિસ્થિતિ

આ ટેકનોલોજી અપનાવવી એ માત્ર સમસ્યાનો ઉકેલ નથી, તે દરેક માટે વિકાસનો માર્ગ છે :

- **ક્લાયન્ટ :** મટીરિયલની ઘટ-વધના જોખમમાંથી મુક્તિ મળે છે અને પૈસા ક્યાં વપરાઇ રહ્યા છે તેની સંપૂર્ણ પારદર્શિતા મળે છે.
- **કોન્ટ્રાક્ટર :** વિવાદો ઘટવાથી સમયસર બિલ પાસ થાય છે, કેશ-ફ્લો સુધરે છે અને બજારમાં એક ટેક-સેવી અને વિશ્વસનીય પ્રોફેશનલ તરીકેની શાખ બને છે.
- **એન્જિનિયર :** કાગળિયાંની માથાકૂટમાંથી મુક્ત થઇને સાઇટ સુપરવિઝનની ગુણવત્તા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

જૂની પદ્ધતિમાં બિલ ચેકિંગ લાગ્યું તો તીર નહીં તો તુક્કો જેવી રમત હતી, જેમાં કોઇ એક પક્ષે નુકસાન વેઠવું પડતું હતું. પરંતુ આવતીકાલનો બાંધકામ ઉદ્યોગ આ વિવાદ-આધારિત મોડેલ પર ટકી શકશે નહીં. જો ઇંટ અને સિમેન્ટથી ઇમારત બને છે, તો ચોક્કસ ડેટા અને ડિજિટલ પારદર્શિતાથી વિશ્વાસ બને છે. સુરત જેવા ટિયર-2 શહેરોમાં વિકાસની અપાર સંભાવનાઓ છે, પરંતુ આ વિકાસનો લાભ એ જ કંપનીઓ અને કોન્ટ્રાક્ટરો લઇ શકશે જેઓ ટેકનોલોજી-આધારિત એસ્ટિમેશન અને બિલિંગ સિસ્ટમ અપનાવીને ભવિષ્ય માટે તૈયાર થશે.



હસમુખ ડી. પાંચાણી, પી-ડેલ્ટા કન્સલ્ટન્ટ્સ :

સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગના પડકારો, સફર અને સિદ્ધિઓ

હસમુખ પાંચાણી, પી-ડેલ્ટા કન્સલ્ટન્ટ્સના સ્થાપક, એક અતિ પ્રતિષ્ઠિત સ્ટ્રક્ચરલ એન્જિનિયર છે જેમણે તેમની મહેનત, પ્રામાણિકતા અને વ્યાવસાયિક સિદ્ધાંતોના આધારે સફળતાનું નિર્માણ કર્યું છે. તેમની યાત્રા માત્ર બિલ્ડિંગ્સના નિર્માણ પૂરતી સીમિત નથી, પરંતુ તે ગુણવત્તા, નિષ્ઠા અને પ્રતિબદ્ધતાના પાયે બનેલી એક પ્રેરણાદાયક વાર્તા છે. વૈવિધ્યસભર પ્રોજેક્ટ્સ અને જાણીતા ડેવલપર્સ સાથેના સહયોગ દ્વારા તેમણે પોતાની વિશેષ ઓળખ બનાવી છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરતના સ્વામિનારાયણ ગુરુકુળમાં પ્રારંભિક શિક્ષણ લીધા પછી, તેમણે મૂલ્યો અને નૈતિકતાનું માર્ગદર્શન મેળવ્યું. તેમને ગણિત અને તર્કમાં કુદરતી રુચિ હતી, જે તેમને સિવિલ એન્જિનિયરિંગમાં કારકિર્દી પસંદ કરવા પ્રેરિત કરી. તેઓએ સિવિલ એન્જિનિયરિંગ (K.L.E. College, Belgaum) માંથી પૂર્ણ કરેલ અને માસ્ટર ડિગ્રી CASAD (Computer aided structural analysis and design) નિરમા યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરેલ છે, જેથી આધુનિક ડિઝાઈન અને ટેકનોલોજીની ઊંડી સમજ મળી.

આ પછી તેમણે અમદાવાદની N. K. Shah Consulting Engineers ફર્મમાં કામ શરૂ કર્યું, જ્યાં તેમણે 20+ માળની બિલ્ડીંગ્સના સ્ટ્રક્ચરલ પ્રોજેક્ટ્સ પર કામ કરી અમૂલ્ય અનુભવ મેળવ્યો. અહીં મળેલા અનુભવો અને વ્યવસાયિક નિપુણતા હસમુખ પાંચાણી માટે પર્યાયરૂપ રહ્યા.

2014માં સુરતમાં પરત ફરતા, તઓએ ફ્રીલાન્સિંગ દ્વારા સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગમાં કારકિર્દી શરૂ કરી. તેમના અનુભવ અને નિઃસ્વાર્થ કાર્યશક્તિ સાથે, તેમણે પી-ડેલ્ટા કન્સલ્ટન્ટ્સની સ્થાપના કરી. શરૂઆતમાં શહેરમાં ઓળખ સ્થાપિત કરવી સરળ નહોતી, પરંતુ તેમની પ્રામાણિકતા, ગુણવત્તા અને સમયબદ્ધ કામગીરી દ્વારા ધીમે ધીમે તેમને પ્રતિષ્ઠા મળી.

શરૂઆતમાં નાના પ્રોજેક્ટ્સ, જેમ કે રો-હાઉસ અને ઔદ્યોગિક એકમો, દ્વારા તેમની પ્રતિબદ્ધતા સાબિત થઈ, જે પછી મોટા પ્રોજેક્ટ્સ, જેમ કે શ્રીપદ સેલિબ્રેશન, કિનાર હાઇટ્સ અને સુમન પ્રભાત (EWS), પ્રાપ્ત થયા. પી-ડેલ્ટા કન્સલ્ટન્ટ્સની સફળતાનો પાયો 'ટાઈમ કમિટમેન્ટ' અને 'પ્રામાણિકતા' જેવા બે મુખ્ય મૂલ્યો પર ટકેલો છે. હસમુખ પાંચાણી દ્રઢપણે માને છે કે પ્રોજેક્ટ ગમે તેટલો મોટો કે નાનો હોય, ગ્રાહકોને સમયસર અને પ્રામાણિકતાથી કામ પૂરું કરી આપવું એ કંપનીની ઓળખ છે. તેમની આ ફિલોસોફીએ ક્લાયન્ટ્સનો અતૂટ વિશ્વાસ જીત્યો છે. તેમની મુખ્ય વિશેષતા (USP) એ છે કે તેઓ સ્ટ્રક્ચરની જરૂરિયાત મુજબ અને BIS કોડ્સ પ્રમાણે જ ડિઝાઈન પૂરી પાડે છે અને સલામતી સાથે ક્યારેય સમાધાન કરતા નથી.

સ્ટ્રક્ચરલ ડિઝાઈન ફિલોસોફી

હસમુખ પાંચાણીની ડિઝાઈન ફિલોસોફી સેફ્ટી, કોસ્ટ-ઇફેક્ટીવનેસ (ખર્ચ-કાર્યક્ષમતા) અને ટકાઉપણાના સંપૂર્ણ સંતુલન પર આધારિત છે. BIS કોડ્સ અને અન્ય માનક નિયમોની પાલના હંમેશા થાય છે, જેથી લાંબા ગાળે સ્ટ્રક્ચર મજબૂત અને ટકાઉ રહે. ડિઝાસ્ટર-પ્રૂફ સ્ટ્રક્ચર્સ અને સાઇટ પર ખોદકામ દરમ્યાન સુરક્ષા માટે D-wall & Touch Pile જેવી Earth Retaining Systemના આગ્રહી છે

તેઓ સાઇટ પર ઈન્ડસ્ટ્રીઅલ વેસ્ટ GGBFS & Fly Ashનો કોન્ક્રીટ મિક્સિંગમાં ઉપયોગ ટકાઉપણા માટે અને ઇકો-ફ્રેન્ડલી બિલ્ડિંગ બનાવવા માટે કરે છે. સાઈટ પર આવતા સ્ટીલના કેમિકલ અને મિકેનિકલ ટેસ્ટ પછી જ તેનો ઉપયોગ થાય છે, જે ગુણવત્તા જાળવવા માટે અતિ જરૂરી છે.

કાર્યક્ષેત્ર અને સિદ્ધિઓ

પી-ડેલ્ટા કન્સલ્ટન્ટ્સે રેસિડેન્શિઅલ, કોમર્શિઅલ અને ઇન્ડસ્ટ્રીઅલ બિલ્ડિંગ્સ પર કાર્ય કર્યું છે. તેઓ ખાસ કરીને ટેક્સટાઈલ, સોલાર અને બાયોગેસ પ્લાન્ટ પ્રોજેક્ટ્સમાં નિષ્ણાત છે. તેમણે જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, GIDC અને ઇંડિયન રેલ્વે જેવી સરકારી સંસ્થાઓ સાથે પણ કામ કર્યું છે. નોંધપાત્ર પ્રોજેક્ટ્સમાં શ્રીપદ સેલિબ્રેશન, કિનાર હાઇટ્સ, સુમન પ્રભાત, શિવ સામર્થ-૧, પાર્ક એરેના, વેનેઝિયા, કેએસબી ઓલિમ્પિયા અને સંગાથ ગ્રુપના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. દરેક પ્રોજેક્ટમાં હસમુખ પાંચાણીના જ્ઞાન અને ગુણવત્તાયુક્ત ડિઝાઈન દ્વારા ક્લાયન્ટને સલામત અને ટકાઉ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મળે છે.

ઉદ્યોગમાં પરિવર્તન અને ભવિષ્યનું વિઝન

છેલ્લા એક દાયકામાં, નાનામાં નાના પ્રોજેક્ટ માટે પણ સ્ટ્રક્ચરલ ડિઝાઈન કરાવવાની જરૂરિયાત અને ટ્રેન્ડ વધ્યો છે. આજના ઝડપી શહેરીકરણના યુગમાં, સ્ટ્રક્ચરલ એન્જિનિયરોની ભૂમિકા ફક્ત ડિઝાઈનર પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેઓ ડેવલપર્સ, આર્કિટેક્ટ્સ અને મટીરીઅલ સપ્લાયર્સ સાથે મળીને કામ કરે છે. હસમુખ પાંચાણી માને છે કે આ સહયોગ વગર રિઅલ એસ્ટેટ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં સફળતા મેળવી શકાતી નથી. **આવનારા વર્ષોમાં AI, BIM અને અન્ય ડિજિટલ ટૂલ્સ સ્ટ્રક્ચરલ ડિઝાઈનને વધુ કાર્યક્ષમ અને સચોટ બનાવશે. પ્રી-કાસ્ટ અને કમ્પોઝિટ સ્ટ્રક્ચર્સ ઝડપથી બાંધકામ માટે માર્ગ ખોલશે.**

યુવા એન્જિનિયરો માટે તેમનો સંદેશ સ્પષ્ટ છે : "ન્યૂનતમ પાંચ વર્ષનો અનુભવ નિષ્ણાત સ્ટ્રક્ચરલ એન્જિનિયર પાસેથી લો. તેમના માર્ગદર્શન હેઠળ કામ કરીને શીખો અને પછી જ તમારી પોતાની પ્રેક્ટિસ શરૂ કરવાનું વિચારો." પી-ડેલ્ટા કન્સલ્ટન્ટ્સનું લાંબા ગાળાનું વિઝન આર્થિક રીતે કાર્યક્ષમ સ્ટ્રક્ચરલ ડિઝાઈન સેવાઓ આપવાનું છે. તેમની મુખ્ય પ્રાથમિકતા સલામતી અને સુરક્ષા છે, જેથી ક્લાયન્ટ્સને ભવિષ્યમાં ઓછું મેઇન્ટેનન્સ કરવું પડે. તેમનું અંતિમ લક્ષ્ય છે.

હસમુખ પાંચાણીની સફર દર્શાવે છે કે ટેકનિકલ જ્ઞાન સાથે મજબૂત સિદ્ધાંતો, પ્રામાણિકતા અને પ્રતિબદ્ધતા સફળતાનું મૂળ છે. સુરતમાં એક નવું નામ બનીને, તેઓ આજે ક્વોલિટી સર્વિસ અને વિશ્વસનીયતા માટે જાણીતા છે. તેમનું કાર્ય માત્ર બિલ્ડિંગ્સ સુધી સીમિત નથી, પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે સુરક્ષિત અને ટકાઉ વાતાવરણ નિર્માણ કરવાનું છે.



HASMUKH D. PANCHANI
M.Tech. (CASAD)
Consulting Structural Engineer
Shreepad World, 701, 7TH Floor,
Near Pal–Umra Bridge, Near Nayara Petrol
Pump, Pal, Adajan, Surat – 395009.
Mo. : +91 98791 83386
E-mail : pdeltaconsultants@gmail.com

નજમુદ્દીન મેઘાણી
(એડવોકેટ એન્ડ નોટરી)
najmuddin@meghaniadvocate.com

ગુજરાતમાં જમીન-મિલકત અને વીલ-વારસાઈની બાબતોમાં નિપુણ અને અધિકારીક અભિપ્રાય આપતા એક પ્રતિષ્ઠિત વકીલ અને લિગલ કન્સલટન્ટ છે. દાયકાઓના અનુભવ સાથે, તેમણે અગ્રણી કાનૂની વિશેષજ્ઞ નિષ્ણાત તરીકે ઓળખ મેળવી છે. તે માત્ર વકીલ જ નહીં, પરંતુ કાનૂની બાબતોના લેખક, સંકલનકર્તા, વક્તા, ટીવી પ્રેઝન્ટર તેમજ લોકપ્રિય અખબારના કોલમિસ્ટ પણ છે ઉપરાંત તેઓ સેમિનારના માધ્યમથી કાયદાકીય જ્ઞાનને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા માટે હંમેશાં પ્રયત્નશીલ રહે છે. તેમને અનેક પ્રતિષ્ઠિત પુરસ્કારોથી પણ નવાજવામાં આવ્યા છે અને સમગ્ર ગુજરાતમાં તેમને કાનૂની ક્ષેત્રે એક આઇકન તરીકે ઓળખવામાં આવે છે.

દીવાની કાર્યવાહી પડતર છે, એવા કારણસર અશાંતધારા અન્વયે મિલકત તબદીલ કરવાની પરવાનગીનો ઇન્કાર થઈ શકે નહીં

યુગેન રિઅલ્ટી, સુરત.

કોઈ વ્યક્તિ જ્યારે અશાંત વિસ્તારમાં આવેલ સ્થાવર મિલકતની તબદીલી કરવા ઈચ્છુક હોય ત્યારે, તેણે સક્ષમ સત્તાવાળા પાસેથી અશાંતધારા અન્વયે પૂર્વપરવાનગી મેળવવી જોઈશે. સંબંધિત વ્યક્તિ પાસેથી અરજી મળવા ઉપર કલેક્ટરે મુંબઇ જમીન મહેસૂલ સંહિતા વડે નિર્દિષ્ટ પદ્ધતિમાં ઔપચારિક તપાસ યોજવી જોઈશે અને સંબંધિત અરજદારને સુનાવણીની તક આપ્યા બાદ તેમજ તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લીધા બાદ તેઓએ એ બાબતનો નિર્ણય કરવો જોઈશે કે, શું સ્થાવર મિલકતની તબદીલીનો પ્રસ્તાવ તબદીલ કરવાનો ઈરાદો રાખનાર તેમજ તબદીલીથી લેનાર વ્યક્તિઓ દ્વારા મુક્ત સંમતિથી આપવામાં આવ્યો છે કે કેમ તેમજ જેને તબદીલ કરવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે તે, સ્થાવર મિલકતની વાજબી કિંમત બદલ છે કે કેમ, તે પાસાઓને તપાસ્યા વિના અને કોઈ કિસ્સામાં માત્ર કોર્ટ સમક્ષ અરજી યા દાવો પડતર હોવાના આધારે વેચાણ પરવાનગીની અરજી નામંજૂર કરી શકાય નહીં. તેવો સિધ્ધાંત નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા અલી એન્ટરપ્રાઈઝીસ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. : ૬૩૮૦/૨૦૧૮ ના કામે ૨૮-૧૧-૨૦૧૮ના રોજ આખરી હુકમ કરી ઉપર મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. આ કેસની ટૂંકમાં હકીકત નીચે મુજબ છે. આ કેસમાં અરજદારોએ વર્ષ ૨૦૧૩માં પ્રશ્નવાળી મિલકત ખરીદી હતી અને તે સમયે, બચાવકર્તા નં. ૩ પાસેથી અશાંતધારાની કલમ ૫ હેઠળ પરવાનગી મેળવવામાં આવી હતી. જો, બચાવકર્તા નં. ૩ દ્વારા પસાર તા. ૧૬-૦૫-૨૦૧૩નાં રોજનો હુકમ કાળજીપૂર્વક તપાસવામાં આવે તો, એ બાબત સ્પષ્ટ થાય છે કે, પરવાનગી આપતી વખતે ચોક્કસ શરતો બચાવકર્તા નં.૩ દ્વારા લાદવામાં આવી હતી. શરતો પૈકીની એક એ છે કે, કથિત પરવાનગી આ કોર્ટ સમક્ષ પડતર એવી સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૨૨૬/૨૦૧૧ ના પરિણામને આધીન મંજૂર કરવામાં આવે છે. જોકે, એ નોંધવું સુસંગત છે કે, હવે અરજદારો પ્રશ્નવાળી મિલકતનું વેચાણ કરવા માગે છે અને જ્યારે બચાવકર્તા નં. ૩ ની પરવાનગી માગવામાં આવી છે ત્યારે, તેઓએ એવા આધાર ઉપર તે પરવાનગીનો ઇનકાર કર્યો છે કે, સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૨૨૯/૨૦૧૧ આ કોર્ટ સમક્ષ પડતર છે અને જ્યાં સુધી કથિત અરજીનો નિકાલ ન થાય ત્યાં સુધી પરવાનગી મંજૂર કરી શકાય નહીં. આ કોર્ટ એવો ધરાવે છે કે, સક્ષમ અધિકારી દ્વારા નોંધવામાં આવેલ આવું કારણ ભૂલ ભરેલું છે અને રદ તેમજ સેટ-એસાઈડ કરવા લાયક છે. મત

(૮) આ તબક્કે, અશાંતધારાની કલમ ૫ માં સમાવિષ્ટ જોગવાઈઓનો સંદર્ભ લેવો પણ જરૂરી છે, જે નીચે મુજબ વંચાય છે :

'(૫) (૧) જે તે સમયે પ્રચલિત અન્ય કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પરંતુ પેટા-કલમ (૩)ની જોગવાઈને આધીન, આ અધિનિયમ અમલી બન્યાની તારીખથી શરૂ થતાં અને ૩૧ માર્ચ, ૧૯૮૭નાં રોજ સમાપ્ત થતાં સમયગાળા દરમિયાન, કલેક્ટરની પૂર્વપરવાનગી સાથે કરવામાં આવે તે સિવાય, અશાંત વિસ્તારમાં આવેલ કોઈપણ સ્થાવર મિલકતની તબદીલી કરી શકાશે નહીં.

(૨) પેટા-કલમ (૧)નો ભંગ કરીને કરવામાં આવેલ કોઈપણ સ્થાવર મિલકતની તબદીલી વ્યર્થ અને રદબાતલ ગણાશે.

(૩)(બી) અશાંત વિસ્તારમાં આવેલ સ્થાવર મિલકતની તબદીલી કરવાનો ઈરાદો ધરાવનાર કોઈપણ વ્યક્તિની અરજી મળ્યેથી, કલેક્ટરે મુંબઇ જમીન મહેસૂલ સંહિતા, ૧૮૭૯ વડે નિર્દિષ્ટ પદ્ધતિમાં ઔપચારિક તપાસ યોજવી જોઈશે અને અરજદારને સુનાવણીની તક આપ્યા બાદ તેમજ રજૂ કરવામાં આવેલ કોઈ પુરાવાને ધ્યાને લીધા બાદ એ બાબતનો નિર્ણય કરશે કે, શું સ્થાવર મિલકતની તબદીલીનો પ્રસ્તાવ તબદીલ કરવાનો ઈરાદો રાખનાર તેમજ તબદીલીથી લેનાર વ્યક્તિઓ દ્વારા મુક્ત સંમતિથી આપવામાં આવ્યો છે કે કેમ તેમજ જેને તબદીલ કરવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે તે, સ્થાવર મિલકતની વાજબી કિંમત બદલ છે કે કેમ અને તે મુજબ, - ૧. અરજી નામંજૂર કરી શકશે, અથવા ૨. સ્થાવર મિલકતની પ્રસ્તાવિત તબદીલીને લેખિતમાં હુકમ કરીને પૂર્વપરવાનગી આપી શકશે.'

ઉપરોક્ત જોગવાઈ ઉપરથી એ બાબત સ્પષ્ટ છે કે, કોઈ વ્યક્તિ જ્યારે અશાંત વિસ્તારમાં આવેલ સ્થાવર મિલકતની તબદીલી કરવા ઈચ્છુક હોય ત્યારે, તેણે અશાંતધારા અન્વયે સક્ષમ સત્તાવાળા પાસેથી પૂર્વપરવાનગી મેળવવી જોઈશે. અશાંતધારાની કલમ ૫(૩)(બી) માં વધુમાં જણાવવામાં આવેલ છે કે, સંબંધિત વ્યક્તિ પાસેથી અરજી મળવા ઉપર કલેક્ટરે મુંબઈ જમીન મહેસૂલ સંહિતા વડે નિર્દિષ્ટ પદ્ધતિમાં ઔપચારિક તપાસ યોજવી જોઈશે અને સંબંધિત અરજદારને સુનાવણીની તક આપ્યા બાદ તેમજ તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લીધા બાદ તેઓએ એ બાબતનો નિર્ણય કરવો જોઈશે કે, શું સ્થાવર મિલકતની તબદીલીનો પ્રસ્તાવ તબદીલ કરવાનો ઈરાદો રાખનાર તેમજ તબદીલીથી લેનાર વ્યક્તિઓ દ્વારા મુક્ત સંમતિથી આપવામાં આવ્યો છે કે કેમ તેમજ જેને તબદીલ કરવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે તે, સ્થાવર મિલકતની વાજબી કિંમત બદલ છે કે કેમ. આ તમામે તમામ પાસાઓને તપાસ્યા વિના અને માત્ર કોર્ટ સમક્ષ અરજી પડતર હોવાના આધારે વેચાણ પરવાનગીની અરજી નામંજૂર કરી શકાય નહીં.

ધાર્મિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેની સૌથી મોટી રાફ્ટ ફાઉન્ડેશન સાથે અદાણી સિમેન્ટે બનાવ્યો વિશ્વ રેકોર્ડ

યુગેન રિઅલ્ટી, અમદાવાદ.

અદાણી સિમેન્ટે, એમ/એસ પી.એસ.પી. ઈન્ફ્રા સાથેની ભાગીદારીમાં, અમદાવાદ નજીક ઉમિયા ધામ ખાતે ધાર્મિક માળખા માટેની દુનિયાની સૌથી મોટી રાફ્ટ ફાઉન્ડેશન પૂર્ણ કરીને ઐતિહાસિક ઇજનેરી સિધ્ધિ હાંસલ કરી છે. સતત 54 કલાક ચાલેલા આ કાર્ય અદાણી સિમેન્ટની વિશાળ પાયે ચોકસાઈ, ઝડપ અને સ્થાયિત્વ સાથે કામ કરવાની ક્ષમતાનું પ્રતિબિંબ છે.

આ રેકોર્ડ-બ્રેકિંગ પોરમાં 24,100 ક્યુબિક મીટર ECOMaxX M45 ગ્રેડ લો-કાર્બન કોન્ક્રીટ, 3,600 ટન સિમેન્ટ અને 600થી વધુ કુશળ કામદારો તથા ટેકનિકલ નિષ્ણાતોની સુસંગત મહેનત સામેલ હતી. આ કામગીરી માટે 26 રેડી-મિક્સ કોન્ક્રીટ પ્લાન્ટ્સ અને 285થી વધુ ટ્રાન્ઝિટ મિક્સર્સનું સુમેળભર્યું લોજિસ્ટિક નેટવર્ક ઉભું કરવામાં આવ્યું, જેના કારણે સતત પુરવઠો અને ગુણવત્તાની ખાતરી મળી.

આ રાફ્ટ ફાઉન્ડેશનનું માપ 450 ફૂટ x 400 ફૂટ x 8 ફૂટ છે, જે પર આવતા 504 ફૂટ ઊંચા જગત જનની મા ઉમિયા મંદિર માટેના 1,551 ધર્મ સ્તંભો ઉભા રહેશે. આ પ્રોજેક્ટને અમદાવાદના જાસપુર ખાતે વિશાળ સામાજિક અને સાંસ્કૃતિક કેમ્પસનું આધ્યાત્મિક કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે.

આ સિધ્ધિનું વિશિષ્ટ લક્ષણ તેનું સ્થાયિત્વ પ્રભાવ છે. ECOMaxX મિશ્રણમાં "66% પુરક સિમેન્ટિશિયસ મટીરિયલ (SCM)"નો સમાવેશ થયો છે, જે પ્રોજેક્ટના કાર્બન ઉત્સર્જનમાં 60% ઘટાડો કરે છે. પ્રોપ્રાયટરી કૂલક્રિટ ટેક્નોલોજીએ કોન્ક્રીટના પ્લેસમેન્ટ તાપમાનને 28 ડિગ્રી સેલ્સિયસથી નીચે જાળવ્યું, જેના કારણે થર્મલ તણાવ ઓછો રહ્યો. સાથે જ સ્થાપિત થર્મોકપલ્સ વાસ્તવિક સમયમાં પ્રદર્શન અને ટકાઉપણું નિરીક્ષિત કરી રહ્યા છે.

અદાણી ગ્રૂપના સિમેન્ટ બિઝનેસના CEO શ્રી વિનોદ બાહેટીએ જણાવ્યું :

"ઉમિયા ધામ એક આઇકોનિક આધ્યાત્મિક સ્મારક બનવા જઈ રહ્યું છે, જે આશરે ₹22,000 કરોડનું રોકાણ દર્શાવે છે. આ માત્ર વિશ્વ રેકોર્ડ નથી — પણ શ્રધ્ધા અને આધુનિક ઇજનેરી વચ્ચેનું એક સેતુ છે. અમારું ECOMaxX કોન્ક્રીટ સાબિત કરે છે કે નવીનતા અને સ્થાયિત્વ સાથે મળીને એવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર રચી શકાય છે, જે પેઢીઓ સુધી ટકી રહે."



વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના અધ્યક્ષ શ્રી આર.પી. પટેલે ઉમેર્યું :

"જગત જનની મા ઉમિયા મંદિરની સફળ ફાઉન્ડેશન ભારતની સાંસ્કૃતિક અને ઇજનેરી વારસાનો ગૌરવપૂર્ણ ક્ષણ છે. અદાણી સિમેન્ટની કુશળતા આ ઐતિહાસિક પહેલ માટે સ્વાભાવિક ભાગીદાર બની."

આ સિધ્ધિને સ્થળ પર 1,000થી વધુ લોકોએ તથા ઓનલાઈન 10,000થી વધુ દર્શકોએ નિહાળી, જે તેને ઇજનેરી તથા સાંસ્કૃતિક બંને દૃષ્ટિકોણથી મહત્વપૂર્ણ બનાવે છે.

મુંબઈની વર્લ્ડ વન ટાવરથી લઈને જમ્મુ-કાશ્મીરની ચેનાબ રેલવે બ્રિજ સુધીના પ્રોજેક્ટ્સમાં પોતાની નિષ્ણાતી દાખવનાર અદાણી સિમેન્ટ હવે આધ્યાત્મિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં યોગદાન આપી રહ્યું છે. ઉમિયા ધામ પ્રોજેક્ટ અદાણી સિમેન્ટની ભારતના ભવિષ્યને નવીનતા, સ્થાયિત્વ અને સાંસ્કૃતિક ગૌરવ સાથે ઘડવાની પ્રતિબધ્ધતાને મજબૂત બનાવે છે.

સપનાઓને સુકુનનુ અને સમૃદ્ધિનું સરનામું આપતા ચેનલ પાર્ટનર

ચિરાગ જરીવાલા, ફાઉન્ડર, ધ સુરત પ્રોપર્ટી

યુગેન રિઅલ્ટી, સુરત.

લંડનની ક્લાસરૂમથી લઈને મુંબઈના અગ્રણી ડેવલપર્સના બોર્ડરૂમ સુધીનો અનુભવ સાથે લઈને ચિરાગ જરીવાલે સુરતના રિઅલ એસ્ટેટમાં પોતાની અનોખી ઓળખ ઊભી કરી છે. 2009માં એમબીએ (માર્કેટિંગ) પૂર્ણ કર્યા પછી પ્રોપર્ટી મેનેજમેન્ટ અને કોર્પોરેટ સેલ્સમાં મળેલી ટ્રેનિંગે તેમને ગ્રાહકની જરૂરિયાતો સમજવાની નિપુણતા આપી. 2016માં જ્યારે તેમણે The Surat Property સ્થાપી, ત્યારે તેનો આધાર માત્ર પ્રોપર્ટી વેચાણ નહીં પરંતુ ગ્રાહકોના સપના સાકાર કરવાની પ્રતિબદ્ધતા પર હતો. આજે ચિરાગ પ્રામાણિકતા, ટેક્નોલૉજી અને પારદર્શક વ્યવહાર સાથે સુરતના વિકસતાં પ્રોપર્ટી બજારમાં વિશ્વસનીયતા અને પ્રોફેશનાલિઝમનું પ્રતીક બની ગયા છે. યુગેન રિઅલ્ટી ન્યૂઝપેપરની કોલમ 'ધ ડીલ મેકર્સ'માં અમે ઉદ્યોગને આકાર આપતા ચેનલ પાર્ટનર્સને ઉજાગર કરીએ છીએ. આ અંકમાં ચિરાગ જરીવાલાએ તેમની પ્રેરણાદાયી સફર, પડકારો અને મૂલ્યો સાથેનું જુનૂન શેર કરે છે.

તમે રિઅલ એસ્ટેટમાં ચેનલ પાર્ટનર તરીકે પહેલું પગલું કેવી રીતે ભર્યું? શું તે આયોજિત નિર્ણય હતો કે અચાનક લેવાયેલો નિર્ણય?

2009માં લંડનથી એમબીએ (માર્કેટિંગ) પૂર્ણ કર્યા પછી મને ત્યાં પ્રોપર્ટી મેનેજમેન્ટ કંપનીમાં કામ કરવાનો મોકો મળ્યો. એ અનુભવથી સમજાયું કે રિઅલ એસ્ટેટ માત્ર વેચાણનો ધંધો નથી, પરંતુ ક્લાયન્ટની જરૂરિયાત સમજવાનો અને તેના જીવનના સપનાને સાકાર કરવાની પ્રક્રિયા છે. પછી ભારત પરત આવીને મુંબઈમાં રૂનવાલ ગ્રુપ, લોઢા ગ્રુપ, હીરાનંદાની અને હબટાઉન જેવા પ્રતિષ્ઠિત ડેવલપર્સ સાથે સેલ્સ વિભાગમાં કામ કર્યું, જ્યાં કોર્પોરેટ સેલ્સની બારીકીઓ શીખી. આ મજબૂત પૃષ્ઠભૂમિ પછી 2016માં સુરતમાં The Surat Property નામે મારી ફર્મ શરૂ કરી. આ ક્ષેત્રમાં પ્રવેશ એ અચાનક નિર્ણય નહોતો, પરંતુ એક પ્લાન્ડ અને વિચારેલું પગલું હતું.

કારકિર્દી શરુ કરી ત્યારથી સૌથી મહત્ત્વપૂર્ણ સલાહ તમને શું મળી?

સૌથી મહત્વની સલાહ એ મળી કે ગ્રાહકને સાંભળો. ઘણી વાર આપણે આપણી પ્રોડક્ટ અથવા ડીલ પર વધારે ફોકસ કરીએ છીએ, પરંતુ સાચી સફળતા ત્યારે મળે છે જ્યારે ગ્રાહકને ખરેખર શું જોઈએ છે એ સમજીએ અને એના માટે યોગ્ય સૉલ્યુશન આપીએ. યોગ્ય સમયે યોગ્ય પ્રોપર્ટી આપવી એ જ લાંબા ગાળાની સફળતા માટે જરૂરી છે.

તમારા વ્યક્તિત્વને એક શબ્દ કે શબ્દસમૂહમાં કેવી રીતે વ્યાખ્યાયિત કરશો?

પ્રામાણિકતા, સમયની પાબંદી, ઈમાનદારી અને પ્રતિબધ્ધતા. આ ગુણો માત્ર મારા વ્યક્તિત્વનો નહીં, પરંતુ મારા બિઝનેસનો પણ આધાર છે. મારા ક્લાયન્ટ્સ મને વિશ્વાસથી કામ સોંપે છે કારણ કે તેમને ખબર છે કે હું કહેલા શબ્દો પર ખરો ઊતરીશ.

એવી આદત કે હકીકત જે મોટાભાગના લોકો જાણતા નથી?

હું સામાન્ય રીતે ઓછું બોલું છું, જેના કારણે લોકો મને પહેલીવાર મળીને "ઈગોઈસ્ટ" અથવા "અપ્રોચેબલ નથી" એમ સમજે છે. પરંતુ ઓળખાણ થયા પછી લોકો અનુભવ કરે છે કે હું ખૂબ જ મળતાવડો છું. હું શાંતિથી, પીસફુલ માઇન્ડથી કામ કરવાનું પસંદ કરું છું.

તમે કયા પ્રકારની પ્રોપર્ટીઓ સાથે કામ કરો છો?

The Surat Propertyમાં અમે દરેક પ્રકારની પ્રોપર્ટી – રેસિડેન્સિઅલ, કોમર્શિયલ, લેન્ડ, કોર્પોરેટ લીઝ તેમજ ઓફિસ સ્પેસીસ – સાથે કામ કરીએ છીએ. અમારા માટે એક રૂમનો ફ્લેટ જેટલો જ મહત્વનો છે, જેટલો મોટી કોર્પોરેટ ડીલ.

તમારી સૌથી યાદગાર ડીલ કઈ હતી?

મારી એક યાદગાર ડીલમાં NRI ક્લાયન્ટને તેના મનગમતા વિસ્તારમાં પ્રોપર્ટી ન મળી. મેં તેને નજીકના એરિયામાં પ્રોજેક્ટ બતાવ્યો અને વિસ્તારની ભવિષ્યમાં વધતી કિંમત સમજાવી. ક્લાયન્ટ તરત જ કન્વિન્સ થયા અને ડીલ ઇન્સ્ટન્ટ થઈ ગઈ. આ અનુભવથી મને સમજાયું કે ગ્રાહકને માત્ર હાલનું નહીં, પરંતુ ભવિષ્યનું વિઝન પણ બતાવવું જરૂરી છે.

તમે કઈ બ્રાન્ડ્સ અને ક્યાં વિસ્તારમાં કામ કરો છો?

સંગીની ગ્રુપ, રાજહંસ ગ્રુપ, પ્રમુખ ગ્રુપ, ગોદરેજ, શાલીગ્રામ ગ્રુપ, કિરણ ગ્રુપ સહીત સુરતના બ્રાન્ડેડ અને પ્રતિષ્ઠિત ડેવલપર્સ સાથે અમે ડાયરેક્ટ કામ કરીએ છીએ. મુખ્યત્વે પાલ, અડાજન, ગૌરવપથ અને વેસુ જેવા હોટસ્પોટ એરિયાઓમાં અમારી ટીમ ફોકસ કરે છે. અમારી પાસે એક મજબૂત પ્રોફેશનલ ટીમ છે જે ટિમ વર્કની શક્તિથી દરેક ડીલને સફળ બનાવે છે.

વર્ષોના અનુભવે તમારા અભિગમમાં શું બદલાયું?

શરૂઆતમાં ફક્ત અનુભવ અને નેટવર્ક પર આધાર રાખીને કામ કરતો હતો, પરંતુ હવે ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરું છું. CRM, ડિજિટલ મીડિયા, ઑનલાઇન માર્કેટિંગ – આ બધાથી ગ્રાહકને વધુ સારી રીતે સર્વ કરી શકીએ છીએ. હવે અમે AI ટૂલ્સનો પણ ઉપયોગ શરૂ કર્યો છે.

એવી કુશળતા જે તમને અન્ય ચેનલ પાર્ટનર્સથી અલગ પાડે છે?

અમે ગ્રાહકની જરૂરિયાતને ઊંડાણપૂર્વક સમજીએ છીએ. ફક્ત પ્રોજેક્ટ બતાવવાનું કામ નથી કરતા, પરંતુ ક્લાયન્ટ માટે એક વન-સ્ટોપ સોલ્યુશન બનીએ છીએ. પિક-અપ/ડ્રોપ સર્વિસ આપીએ છીએ, ટેક્નોલૉજી દ્વારા દુનિયાભરના ગ્રાહકો સુધી પહોંચીને તેમની સાથે કામ કરીએ છીએ અને ક્લાયન્ટ સાથેનો રિલેશન લાંબા ગાળાનો રહે – એ વિઝન સાથે આગળ વધીએ છીએ.

આજના માર્કેટમાં ચેનલ પાર્ટનરની ભૂમિકા કેટલી મહત્વની છે?

ચેનલ પાર્ટનર હવે માત્ર ડીલ ક્લોઝ કરનાર નથી. તે ગ્રાહક અને ડેવલપર વચ્ચેનો ટ્રસ્ટ બ્રિજ છે. ખાસ કરીને સુરત જેવા વધતા બજારમાં, CP જો ક્વોલિફાઈડ હોય તો માર્કેટને પારદર્શક અને ઓર્ગેનાઈઝ્ડ બનાવવા માટે મોટું યોગદાન આપી શકે છે.

The Surat Property
TURNING HOUSES INTO DREAMS

તમને કયા ડેવલપર્સ પ્રેરણા આપે છે?

મારા રોલ મોડલ ડૉ. નિરંજન હીરાનંદાની છે. તેમણે કેવી રીતે પ્રોફેશનલિઝમ, વિઝન અને નેશનલ ગ્રોથ સાથે રિઅલ એસ્ટેટને ઊંચા દરજ્જા પર પહોંચાડ્યું છે – એ અદભુત છે. સુરતમાં પણ અનેક ડેવલપર્સ છે જેમનું કામ પ્રેરણાદાયી છે.

આગામી 5-10 વર્ષમાં ચેનલ પાર્ટનરની ભૂમિકા કેવી રીતે બદલાશે?

CP માટે ટેકનોલોજી હવે વિકલ્પ નથી, ફરજિયાત છે. આવતા સમયમાં વર્ચ્યુઅલ ટૂર, AI આધારિત રેકમેન્ડેશન, ડેટા એનાલિટિક્સ – આ બધું નિયમિત બની જશે. એટલે CP ટેક-સેવી નહીં હોય તો માર્કેટમાં ટકી નહીં શકે.

ઉદ્યોગમાં કઈ મુશ્કેલીનો સામનો કર્યો?

જ્યારે મેં શરૂઆત કરી ત્યારે સુરતનું માર્કેટ ખૂબ અનઓર્ગેનાઈઝ્ડ હતું. સ્ટાન્ડર્ડ પ્રોસેસ નહોતી, પારદર્શિતા નહોતી. એમાં ક્લાયન્ટનો વિશ્વાસ જીતવો ચેલેન્જ હતો. ધીમે ધીમે અમારી પ્રોફેશનલ અભિગમ અને પારદર્શક કામ કરવાની રીતથી માર્કેટમાં સ્થાન મેળવ્યું.

એક દાયકામાં તમારી કારકિર્દી ક્યાં જુઓ છો?

સુરતનું ભવિષ્ય અત્યંત તેજસ્વી છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ, ઇન્ડસ્ટ્રિઅલ ગ્રોથ – આ બધું રિઅલ એસ્ટેટને વધુ મજબૂત બનાવશે. The Surat Propertyને હું આગામી દાયકામાં સુરતની સૌથી વિશ્વસનીય અને પ્રોફેશનલ રિઅલ્ટી ફર્મ તરીકે જોવા માંગું છું.

હાલનું માર્કેટ અને લાંબા ગાળાનો અભિપ્રાય?

હાલ માર્કેટ ખરાબ નથી, મંદી જેવી સ્થિતિ નથી. જો CP યોગ્ય રીતે ક્લાયન્ટને હેન્ડલ કરે તો ડીલ થાય જ છે. લાંબાગાળે સુરતનું માર્કેટ મજબૂત રહેશે.

ઉદ્યોગમાં એક વસ્તુ બદલી શકો તો?

પારદર્શિતા વધારવી. જો બધું વ્હાઇટમાં અને ક્લીયર હોય, તો ક્લાયન્ટનો વિશ્વાસ વધે અને કામ પીસ ઑફ માઇન્ડ સાથે થાય અને મેટ્રો સિટીઝ તેમજ વિદેશથી પણ રોકાણ આવે.

વ્યક્તિગત સ્તરે તમારું સ્વપ્ન કે લક્ષ્ય?

મારા માટે ફેમિલી લાઈફ ખૂબ મહત્વની છે. વર્ષમાં ઓછામાં ઓછું બે વાર ફેમિલી સાથે વૅકેશન પર જવું, પત્ની અને પુત્રી સાથે ક્વોલિટી ટાઈમ પસાર કરવો – એ મને ફરીથી એનર્જાઈઝ કરે છે.

ચેનલ પાર્ટનર બનવાનો સૌથી પસંદનો ભાગ કયો?

મારા માટે સૌથી મોટો ઉત્સાહ એ છે કે લોકોના લાઈફલૉંગ ડ્રીમ્સ સાકાર કરવામાં હું સહયોગી બનું છું. ઘર મેળવવાનું સ્વપ્ન દરેકનું હોય છે, અને જ્યારે કોઈ ક્લાયન્ટ પોતાના સપનાના ઘરમાં એન્ટ્રી કરે – એ મારો સૌથી મોટો રિવોર્ડ છે.

તમારા શોખ કે જુસ્સો શું છે?

મને ફરવાનો શોખ છે. યુરોપ, બાલી, માલદીવ્સ કે ભારતમાં કાશ્મીર – બધા જ સ્થળો ગમે છે. સાથે ટેકનોલોજી વિશે વાંચવું, સેલ્ફ ઇમ્પ્રૂવમેન્ટ પર કામ કરવું અને પોતાની જાતને અપડેટ રાખવું – એ પણ મારો જુસ્સો છે.

જો કોઈ ઐતિહાસિક વ્યક્તિ કે સેલિબ્રિટી સાથે ડિનર કરી શકો તો કોણ હશે?

ડૉ. નિરંજન હીરાનંદાની સાથે. હું તેમને પૂછું કે બિઝનેસ, ફેમિલી લાઈફ અને નેશનલ ગ્રોથ વચ્ચે આટલી બૅલેન્સ અને એનર્જી કેવી રીતે જાળવો છો? એની પાછળનું રહસ્ય જાણવા ગમશે.

નવા ચેનલ પાર્ટનર્સને તમારી સલાહ શું છે?

નવી જનરેશન માટે સલાહ એ છે કે ટેક્નોલૉજીનો ઉપયોગ કરો, નોલેજ અપડેટ રાખો, ગ્રાહક સાથે સાચો ઇન્ટરેક્ટ કરો અને તમારી પ્રેઝન્ટેશન તથા પર્સનલ ગ્રુમિંગ પર કામ કરો.

તમારી ચેનલ પાર્ટનર શૈલીને ફિલ્મ કે ગીત તરીકે વર્ણવો તો?

મારી સ્ટાઇલ ઇન્સ્પિરેશનલ જર્ની મૂવી જેવી છે – જ્યાં પડકારો આવે છે, પણ અંતે સફળતા, સંતોષ અને ક્લાયન્ટના ચહેરા પરની ખુશી જોવા મળે છે.

ENAGIC INDEPENDENT DISTRIBUTOR
KANGEN WATER®
Change your water, Change your life.
OSHI
Health and Wellness
Be Healthy. Be Aware
Health, Wealth and Happiness
Japanese Scientists Discovered Water that Prevents Illness and Slows Aging and Improves Health

Benefits of Alkaline Ionized Water for Various Health Conditions
Gas - Acidity
Joint Pain
Heart Health
Liver Function
Blood Sugar
Kidney Health
Constipation
Uric Acid
Thyroid
Diabetes
Allergy Relief
Blood Pressure
Weight Loss
Immunity
Pancreatic

No Disease including Cancer, can exist in an alkaline environment.
- Dr. Otto Warburg, Nobel Prize winner
Call For More Details :
Bharat Lakhani : +91 99748 68842 | 93776 68842
Disclaimer: The health benefits mentioned in this pamphlet, including effects on specific diseases, are based on user testimonials and general wellness improvements observed by some individuals. Kangen Water® is not intended to diagnose, treat, cure, or prevent any disease.

રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટમાં ફાયર સેફ્ટી

માત્ર B.U.C. સર્ટિફિકેટ લેવાં માટે નથી

ફાયર સેફ્ટી એ એવી બાબત બની ગઈ છે જે જવાબદાર ડેવલપરને બીજા કરતા જુદા પાડે છે. આ હવે વિકલ્પ નથી — અનિવાર્ય છે. આર્કિટેક્ટ્સ માટે, તે ડિઝાઈન નવીનતા સાથે સેફ્ટીને ઈન્ટિગ્રેટ કરવાની તકો આપે છે, જેથી એસ્થેટિક્સ સાથે સુરક્ષા તાલમિલાવીને ચાલે.

યુગેન રિઅલ્ટી, સુરત.

રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટમાં ફાયર સેફ્ટી માત્ર નિયમો પૂરાં કરવા માટે નથી, પરંતુ લોકોનું જીવન સુરક્ષિત કરવાનો સૌથી મોટો આધાર છે. એક સુરક્ષિત ઇમારત હંમેશા તેની કિંમત વધારશે, ખરીદદારોમાં વિશ્વાસ ઊભો કરશે અને ડેવલપર-આર્કિટેક્ટની પ્રતિષ્ઠા મજબૂત બનાવશે. આજના સમયમાં, જ્યાં ઘર ખરીદનારાઓ અને કોર્પોરિટ ભાડૂઆતો વધુ જાગૃત છે, ફાયર સેફ્ટી એ એવી બાબત બની ગઈ છે જે જવાબદાર ડેવલપરને બીજા કરતા જુદા પાડે છે. આ હવે વિકલ્પ નથી — અનિવાર્ય છે. આર્કિટેક્ટ્સ માટે, તે ડિઝાઈન નવીનતા સાથે સેફ્ટીને ઇન્ટિગ્રેટ કરવાની તકો આપે છે, જેથી એસ્થેટિક્સ સાથે સુરક્ષા તાલમિલાવીને ચાલે.

પરંતુ, ફાયર સેફ્ટી ફક્ત બિલ્ડિંગ યુઝ સર્ટિફિકેટ (B.U.C.) મેળવવા માટેની ફોર્માલિટી નથી. કાગળ પૂરાં થયા એટલે બધું પૂરું થાય એવું નથી. સાચી સલામતી ત્યારે જ મળે જ્યારે શરૂઆતથી જ પ્રોજેક્ટના ડિઝાઈન અને બાંધકામમાં મજબૂત ફાયર પ્રોટેક્શન સિસ્ટમ્સ સામેલ થાય. એટલે B.U.C. તો માત્ર શરૂઆત છે — અસલ જવાબદારી તેના આગળની છે.

નિયમોમાંથી થતી કોઈ પણ ઢીલાઈ સીધી માનવીજીવનને જોખમમાં મૂકે છે. નેશનલ બિલ્ડિંગ કોડ (NBC) 2016 મુજબ પૂરતા એક્ઝિટ રૂટ, એલાર્મ સિસ્ટમ્સ, સ્પ્રિંકલર્સ, રિફ્યૂજ એરિયા, ફાયર-શિલ્ડ શાફ્ટ અને સજ્જ ફાયર કમાન્ડ સેન્ટર હોવું ફરજિયાત છે. આ ફક્ત ટેકનિકલ બાબતો નથી—આ તો માનવજીવનની સુરક્ષા માટેની ફરજ છે. ઘણી વખત ટેકનિકલ ચકાસણીમાં ડિઝાઈન, કન્સ્ટ્રક્શન અને પછીના તબક્કામાં પણ ખામીઓ બહાર આવે છે. તેને સમયસર સુધારવી અત્યંત જરૂરી છે.

ડેવલપર, કન્સલ્ટન્ટ અને આર્કિટેક્ટ્સ જયારે કોઈ પણ ડેવલપમેન્ટનું કામ કરે છે ત્યારે તેઓ ઘર, ઑફિસ અને સ્પેસીસ એવી બનાવે જ્યાં લોકો જીવશે, કામ કરશે અને ભેગા થશે. એટલે સલામતી પ્રાથમિકતા હોવી જ જોઈએ.

ફાયર સેફ્ટીનો અર્થ માત્ર કાનૂની માપદંડ પૂરાં કરવાનો નથી. તેનો અર્થ છે જોખમોનું આગોતરું મૂલ્યાંકન કરીને શરૂઆતથી જ સુરક્ષાના પગલાં લેવાના: સારી ગુણવત્તાવાળા ફાયર-પ્રતિરોધક મટિરિઅલ, સ્પષ્ટ એક્ઝિટ રૂટ અને આધુનિક એલાર્મ-સ્પ્રિંકલર સિસ્ટમ્સ. આ કાયદો કહે છે એટલે નહીં, પરંતુ અંતરાત્મા કહે છે એટલે કરવું જોઈએ. જ્યાં આ મહી કોઈ પણ બાબતે સમાધાન કરવામાં આવે ત્યાં એક્સીડેંટ્સ સર્જાવાની શક્યતાઓ વધી જાય છે.

આગની ઘટનાનો સાચો ખર્ચ પૈસાથી માપી શકાય એવો નથી. એ જિંદગીઓ ગુમાવવાનો છે, પરિવારો તૂટી જવાના છે અને રોજગાર નષ્ટ થવાનો છે. આવી ઘટનાઓ અટકાવવી આપણા હાથમાં છે. જો આપણે દરેક પ્રોજેક્ટમાં ફાયર સેફ્ટીને ટોચ પર રાખીને હાઈ પ્રાયોરિટી આપીયે તો રિઅલ એસ્ટટ પ્રિમાઇસિસને સાચે જ વધુ સુરક્ષિત બનાવી શકીએ છીએ.

ચિન્મય દેસાઈ - સુરત ચેપ્ટર પ્રેસિડેન્ટ

યુગેન રિઅલ્ટી ન્યૂઝપેપરમાં વાત કરતા FSAI સુરત ચેપ્ટરના પ્રમુખ અને ફાયર સેફ્ટી નિષ્ણાત ચિન્મય દેસાઇએ કહ્યું : "ફાયર સેફ્ટી એ ખર્ચ નથી; એ માનવીજીવન અને વિશ્વાસમાં કરેલું રોકાણ છે. જો ડેવલપર અને આર્કિટેક્ટ ડિઝાઇનના તબક્કાથી જ તેને પ્રાથમિકતા આપે, તો તેઓ ફક્ત પ્રોજેક્ટને જ નહીં, પરંતુ તેમાં રહેનાર અને કામ કરનાર લોકોના ભવિષ્યને સુરક્ષિત કરે છે."

ચાલો, કોઈ દુર્ઘટના બનવાની રાહ ન જોઈએ. ચાલો એકસાથે વચન આપીએ કે આપણું બાંધકામ હંમેશાં સચ્ચાઈ અને કાળજી સાથે થશે. એવી બિલ્ડિંગ્સ ઊભી કરીએ જે સુંદર અને ઉપયોગી હોવા ઉપરાંત સૌ માટે સુરક્ષિત પણ હોય.

આ જવાબદારી સ્વીકારવાથી આપણે ફક્ત સારી ઇમારતો જ નહીં, પણ સારું આવતીકાલ ઘડી શકીએ.

ડેવલપર અને આર્કિટેક્ટ માટે ફાયર સેફ્ટીના મુખ્ય મુદ્દા

- શરૂઆતથી જ પ્લાનિંગ કરો - ડિઝાઈન સ્ટેજમાં ફાયર સેફ્ટી સામેલ કરો.
- ગુણવત્તાવાળા મટિરિઅલ - સર્ટિફાઇડ ફાયર-પ્રતિરોધક મટીરિઅલનો ઉપયોગ કરો.
- સ્પષ્ટ એક્ઝિટ રૂટ – દર્શાવેલા અને અવરોધરહિત રસ્તા હોવા જોઈએ.
- આધુનિક સિસ્ટમ્સ - વિશ્વસનીય એલાર્મ અને સ્પ્રિંકલર સિસ્ટમ્સ લગાવો.
- સર્ટિફિકેટથી આગળ વિચારો - ફાયર સેફ્ટી સતત જાળવવાની છે.



ફાયર એન્ડ સિક્યુરિટી એસોસિએશન ઓફ ઈન્ડિયા FSAI - સુરત ચેપ્ટર

FSAI

બિલ્ડિંગ અ સેફર ટુમોરો

FSAIનું સુરત ચેપ્ટર, જેમાં ડેડીકેટેડ 150થી વધુ સભ્યો છે, ચેપ્ટર પ્રેસિડેન્ટ - ચિન્મય દેસાઈ અને ચેપ્ટર સેક્રેટરી અંકુર મંત્રીના નેતૃત્વ હેઠળ એક મજબૂત અને ગતિશીલ ટીમ સક્રિય રીતે કાર્યરત છે, જેને તેમની કાર્યક્ષમ એક્ઝિક્યુટિવ ટીમ ભરપૂર સહયોગ આપે છે. સાથે મળીને, તેઓ ભારતના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંના એક, સુરતમાં અગ્નિ સલામતી અને સેફ્ટી કલચરને મજબૂત બનાવવા માટે કામ કરી રહ્યા છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

2002માં સ્થપાયેલ ફાયર એન્ડ સિક્યુરિટી એસોસિએશન ઓફ ઇન્ડિયા (FSAI), એક નોન-પ્રોફિટ સંસ્થા છે જે ફાયર પ્રોટેક્શન, લાઈફ સેફ્ટી, સિક્યુરિટી, બિલ્ડીંગ ઓટોમેશન, લોસ પ્રિવેન્શન અને રિસ્ક મેનેજમેન્ટના ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરે છે. **"સુરક્ષિત ભારત - સેફ એન્ડ સિક્યોર ઇન્ડિયા"**ના સ્પષ્ટ વિઝન સાથે, FSAI જીવન સલામતી અને સુરક્ષાને ભારતની વિકાસ વાર્તાનો અભિન્ન ભાગ બનાવવાનો પ્રયાસ કરે છે. આજે, એસોસિએશન 26 સક્રિય ચેપ્ટરમાં 8,500થી વધુ સભ્યો ધરાવે છે, જેમાં 940+ કોર્પોરેટ અને 7,500+ વ્યાવસાયિકો જેમ કે આર્કિટેક્ટ, કન્સલ્ટન્ટ, એન્ડ-યુઝર્સ અને વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

FSAIનું સુરત ચેપ્ટર, જેમાં ડેડીકેટેડ 150થી વધુ સભ્યો છે, **ચેપ્ટર પ્રેસિડેન્ટ - ચિન્મય દેસાઈ અને ચેપ્ટર સેક્રેટરી અંકુર મંત્રી**ના નેતૃત્વ હેઠળ એક મજબૂત અને ગતિશીલ ટીમ સક્રિય રીતે કાર્યરત છે, જેને તેમની કાર્યક્ષમ એક્ઝિક્યુટિવ ટીમ ભરપૂર સહયોગ આપે છે. સાથે મળીને, તેઓ ભારતના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંના એક, સુરતમાં અગ્નિ સલામતી અને સેફ્ટી ક્લચરને મજબૂત બનાવવા માટે કામ કરી રહ્યા છે.

FSAIનું મિશન અને ધ્યેયો

FSAIનું મિશન જીવન સલામતી અને સુરક્ષાને રાષ્ટ્રીય પ્રાથમિકતા તરીકે સ્થાપિત કરવાનું છે અને તેનો ઉપયોગ ટકાઉ વિકાસ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા માટે બેન્ચમાર્ક તરીકે કરવાનો છે.

તેના ધ્યેયોમાં શામેલ છે :

- સલામતી અને સુરક્ષા પ્રત્યે સક્રિય માનસિકતાને પ્રોત્સાહન આપવું.
- ઉદ્યોગોમાં ફાયર સેફ્ટી અને સુરક્ષા સિસ્ટમ્સનો ઉપયોગ વધારવો.
- એન્જિનિયરિંગ શિક્ષણ, તાલીમ અને જાગૃતિ કાર્યક્રમોનો વિકાસ કરવો.
- મજબૂત નિયમનકારી માળખું બનાવવા માટે સરકારો સાથે સહયોગ કરવો.
- અગ્નિ અને સુરક્ષા ક્ષેત્ર માટે વૈશ્વિક પ્રતિભા પૂલનું પોષણ કરવું.

FSAI પાંચ વ્યૂહરચનાઓ દ્વારા આ ઉદ્દેશ્યો પ્રાપ્ત કરે છે : સામાજિક જાગૃતિ, સરકારી ભાગીદારી, વૈશ્વિક ગુણવત્તા ધોરણોનું પાલન, પ્રતિભા વિકાસ અને સભ્ય સહયોગ.

સક્રિય અને કાર્યક્ષમ સુરત ચેપ્ટર

સુરત ચેપ્ટર FSAIના વ્યાપક વિઝન સાથે સક્રિય રીતે કાર્યરત છે, સ્થાનિક જરૂરિયાતો અનુસાર તેના કાર્યક્રમો તૈયાર કરે છે. ટીમ શિક્ષણ અને સપોર્ટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

સુરત ચેપ્ટરે 19 જુલાઈ 2025ના રોજ હોસ્પિટલ ફાયર સેફ્ટી અને સિક્યોરિટી વિષય પર મહત્ત્વપૂર્ણ સેમિનારનું આયોજન કર્યું હતું, જેમાં આરોગ્ય સંસ્થાઓમાં અપનાવવાના અગત્યના સુરક્ષા નિયમો પર ખાસ ભાર મૂકાયો હતો. સાથે જ **'IFSY - ઇન્ડિયા ફાયર એન્ડ સેફ્ટી યાત્રા 2025'** પણ ઉત્સાહપૂર્વક ઉજવાઈ હતી. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ સુરત ફાયર એન્ડ ઇમર્જન્સી સર્વિસિસના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર પ્રકાશ યાદવ રહ્યા હતા. કાર્યક્રમને ઉમદા પ્રતિસાદ મળ્યો અને તે ખૂબ સફળ રહ્યો. આવા પ્રયત્નો થકી FSAI સુરત ચેપ્ટર ઉદ્યોગો, સંસ્થાઓ અને સમાજ માટે એક વિશ્વસનીય ભાગીદાર બનીને ઉભર્યું છે.

યુગેન રિઅલ્ટી ન્યૂઝપેપર સાથે વાત કરતા ચેપ્ટરના કાર્યક્રમો અને વિઝન પર વાત કરતા **ચેપ્ટરના પ્રમુખ ચિન્મય દેસાઈ**એ કહ્યું, "FSAI સુરત ચેપ્ટરનો અમારો ઉદ્દેશ્ય સક્રિય સલામતી અને સેફ્ટી કલ્ચર બનાવવાનો છે. અમારી ટીમ અને સભ્યોના વિશેષ સમર્પણ સાથે, અમે ભારતમાં ફાયર સલામતી, જીવન સલામતી અને સુરક્ષા ઉકેલો માટે સુરતને એક મોડેલ શહેર બનાવવા માટે પ્રતિબધ્ધ છીએ."

ચિન્મય દેસાઈ - સુરત ચેપ્ટર પ્રેસિડેન્ટ

ધ ફાયર એન્ડ સિક્યુરિટી એસોસિએશન ઓફ ઇન્ડિયા - સુરત ચેપ્ટર સલામતી જાગૃતિને પ્રોત્સાહન આપવા, નવીનતાને પ્રોત્સાહન આપવા અને સરકારી સંસ્થાઓ, કોર્પોરેટ્સ અને જનતા સાથે સહયોગી માળખા બનાવવા માટે બેન્ચમાર્ક સ્થાપિત કરી રહ્યું છે. તેના મજબૂત પાયા, સક્ષમ નેતૃત્વ અને ઉત્સાહી સભ્યો સાથે, આ ચેપ્ટર વધુ સુરક્ષિત અને સુરક્ષિત સુરતને આકાર આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે તૈયાર છે, જે **'સુરક્ષિત ભારત'**ના વ્યાપક રાષ્ટ્રીય વિઝનમાં શક્ય હોય તેટલું યોગદાન આપી રહ્યું છે.

સુરત ચેપ્ટર લીડરશીપ કમિટી

પ્રેસિડેન્ટ : ચિન્મય દેસાઈ – +91 96872 66688
સેક્રેટરી : અંકુર મંત્રી – +91 72260 99620
ઈમિડીયેટ પાસ્ટ પ્રેસિડેન્ટ : સ્વ. મુકેશ નિગાનિયા
ઈવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ : ધ્રુવલ મહેતા – +91 96649 03231
& સ્તવન જરીવાલા – +91 99245 96080
મેમ્બરશિપ : નિતિન જી. મિસ્ત્રી – +91 93283 77123
ટ્રેનિંગ એન્ડ ટેક ટોક : એરોન નાદાર – +91 88664 68656
સ્ટુડન્ટ ચેપ્ટર : હિતેશ ગોહિલ – +91 93769 69359
આઈટી / મીડિયા બ્રાન્ડિંગ એન્ડ પીઆર : મન્દીપ સંધુ – +91 98251 48113
ગવર્મેન્ટ રિલેશન્સ : ભાવેશ ગોલાકિયા – +91 99097 88443
એડ્વોકસી : ધવલ મહેતા – +91 97144 33308
ટેકનિકલ : સંચિત નિગાનિયા – +91 99989 78254
પબ્લિકેશન : કિરીટ અકબરી – +91 99044 00666
એથિક્સ, ડિસિપ્લિનરી એન્ડ ગ્રીવેન્સીસ : રમેશ ભૂતાણી – +91 97270 05050
સ્ટ્રેટેજિક ઇનિશિએટિવ : પરેશ ટેલર – +91 98251 35739
કમિટી મેમ્બર : નિરેન શાહ – +91 98987 33753

અદ્રશ્ય નફાનો આધાર :

કેવી રીતે સ્માર્ટ ટેસ્ટિંગ સુરતનું ભવિષ્ય ઘડે છે.

જેમ જેમ સુરત ઝડપથી અર્બન ડેવલપમેન્ટની સફરમાં આગળ વધી રહ્યું છે, તેમ તેના ભવિષ્યને ઘડનારા પ્રોજેક્ટ્સ એ જ હશે, જે માત્ર મહત્ત્વાકાંક્ષા પર નહીં, પણ સ્માર્ટ ટેસ્ટિંગની વૈજ્ઞાનિક ચોકસાઈ પર બનેલા હશે. આ સલામતીમાં ઇન્વેસ્ટમેન્ટ છે, ગુણવત્તાની ગેરંટી છે અને સૌથી મહત્વનું — લાંબા ગાળાના નફાનો મજબૂત આધાર છે.

જયદીપ આલગીયા,
પ્રમુખ ટેસ્ટ હાઉસના સ્થાપક અને મેનેજિંગ પાર્ટનર

જીઓટેકનિકલ સલાહકાર તરીકે દસ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. સુરત અને દક્ષિણ ગુજરાતમાં તમારા બધા બાંધકામ પ્રયાસો માટે તેઓ બાંધકામમાં ગુણવત્તા, રિસ્ક મિટીગેશન ક્ષેત્રે વ્યાપક અનુભવ અને જ્ઞાન ધરાવે છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

શહેરની વધતી Skyline નીચે એક શાંત ક્રાંતિ ચાલી રહી છે. આ માત્ર ઊંચા ક્રેન્સ અને ચળકતા ગ્લાસ ફસાડ વિશે નથી, પરંતુ તે જમીન વિશે છે જેના પર આ બધું ઊભું છે. સુરતના ડાયનામિક રિઅલ એસ્ટેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માર્કેટમાં — જ્યાં સુરત મેટ્રો જેવા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટથી લઈ હાઈ-ડેન્સિટી રેસિડેન્શિઅલ ટાવર્સ સુધીના વિકાસ થઈ રહ્યા છે — એક મોટો વ્યૂહાત્મક ફેરફાર જોવા મળે છે. આગાહી કરનારા ડેવલપર હવે જિયોટેકનિકલ અને મટીરિઅલ ટેસ્ટિંગને માત્ર નિયમનકારી ફરજ તરીકે નથી જોતા, તેઓ તેને એક મહત્વપૂર્ણ **ઇન્વેસ્ટમેન્ટ** તરીકે ઓળખી રહ્યા છે, જે પ્રોજેક્ટની નાણાકીય સફળતા અને લાંબા ગાળાની લેગેસી સાથે સીધી રીતે જોડાયેલ છે.

આ સુરત જેવા શહેર માટે ખૂબ જ જરૂરી છે, કારણ કે તે Tapi નદીના કિનારે વસેલું છે. અહીંની ભૂગોળીય માટી ખૂબ જ જટિલ છે — અલ્યુવિયલ ડિપોઝિટ્સ, સિલ્ટી ક્લે, સેન્ડી લેયર્સ અને કાળી માટીના ક્ષેત્રો સાથે, જે ઊંચા ફુલવા અને સંકોચન થવાની ક્ષમતા માટે જાણીતા છે. એટલે અહીં બાંધકામ **વન સાઈઝ ફિટ્સ ઓલ** નથી, પરંતુ જમીનની અનોખી લક્ષણોને ઊંડાણપૂર્વક સમજવાની જરૂર છે.

જમીનની રહસ્યમય વાતો : જીઓટેકનિકલ તપાસની શક્તિ

કોઈપણ ડિઝાઈન ફાઈનલ કરવા પહેલાં સૌથી જરૂરી સ્ટેપ છે **ડિટેલ જીઓટેકનિકલ ઈન્વેસ્ટિગેશન.** આ તમારા કન્સ્ટ્રક્શન સાઈટ માટે મેડિકલ ડાયગ્નોસિસ જેવી છે, જે છુપાયેલી પરિસ્થિતિઓ બતાવે છે જે પ્રોજેક્ટ બનાવી કે બગાડી શકે.

બોરહોલથી આગળ : આધુનિક જીઓટેકનિકલ તપાસમાં માત્ર એક બોરહોલ પૂરતું નથી. તેમાં સ્ટાન્ડર્ડ પેનેટ્રેશન ટેસ્ટ (SPT), કોન પેનેટ્રેશન ટેસ્ટ (CPT) અને લેબોરેટરી એનાલિસિસ જેવા અનેક ટેસ્ટનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, જો ડેવલપર 20 માળની ઈમારત બનાવવાનું વિચારે છે અને સર્વે વગર આગળ વધે, તો 10 મીટર નીચે અણધારી સોફ્ટ ક્લે મળી શકે છે, જેના કારણે સિંપલ ફાઉન્ડેશન બદલીને કોસ્ટલી પાઈલિંગ સિસ્ટમ કરવી પડે. જો સમયસર સર્વે થાય, તો બજેટ સ્પષ્ટ રહે અને પ્રી-પ્લાન્ડ ફાઉન્ડેશન સોલ્યુશન તૈયાર થઈ જાય.

(ભારતીય સ્ટાન્ડર્ડ કોડ IS 16700 અને IS 1892 મુજબ દરેક ટાવર માટે ઓછામાં ઓછા 3 બોરહોલ ફરજીયાત છે).

સુરતના ખાસ પડકારો : Tapi નદીની નજીકના પ્રોજેક્ટ્સ માટે ટેસ્ટિંગ દ્વારા ભૂકંપ સમયે સેન્ડી સોઇલની લિક્વીફેક્શન પોટેન્શિયલ જાણી શકાય છે. કાળા કપાસિયા માટીમાં વિકાસ માટે, તે મોઈશ્ચર બેરિયર્સ કે સ્પેશિયલ ફાઉન્ડેશન્સની જરૂરિયાત બતાવે છે, જેથી ફ્લોર અને દિવાલોમાં પડતા ક્રેક્સ અટકાવી શકાય. આ માત્ર સેફ્ટી માટે જ નહીં, પરંતુ મોંઘા સ્ટ્રક્ચરલ ફેલ્યોર ટાળવા માટે પણ જરૂરી છે.

ગુણવત્તાની સીલ : મટીરિઅલની અખંડિતતા સુનિશ્ચિત કરવી

પ્રોજેક્ટ એટલો જ મજબૂત હોય છે જેટલો તેનો સૌથી નબળો ઘટક. મજબૂત ફાઉન્ડેશન જેટલું જરૂરી છે, એટલું જ કોન્ક્રિટ અને સ્ટીલ જેવી સામગ્રીની ગુણવત્તા મહત્વપૂર્ણ છે. અણધાર્યા મિક્સ વાપરવાથી છુપાયેલા જોખમો ઊભા થઈ શકે છે.

સ્ટ્રેન્થનું વિજ્ઞાન : કૉન્ક્રિટની તાકાત એકસરખી નથી, તેને સતત ટેસ્ટ કરવી પડે. સુરતની સાઈટ પર, દરેક બેચમાંથી ક્યુબ સૅમ્પલ લઈને કૉમ્પ્રેશન ટેસ્ટ થાય છે. તેવી જ રીતે સ્ટીલ રીબારનું ટેન્સાઇલ ટેસ્ટિંગ થાય છે, જેથી તેનું યીલ્ડ સ્ટ્રેન્થ અને ડક્ટિલિટી ચકાસી શકાય. જો ડેવલપર આને અવગણે, તો ઇમારતના મહત્વના બીમ નબળી સામગ્રીથી બને અને આખા સ્ટ્રક્ચરનું મૂલ્ય અને સલામતી જોખમાય.

લાંબા ગાળાની ટકાઉપણું : સુરતના નવા રોડ અને ફ્લાયઓવર્સ માટે મટિરિઅલ ટેસ્ટિંગ ખાતરી કરે છે કે આસ્ફાલ્ટ મિશ્રણ ભારે વરસાદ અને ટ્રાફિકનો સામનો કરી શકે. બિટુમેન પેનેટ્રેશન ટેસ્ટ અને માર્શલ સ્ટેબિલિટી ટેસ્ટ વડે મજબૂત સપાટી બને છે, જે રટિંગ અને ક્રેકિંગથી બચાવે છે. આ સીધા જ મેન્ટેનન્સ ખર્ચ ઘટાડે છે અને શહેર માટે ઊંચી ગુણવત્તાનો એસેટ આપે છે.

ROI સમીકરણ : ખર્ચથી કોમ્પેટિટિવ એડવાન્ટેજ સુધી

આ અભિગમની સાચી અસર નફામાં દેખાય છે. જીઓટેકનિકલ અને મટીરિઅલ ટેસ્ટિંગ ખર્ચ નહીં પરંતુ **સ્ટ્રેટેજિક ઇન્વેસ્ટમેન્ટ** છે.

1. ખર્ચમાં આગાહી ક્ષમતા : શરૂઆતમાં જ સંભવિત સમસ્યાઓ ઓળખીને પ્રોજેક્ટને નાણાકીય જોખમમાંથી આગાહીક્ષમ અને નિયંત્રિત બજેટવાળું બનાવે છે.

2. એસેટની કિંમતમાં વધારો : પ્રમાણિત અને ટેસ્ટેડ બિલ્ડિંગ માર્કેટમાં પ્રિમિયમ મેળવે છે. ખરીદદારો અને ઇન્વેસ્ટર્સ સ્ટ્રક્ચરલી સાઉન્ડ એસેટ માટે વધારે ચૂકવણી કરવા તૈયાર હોય છે.

3. વિશ્વાસનું બ્રાન્ડ બનાવવું : સેફ, રિલાયેબલ અને લાંબા ગાળે ચાલે એવા પ્રોજેક્ટ્સ સતત આપવા વાળો ડેવલપર માર્કેટમાં અગ્રેસર બને છે.

અંતમાં કહું તો, જેમ જેમ સુરત ઝડપથી અર્બન ડેવલપમેન્ટની સફરમાં આગળ વધી રહ્યું છે, તેમ તેના ભવિષ્યને ઘડનારા પ્રોજેક્ટ્સ એ જ હશે, જે માત્ર મહત્ત્વાકાંક્ષા પર નહીં, પણ સ્માર્ટ ટેસ્ટિંગની વૈજ્ઞાનિક ચોકસાઈ પર બનેલા હશે. આ સલામતીમાં ઇન્વેસ્ટમેન્ટ છે, ગુણવત્તાની ગેરંટી છે અને સૌથી મહત્વનું — લાંબા ગાળાના નફાનો મજબૂત આધાર છે.

ISO/IEC 17025 Accredited Testing Laboratory by NABL vide Certificate Number TC-14449

PRAMUKH TEST HOUSE
PTH CONSULTANCY SERVICES LLP
"GEO-Technical Design Consultancy (Diaphragm Wall Design)"

OUR SERVICES :
- GEOTECHNICAL INVESTIGATION (SOIL TESTING)
- CONCRETE MIX DESIGN
- BUILDING MATERIAL TESTING (PHYSICAL & CHEMICAL)
- ROAD MATERIAL TESTING
- NON-DESTRUCTIVE TESTING
- GEOTECHNICAL DESIGN CONSULTANCY
  - DIAPHRAGM WALL (DWALL) DESIGN
  - SECANT PILE DESIGN
  - CONTEGIOUS PILE (TOUCH PILE) DESIGN
  - SLOPE STABILITY ANALYSIS & OTHER RETAINING STRUCTURE DESIGN

CONTACT US : PRAMUKH TEST HOUSE
PLOT NO. 40/1, Manshukh Nagar, Nana Varachha, Surat-395006, Gujarat.
Phone : +91 99099 31937
Email : pthlab.surat@gmail.com
Visit us at www.pramukhtesthouse.in

INQUIRY :
- Sales & Marketing : 90163 29736
- For Dwall/Touchpile Design : 85115 03332
- Technical Queries Regarding Building Material : 97247 89693
- Technical Queries Regarding Geotechnical Investigation : 95868 60853

The Institute of Civil Engg. & Arch. SURAT ICEA

स्थापत्य®
6 7 8 9 FEBRUARY 2026

28 EDITION

South Gujarat's Foremost
Exhibition of Building Materials
Architectural - Interior
Innovations & Products

DATE:
February 6-7-8-9, 2026

VENUE:
SIECC, Sarsana, Surat

BOOK YOUR STALL NOW

- Connect with Thousands of Visitors - B2B & B2C Both
- Meet Top Architects, Builders, Designers & Developers
- Launch New Products To Your Targeted Audience
- Build Strong Brand Visibility In Western India
- Network With Decision-makers From Across The Country

Book Now & Get Noticed By
The Industry's Finest!

Avail Up to 80% SUBSIDY
ON YOUR BOOKING

REGISTERED WITH "MSME" IN MANUFACTURE &
SERVICES SECTOR CAN GET BENEFIT OF SCHEME*

For More Info &stall Booking Contact
+91 98244 99477 | 98244 99466 | 98244 99455

Scan to Download Brochure for more details

Organised By ICEA
The Institute of Civil Engineers & Architects, Surat

* terms and conditions apply

Bigger. Bolder. Better Than Ever.

PROJECT BY
SQUARELINK
REALTOR

મારુતિ ઈન્ડસ્ટ્રીયલ

આજ નું કરેલું સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ બની શકે છે આવતીકાલ નું સુરક્ષિત ભવિષ્ય મારુતિ ઈન્ડસ્ટ્રીયલ સાથે.

તમારા બિઝનેસ માટે સૌથી સારી કનેક્ટિવિટી ધરાવતું અને અફોર્ડેબલ ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટ.

તમારા બિઝનેસ માટે ઝડપી ગ્રોથ અને ઈન્વેસ્ટમેન્ટ રિટર્ન માટે પરફેક્ટ પસંદગી

૭૩ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ્સ – વ્યાવસાયિક અને સુવ્યવસ્થિત પ્લાનિંગ

દર મહિને ૫૦ થી ૬૦ પૈસા સુધીની ભાડાની આવક

-: આધુનિક સુવિધાઓ :-

૧૨ મીટર : ૧૮ મીટર પહોળા RCC રોડ

અન્ડરગ્રાઉન્ડ પાવર સપ્લાય

સ્ટ્રીટ લાઈટ્સ

મજબૂત બાઉન્ડરી વોલ

મોડર્ન અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ સિસ્ટમ

આકર્ષક એન્ટ્રી ગેટ

કિમ ચોકડી : સુરત-મુંબઈ હાઈવે – ફક્ત ૧૦ મિનિટ ★ કિમ રેલવે સ્ટેશન – ફક્ત ૮ મિનિટ ★ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે – ફક્ત ૧૫ મિનિટ

- પ્રોજેક્ટ લોકેશન -
Block No. 94, કિમામલી, કીમ વડોલી રોડ, જી. સુરત

- Contact No -
90990 71707 / 90998 69500

- ઓફિસ એડ્રેસ -
૨૬૩/૨૬૪, રાજ ઇમ્પેરિયા, વ્રજ ચોક, સરથાણા, સુરત.

SHABMMAના રક્તદાન મહાશિબિરમાં 382 યુનિટ રક્ત એકત્રિત કર્યું

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરત હાર્ડવેર એન્ડ બિલ્ડીંગ મટિરીઅલ મર્ચન્ટ એસોસિએશન (SHABMMA) દ્વારા લોકસમર્પણ રક્તદાન કેન્દ્ર, વરાછા ખાતે રવિવારે 5મું રક્તદાન મહાશિબિર યોજાયું હતું. સવારે 11 વાગ્યાથી સાંજે 5.30 વાગ્યા સુધી ચાલેલા આ સામાજિક સેવા કાર્યક્રમમાં શહેરના વેપારીઓ, હોલસેલર, ડીલર, રિટેલર તથા તેમના પરિવારજનો અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ શિબિરમાં કૂલ 382 યુનિટ રક્તનું દાન થયું હતું. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દીપપ્રજ્વલનથી થઈ હતી, જેના દ્વારા માનવતા અને સેવા ભાવનાનો સંદેશ આપવામાં આવ્યો હતો. SHABMMAના સભ્યો અને કમિટી દ્વારા આયોજન, ડોક્યુમેન્ટેશન અને મેનેજમેન્ટમાં તનતોડ મહેનત કરવામાં આવી હતી, જ્યારે લોકસમર્પણ રક્તદાન કેન્દ્રની ટીમે બ્લડ ડોનેશનની જવાબદારી સુવ્યવસ્થિત રીતે નિભાવી હતી.

SHABMMAમાં મેમ્બર્સ હંમેશાં આવી સેવાભાવી પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહે છે અને સામાજિક કાર્યોમાં સતત યોગદાન આપતા આવ્યા છે. રક્તદાન જેવી મહાદાન પ્રવૃત્તિઓથી લઈને અન્ય સેવાકીય કાર્યો સુધી, એસોસિએશન સમાજમાં માનવતા અને આવા ઉમદા કાર્યો વિષે જાગૃતિ લાવવાની દિશામાં આગવું કાર્ય કરી રહ્યું છે.

એસોસિએશનના અગ્રણીઓએ પણ આ અવસર પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. **ચેરમેન શ્રી રમેશભાઇ ભુટાણી**એ જણાવ્યું હતું કે, "SHABMMA દર વર્ષે આવી સેવાભાવી પ્રવૃત્તિઓનું આયોજન કરે છે અને સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવશે." પ્રમુખ શ્રી કિરીટભાઈ પટેલે રક્તદાનને "મહાદાન" ગણાવતાં સૌને વધુમાં વધુ જોડાવાનું આહવાન કર્યું હતું. જ્યારે **સેક્રેટરી શ્રી દિલીપભાઈ પટેલે** જણાવ્યું હતું કે, "બીજાના દુઃખને ઓળખવું એ જ સાચી માનવતા છે, રક્તદાન એ સર્વોત્તમ દાન છે."

દરેક રક્તદાતાને પ્રમાણપત્ર સાથે હેલ્મેટ ભેટ આપવામાં આવ્યા હતા, જે સુરક્ષાનું પ્રતીક બનીને તેમના સેવાભાવનું સન્માન કરી રહ્યાં હતાં.

અગાઉના રેકોર્ડ્સ મુજબ SHABMMA દર વર્ષે નવી સિદ્ધિ હાંસલ કરી રહ્યું છે :

- 2020 - 344 યુનિટ બ્લડ + 11 પ્લાઝ્મા
- 2022 - 240 યુનિટ બ્લડ
- 2023 - 285 યુનિટ બ્લડ
- 2024 - 351 યુનિટ બ્લડ
- 2025 - 382 યુનિટ બ્લડ (નવી સિદ્ધિ)

આ વખતે SHABMMAના સભ્યો દ્વારા વધેલા ઉત્સાહે નવો રેકોર્ડ સ્થાપિત થયો છે. એસોસિએશનના આગેવાનોનું માનવું છે કે સુરતની અન્ય સંસ્થાઓએ પણ આવી પ્રેરણા લઈને નિયમિત રક્તદાન શિબિર યોજવી જોઇએ, જેથી શહેરમાં કદી રક્તની અછત ન રહે. SHABMMAનું આ 5મું રક્તદાન મહાશિબિર માત્ર એક આંકડાકીય સિદ્ધિ નથી, પરંતુ સુરતના વેપારી સમાજની માનવતાપ્રત્યેની પ્રતિબધ્ધ્તાનું પ્રતિક છે. આવી પહેલો દ્વારા જીવ બચી શકે છે અને માનવતાનો સંદેશ વ્યાપક બને છે. SHABMMAએ ફરી એકવાર દર્શાવ્યું છે કે એકતા અને સેવા ભાવના સાથે કાર્ય કરીએ તો સમાજમાં સકારાત્મક પરિવર્તન શક્ય છે.

SCAN QR TO KNOW MORE

bronco®
build smart

ISO 9001:2015
IS 15477
CM/L-7200144296

Trusted Choice for Iconic Projects of Surat.

For Sales Enquiry: +91 88660 71009

OUR PRODUCTS

Tile Adhesives & Plasters	Repair & Rehabilitation
Waterproofing	Engineer Grouts
Concrete Admixture & Flooring	Expansion & Construction Joint System

BRONCO BUILDWELL PVT. LTD.
213-215, Symmers Business Park, B/w. Sarkhej-Shantipura Cross road, Opp. Hotel Yellow Lime, Sarkhej, Ahmedabad-382210
M: +91 88660 71009 | www.bronco.in | E: info@bronco.in

દેશની બીજી સૌથી મોટી પેઇન્ટ ઉત્પાદક કંપની બર્જર પેઇન્ટ્સનું 2030 સુધીમાં ₹20,000 કરોડના ટર્નઓવરનું લક્ષ્ય

દેશની બીજી સૌથી મોટી પેઇન્ટ ઉત્પાદક કંપની, બર્જર પેઇન્ટ્સ ઇન્ડિયા, 2030 સુધીમાં ₹20,000 કરોડના ટર્નઓવરનું કરવાનું લક્ષ્ય રાખ્યું છે. ડેકોરેટિવ પેઇન્ટ્સ, કન્સ્ટ્રક્શન કેમિકલ્સ અને ઇન્ડસ્ટ્રીઅલ કોટિંગ્સમાં મજબૂત વૃદ્ધિને કારણે, કંપનીએ 7% થી વધુ વૉલ્યુમ વૃદ્ધિ અને નફામાં વધારા સાથે 20% બજાર હિસ્સો જાળવી રાખ્યો છે. નવીનતા, ડિજિટલાઇઝેશન અને નેટવર્ક વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરીને, રો-મટિરિઅલના સતત વધતાં ભાવો છતાં બર્જરે ઉત્પાદનના ભાવ સ્થિર રાખીને તેની બજારમાં હાજરીને મજબૂત બનાવી રહ્યું છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

દેશની બીજી સૌથી મોટી પેઇન્ટ ઉત્પાદક, બર્જર પેઇન્ટ્સ ઇન્ડિયા લિમિટેડ, 2030 સુધીમાં ₹20,000 કરોડના ટર્નઓવરના લક્ષ્યને હાંસલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. કંપની આ લેન્ડમાર્ક સુધી પહોંચવા માટે ડેકોરેટિવ પેઇન્ટ્સ, કન્સ્ટ્રક્શન કેમિકલ્સ અને ઇન્ડસ્ટ્રીઅલ કોટિંગ્સમાં વૃદ્ધિ પર આધાર રાખી રહી છે.

૧૦૧મી AGMમાં બોલતા, **મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ અભિજીત રોયે** આર્થિક અસ્થિરતાઓ અને તીવ્ર સ્પર્ધા વચ્ચે બર્જરની મજબૂતી પર ભાર મૂક્યો હતો. કંપનીએ ગયા વર્ષે ૭%થી વધુ વૉલ્યુમ વૃદ્ધિ અને મજબૂત ઓપરેટિંગ નફો નોંધાવ્યો હતો, જ્યારે ઓર્ગેનાઇઝ્ડ પેઇન્ટ બજારમાં ૨૦% હિસ્સો જાળવી રાખ્યો હતો.

રોયે JSW દ્વારા અક્ઝો નોબેલના કોટિંગ્સ બિઝનેસ એક્વીઝીશન અંગે ચિંતાઓને ઓછી મહત્વપૂર્ણ ગણાવી હતી, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે બર્જર બજાર હિસ્સો વધારવા અને નફાકારકતાને મજબૂત બનાવવા પર ધ્યાન આપવાનું ચાલુ રાખશે. "અમારી મહત્વાકાંક્ષા 2030 સુધીમાં ₹20,000 કરોડનું ટર્નઓવર પાર કરવાની છે, જેને અનેક સેગમેન્ટમાં તકો દ્વારા સમર્થન મળી રહ્યું આવ્યું છે," તેમણે કહ્યું.

બર્જર કન્સ્ટ્રક્શન કેમિકલ્સ અને વોટરપ્રૂફિંગમાં ત્રીજા ક્રમના સૌથી મોટા પ્લેયર તરીકે ઉભરીને હરીફોને પાછળ છોડી દીધા છે, જ્યારે પ્રોટેક્ટિવ કોટિંગ્સ અને ઈન્ડસ્ટ્રીઅલ સેગમેન્ટમાં લીડરશીપ જાળવી રાખી છે. ભારતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પુશ અને 'મેક ઇન ઇન્ડિયા' પ્રોગ્રામથી માંગમાં વધુ વધારો થવાની અપેક્ષા છે.

કંપની નવીનતા, ઝડપી ડિજિટલાઇઝેશન અને નેટવર્ક વિસ્તરણ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, ખાસ કરીને શહેરી બજારોમાં. મટિરિઅલના ભાવ વધવા છતાં, બર્જરે ઉત્પાદનના ભાવ સ્થિર રાખ્યા છે, હાઈ ઇનપુટ ખર્ચને અન્ય મટિરિઅલના નરમ ભાવ સાથે સંતુલિત કર્યા છે.

"અમે માંગ અને ખર્ચની ગતિવિધિઓ પર કાળજીપૂર્વક નજર રાખી રહ્યા છીએ. જ્યારે માંગ વિવિધ પ્રદેશોમાં બદલાય છે, ત્યારે અમને સતત વૃદ્ધિનો વિશ્વાસ છે," રોયે નોંધ્યું.

મજબૂત ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક અને વ્યૂહાત્મક પહેલો ચાલુ હોવાથી, બર્જર તેના 2030ના વિઝન તરફ કામ કરતી વખતે સ્વસ્થ વૃદ્ધિના બીજા વર્ષની અપેક્ષા રાખે છે.

એકઝો નોબેલ ઇન્ડિયામાં 75% હિસ્સેદારી મેળવવા JSW પેઇન્ટ્સને CCIની મંજૂરી

યુગેન રિઅલ્ટી, સુરત.

The Competition Commission of India - ભારતની પ્રતિસ્પર્ધા આયોગ (CCI) એ JSW પેઇન્ટ્સ દ્વારા એકઝો નોબેલ ઇન્ડિયામાં 75 ટકા સુધી હિસ્સેદારી મેળવવાની પ્રસ્તાવિત ડીલને મંજૂરી આપી છે. જૂનમાં JSW પેઇન્ટ્સે લગભગ ₹9,000 કરોડમાં 74.76 ટકા હિસ્સેદારી ખરીદવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ જાહેર શેરધારકો પાસેથી વધારાના 25 ટકા હિસ્સેદારી માટે ₹4,000 કરોડ સુધીનું ફરજીયાત ઓપન ઓફર કરવાની યોજના જાહેર કરી હતી.

CCI મુજબ આ ખરીદી શેર પરચેઝ એગ્રીમેન્ટ તથા ફરજીયાત ઓપન ઓફર દ્વારા પૂર્ણ થઈ શકે છે. ડીલ પૂરી થયા બાદ JSW પેઇન્ટ્સ દેશના પેઇન્ટ ઉદ્યોગમાં ચોથા નંબરનો સૌથી મોટો ખેલાડી બની જશે.

JSW પેઇન્ટ્સ, સાજન જિંદાલના નેતૃત્વ હેઠળના JSW ગ્રુપનો એક ભાગ છે. કંપની "Think Beautiful" ફિલસૂફી હેઠળ નવીનતા અને ગ્રાહક કેન્દ્રિત ઉત્પાદનો માટે જાણીતી છે. 2019 માં લોન્ચ થયેલી JSW પેઇન્ટ્સે ઝડપથી બજારમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

એક સદીથી વધુ સમયથી, પેઇન્ટ ઉદ્યોગમાં વચનો મોટે ભાગે મૌખિક હતા - ગુણવત્તા અને સેવાની વાત આવે ત્યારે ગ્રાહકો માટે વિશ્વાસનો છલાંગ. આદિત્ય બિરલા ગ્રુપના ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ હેઠળ બિરલા ઓપસ પેઇન્ટ્સ, એક ક્રાંતિકારી પહેલ સાથે તેને બદલી રહી છે: બિરલા ઓપસ એશ્યોરન્સ. ભારતમાં આ પ્રકારનું પ્રથમ લેખિત વચન ગેરંટી આપે છે કે જો અરજીના એક વર્ષની અંદર પેઇન્ટને કંઈ થાય છે, તો કંપની અસરગ્રસ્ત વિસ્તારને સંપૂર્ણપણે મફતમાં ફરીથી રંગશે, જેમાં સામગ્રી અને મજૂરીનો સમાવેશ થાય છે.

સુશોભિત પેઇન્ટ ક્ષેત્રમાં તેની મજબૂત હાજરીના આધારે, બિરલા ઓપસ પેઇન્ટ્સે ઉત્પાદનની ગુણવત્તા અને ગ્રાહક સંતોષમાં તેના વિશ્વાસને રેખાંકિત કરવા માટે આ પહેલ શરૂ કરી છે. એક વર્ષની રિપેઇન્ટિંગ વોરંટી તમામ હવામાન પરિસ્થિતિઓનો સામનો કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે, જે ઋતુઓ દરમિયાન ટકાઉપણું અને પ્રદર્શન સુનિશ્ચિત કરે છે. આ ખાતરી હાલની પ્રોડક્ટ વોરંટી ઉપરાંતની વધારાની ગેરંટી છે, જે બિરલા ઓપસ પેઇન્ટ્સની વિશ્વસનીયતા અને ગ્રાહક માનસિક શાંતિ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

આ ઝુંબેશમાં લોકપ્રિય બ્રાન્ડ એમ્બેસેડર વિકી કૌશલ અને રશ્મિકા મંદન્ના, રણવીર શોરી, મુરલી શર્મા, સીમા પાહવા અને જાવેદ જાફરી જેવા પ્રતિભાશાળી કલાકારો શામેલ છે. આ ફિલ્મો સર્જનાત્મક રીતે રમૂજ અને ખાતરીનું મિશ્રણ કરે છે, સાથે જ બિરલા ઓપસ પેઇન્ટ ઉત્પાદનોની ભલામણ કરવા બદલ ડિઝાઇન અને બાંધકામ સમુદાયનો આભાર પણ માને છે. આમ કરીને, આ ઝુંબેશ બ્રાન્ડની વિશ્વસનીયતાને મજબૂત બનાવે છે અને તેને ખરેખર ગ્રાહક-કેન્દ્રિત કંપની તરીકે સ્થાન આપે છે.

આ પહેલ વિશે બોલતાં, **બિરલા ઓપસ પેઇન્ટ્સના સીઈઓ રક્ષિત હરગવેએ** જણાવ્યું હતું કે, "અમારી 'બિરલા ઓપસ એશ્યોરન્સ' અમારા ઉત્પાદનોની અસાધારણ ગુણવત્તામાં અમારી ઊંડી શ્રદ્ધાને પ્રતિબિંબિત કરે છે. ઘર રંગવાનું એક મહત્વપૂર્ણ નિર્ણય છે, અને આ ખાતરી સંપૂર્ણ માનસિક શાંતિ પ્રદાન કરે છે." **માર્કેટિંગ હેડ ઇન્દરપ્રીત સિંહે** ઉમેર્યું, "આ ઝુંબેશ આત્મવિશ્વાસનું એક બોલ્ડ નિવેદન છે, અને તેના દ્વારા, અમે એક એવી બ્રાન્ડ બનાવી રહ્યા છીએ જે તેના શબ્દ પર ખરા ઉતરે છે."

બોલીવૂડ સ્ટાર વિકી કૌશલે શેર કર્યું, "આ ક્રાંતિકારી ઝુંબેશ માટે બિરલા ઓપસ પેઇન્ટ્સ સાથે મારો જોડાણ ચાલુ રાખવા માટે હું રોમાંચિત છું. આ એક બોલ્ડ પહેલ છે જે ઘરમાલિકો સાથે પડઘો પાડશે." ભારતભરની સ્ટાર રશ્મિકા મંડન્નાએ ઉમેર્યું, "હું હંમેશા ગુણવત્તા અને વિશ્વસનીયતા બંને પ્રદાન કરતી પસંદગીઓમાં વિશ્વાસ રાખું છું. બિરલા ઓપસ એશ્યોરન્સ આ માન્યતાને પ્રતિબિંબિત કરે છે, અને મને તેનો ભાગ બનવાનો ગર્વ છે."

આ ઝુંબેશને ટીવી, ડિજિટલ અને પ્રિન્ટમાં અનેક ભાષાઓમાં વિસ્તૃત કરવામાં આવશે, જેનો ઉદ્દેશ્ય ગ્રાહકોનો વિશ્વાસ વધારવા અને ટ્રાયલ્સને પ્રોત્સાહન આપવાનો છે. બિરલા ઓપસ એશ્યોરન્સ સાથે, તમારા ઘરને રંગવાનું હવે વિશ્વાસની છલાંગ નથી - તે એક એવી બ્રાન્ડ દ્વારા સમર્થિત વચન છે જે તમારી માનસિક શાંતિને પ્રાથમિકતા આપે છે.

વધુ માહિતી માટે, ગ્રાહકો સુરતના વેસુ ખાતે આવેલા બિરલા ઓપસ એક્સપીરિયન્સ સેન્ટરની મુલાકાત લઈ શકે છે અને આ ઇન્શ્યોરન્સને વ્યક્તિગત રીતે સમજી શકે છે.

Premium Office Spaces | Retail Showrooms | Co-Working Zones



Vesu, Piplod, Surat

Sarthana Jakatnaka, Surat

Sarthana Iconic Road, Surat

Lifestyle Features

High-Speed Elevators & 24x7 Power Backup | 24x7 Security & CCTV Surveillance | Grand Double-Height Entrance Lobby

Food Court & Cafeteria Spaces | Dedicated Parking with EV Charging Points | Premium Business Lounge & Conference Rooms

Location Advantages

Surat Airport in 10 min | Dumas Beach in 15 min | Iskcon Temple 25 min | Textile market 25 min | Diamond Bourse 25 min | Railway Station 30 min

+91 9825256563 | www.riseongroup.in

RFC, near Rajoo India Show Room, Maharana Pratap Road, Vesu, Piplod, Surat

SHREE RIDDHI
CORPORATION

Building with Precision. Strengthening with Trust. Delivering with Expertise.

1 Crore+ Sq. Ft. Built. 17+ Years of Trust. Countless Landmarks Ahead.

Presence Across Gujarat □ Surat | Ahmedabad | Vadodara | Valsad | Pan-Gujarat

Your Construction Partner for Every Vision.

Residential | Commercial | Public Buildings | Government Projects

The Smarter Choice in Construction: Why Us?

PROJECT PORTFOLIO

- 14+ High-Rise Residential Developments
- 5 Landmark Commercial Projects
- 6+ Government & Redevelopment Projects
- 9+ Public & Community Infrastructure Projects

On-Time, On-Budget
Proven systems that ensure timely delivery without cost overruns.

Skilled Team & Modern Technology
Expert engineers, architects and managers delivering world-class standards.

Peace of Mind
You dream it, we build it. Focus on your vision while we take care of execution.

Hassle-Free Compliance
All legal permits, safety measures, and regulations are seamlessly handled.

End-to-End Expertise
Complete construction solutions, from planning to project handover all under one roof.

Trusted By Renowned Clients:

Roongta Developers | PRAMUKH | nova | SHILALEKH GROUP | VEER GROUP | વેદાંત GROUP | ROYCCE REALTY | ADINATH JAIN TRUST | SIDDHI INFRALINK | VASUPUJYA GROUP | Shyam | KALAMANDIR

SHREE RIDDHI CORPORATION

CONTACT: +91 9099 198198
riddhiprojects09@gmail.com

D-202, Aagam Shopping World, 2nd VIP Road, Vesu, Surat - 395007

SHREE RIDDHI
CORPORATION

BUILD YOUR DREAMS. LIVE YOUR LEGACY. GROW YOUR BUSINESS.

Book Now
96247 38900

WHITE WINGS GROUP we transform space

MĀJORIS

Surat's Centrally Located Premium Commercial Hub

Landmark address in the heart of Surat at Majura Gate Prime Location

Unsurpassed Connectivity : Located at a five-road junction, next to metro station.

Ideal for high-end offices, retail & lifestyle businesses

Features like high ceilings, a stretcher lift, and 24-hour security ensure environment.

Majoris Offers Strong Appreciation Potential & High Rental Yield from a reputed hospital.
Enjoy assured net rent with zero maintenance with NO SMC Tax

PROJECT BY
WHITE WINGS GROUP We transform space
PRESENTS

WHITE WINGS VIVAAN RESIDENCY

NEAR VIVEKANAND COLLEGE, NR. 90 MTR OUTER RING ROAD, BESIDE SAROLI JAHANGIRPURA 90 MTR BRIDGE ROAD, SURAT.

Book Now
93161 99811

Premium Residential Plots
Develop your Dream Home in a Serene and Thriving Community.

Designed with Elegance
Adorned with Lush Greenery and a Grand Entry Gate

A Lifestyle Destination
A Perfect Blend of Comfort, Convenience, and Natural Beauty.

LOCATION
Drone Shoot

1 km Vivekanand College
2 km Iscon Circle
3 km Akshardham Mandir

20x40 Row House Open Size

LOAN SERVICE AVAILABLE

WHITE WINGS GROUP we transform space

WHITE WINGS ATULYA BUSINESS PARK

IDEAL FOR

BEST SPACE FOR INVESTMENT

Textile - Business Houses | Warehouses
Stitching & Packaging Units | Jari Udhyog
Rental House | Digital Print House | Transport House
Embroidery Works | Electronic Assembly Units
IT Park | Small IT Back-end Offices

LOCATION
DRONE SHOOT

Near Mansi Residency, Beside Pramukh Park Bridge, 45m CR Patil Road, Opp. Vari Gruh BRTS, Dindoli, Surat.

Book Now
+91 93167 22742

WHITE WINGS GROUP we transform space

MEMBER OF CREDAI SURAT SGCCI

www.whitewingsgroup.com

HEAD OFFICE
White Wings Group, Torrance,
B-302, GD Goenka Road, Opp. Riga St.,
Vesu, Surat - 395007. Gujarat

INQUIRY CONTACT 98240 99444 | 99240 33666

ANTHEMS
BUSINESS PARK

એન્થમ બિઝનેસ પાર્ક

હવે તૈયાર છે, ફર્નિચર અને ઈન્ટિરિયર ઉદ્યોગકારો માટે ખાસ,

ખુલ્લા પ્લોટ

ફર્નિચર, ઈન્ટિરિયર ડિઝાઇન, હોમ ડેકોર, ગોડાઉન
અને ઓફિસ સોલ્યુશન્સ બધું એક જ સ્થળે

ભટાર રોડ પર OPEN PLOTS

OPP. BIO-DIVERSITY PARK, NEAR BHATAR ROAD, BAMROLI 63581 84965

સચિન અને પરબ કરતા સસ્તું

એરજેટ હોય કે વોટરજેટ
બન્ને માટે શ્રેષ્ઠ જગ્યા

anthems
FABRIC PARK
હલધરું / પાલી

ઈન્ડસ્ટ્રીયલ ઓપન પ્લોટ

- NA પ્લાન પાસ
- તરત બાંધકામ ની પરમિશન
- RCC રોડ અને Underground ડ્રેનેજ લાઈન

Plot Size : 20 x 125 / 34 x 125

પરબથી હલધરું રોડ, હલધરું.

63583 24208 | 63583 24217